પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૯-૦૨-૨૦૨૬-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૫૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ઓમ બિરલા સામે વિપક્ષ અવિશ્વાસ પ્રસ્તાવ લાવશે

## લોકસભા વિપક્ષ નેતા રાહુલ ગાંધીને બોલવા નહીં દેવાના મુદ્દે વિપક્ષી દળોનું તોફાન : બપોર સુધી ગૃહની કાર્યવાહી મોકુફ

નવી દિલ્હી, તા. ૯

વિપક્ષ લોકસભા સ્પીકર ઓમ બિરલા વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકે છે. ન્યૂઝ એજન્સી એ સૂત્રોને ટાંકીને આ માહિતી આપી છે. આ પહેલા બજેટ સત્રના ૯મા દિવસે એટલે કે સોમવારની શરૂઆત હોબાળા સાથે થઈ. વિપક્ષ રાહુલ ગાંધીને બોલવા દેવાની માંગ કરી રહ્યો છે. લોકસભા સ્પીકરે કહ્યું કે પ્રશ્નકાળ પછી પોતાની વાત રજૂ કરો. વિપક્ષના નેતાઓ આ પછી પણ માન્યા નહીં અને હોબાળો ચાલુ રાખ્યો.

આ પછી લોકસભા સ્પીકરે સંસદને ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી. આ પહેલા તેને ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. શુક્રવારે ૮મા દિવસે ભારે હોબાળાને કારણે સભા ત્રણ વખત સ્થગિત કરવામાં આવી હતી. રાજ્યસભામાં પણ સોમવારે હોબાળાની શક્યતા છે.

શુક્રવારે રાજ્યસભામાં પણ પ્રશ્નકાળ દરમિયાન વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે અને કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ વચ્ચે રાજ્ય મંત્રી રવનીત સિંહ બિટ્ટુને લઈને તીખી દલીલ થઈ હતી.

બિટ્ટુ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ ગયા હતા. આ પહેલા સંસદ પરિસરમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ તેમને ગદ્દાર કહ્યા હતા, જેના પછી વિવાદ થયો હતો.

સંસદમાં વિપક્ષનો હોબાળો ચાલુ છે, રાહુલ ગાંધીને બોલવા દેવાની સતત માગ કરવામાં આવી રહી છે. શશિ થરૂરને બોલવા માટે સ્પીકરે કહ્યું પરંતુ વિપક્ષના સાંસદો રાહુલ ગાંધીને બોલવા દેવા માટે માગ કરી રહ્યા છે.

બપોરે ૧૨ વાગ્યાથી સંસદની કાર્યવાહી સુચારુ રૂપે શરૂ થઈ ગઈ છે. પ્રશ્નકાળ ચાલી રહ્યો છે. આ પહેલા હોબાળાને કારણે સંસદ ૧૧ વાગ્યે સ્થગિત કરી દેવામાં આવી હતી.

૧૧ વાગ્યે લોકસભાની કાર્યવાહી શરૂ થઈ. વિરોધ પક્ષના સાંસદોએ જોરદાર હોબાળો અને સૂત્રોચ્ચાર કર્યા. વિરોધ પક્ષના સાંસદો રાહુલ ગાંધીને બોલવા દેવાની માંગ કરી રહ્યા હતા.

હોબાળો જોઈને સ્પીકરે ગૃહની કાર્યવાહી ૧૨ વાગ્યા સુધી મુલતવી રાખી. લોકસભાની કાર્યવાહી માત્ર ૬ મિનિટ ચાલી હતી.

# રાયબરેલીમાં પગપાળા જતી સાત યુવતીઓને કારે કચડી : ચારનાં મોત



### ગંગા એક્સપ્રેસ વે પર ભંડારામાંથી પરત ફરતી યુવતીઓ પર કાર કાળ બનીને ત્રાટકી : ત્રણ ગંભીર

નવી દિલ્હી, તા. ૯

: ઉત્તર પ્રદેશના રાયબરેલીમાં ગંગા એક્સપ્રેસ-વે પર રવિવારે રાત્રે એક કાળજું કંપાવનારી ઘટના બની છે. એક બેકાબૂ કારે ભંડારામાંથી પરત ફરી રહેલી ૭ યુવતીઓને કચડી નાખી હતી, જેમાં એક કિશોરી સહિત ૪ લોકોના કરુણ મોત નીપજ્યા છે.

રાયબરેલી જિલ્લામાં ગંગા એક્સપ્રેસ-વે પર સુલતાનપુર જનૌલી પાસે રવિવારે રાત્રે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. જગતપુરના કોડર ગામની સાત યુવતીઓ અને મહિલાઓ ચૂલી ગામમાં આયોજિત ભંડારામાં પ્રસાદ લઈને પગપાળા ઘરે પરત ફરી રહી હતી ત્યારે પાછળથી આવતી એક પૂરઝડપે કારે તેમને અડફેટે લીધી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે બે યુવતીઓ - હિમાંશી (ઉ.૨૩) અને શાલીની (ઉ.૨૨) ના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે આસમા (ઉ.૨૨) અને રશ્મિ (ઉ.૧૪) એ હોસ્પિટલમાં દમ તોડ્યો હતો.

અકસ્માત બાદ સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ગ્રામજનોનો આરોપ છે કે અકસ્માતની સૂચના આપ્યાના અડધા કલાક પછી એમ્બ્યુલન્સ

અનુસંધાન પાના ૭ પર

# જાપાનમાં તાકાઈચીની પાર્ટીનો ૪૬૫ પૈકીની ૩૧૦ બેઠક પર ભવ્ય વિજય

### જાપાનના વડાપ્રધાન ડાકાઈચીને વડાપ્રધાન મોદીએ અભિનંદન પાઠવ્યા

નવી દિલ્હી, તા. ૯

જાપાનમાં રવિવારે યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં વડાપ્રધાન સાને તકાઈચીની લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (LDP) એ ભવ્ય વિજય મેળવ્યો છે.NHK વર્લ્ડના અહેવાલ મુજબ અત્યાર સુધીમાં LDP એ ૪૬૫ માંથી ૩૧૦થી વધુ બેઠકો પર જીત મેળવી છે, જે બહુમતી માટે જરૂરી ૨૩૩ બેઠકો કરતાં ઘણી વધારે છે.તકાઈચીની જીત પર ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને અભિનંદન પાઠવ્યા છે. તેમણે ઠ પર પોસ્ટ કરીને કહ્યું કે મને વિશ્વાસ છે કે તમારા કુશળ નેતૃત્વ હેઠળ આપણે ભારત-જાપાન મિત્રતાને નવી ઊંચાઈઓ પર લઈ જઈશું.LDP ના નેતૃત્વ હેઠળનું ગઠબંધન સહયોગી જાપાન ઈનોવેશન પાર્ટી (ઈશિન) સાથે મળીને ૩૬૬ બેઠકો જીતી શકે છે. ગઠબંધનને ૩૧૦ બેઠકો મળતા જ ઉપલા ગૃહમાં વિપક્ષના નિયંત્રણ છતાં કાયદા પસાર કરવાની સત્તા મળી જશે.તકાઈચીએ ચીન વિરુદ્ધ મજબૂત વલણ અપનાવીને લશ્કરી ખર્ચ વધાર્યો છે, આર્થિક પેકેજ અને ટેક્સ કપાતની જાહેરાત કરી છે. તેમણે ખાદ્ય પદાર્થો પરના ૮% સેલ્સ ટેક્સને બે વર્ષ માટે સ્થગિત કરવાનું વચન આપ્યું છે જેથી વધતી મોંઘવારીમાંથી લોકોને રાહત મળે.

વ્યૂહાત્મક સલાહકાર કંપની FGS ગ્લોબલના મેનેજિંગ ડિરેક્ટર

અનુસંધાન પાના ૭ પર



# ટેકનોલોજીના ગુલામ નહીં બનવા વિદ્યાર્થીઓને વડાપ્રધાનની સલાહ

### બીજા તબક્કાના પરિક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે મોદીનો સંવાદ

નવી દિલ્હી, તા. ૯

નવી દિલ્હી. 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમના ૯મા સંસ્કરણના બીજા એપિસોડમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓને કૃત્રિમ બુદ્ધિમત્તાના યોગ્ય ઉપયોગ વિશે માહિતી આપી. પીએમ મોદીએ વિદ્યાર્થીઓને ટેકનોલોજીના ગુલામ ન બનવા, પરંતુ પોતાને વિસ્તૃત કરવા વિનંતી કરી. કોઈમ્બતુરના વિદ્યાર્થી આદિ વિક્રમે પ્રધાનમંત્રીને પૂછ્યું કે શું આપણે છૈં થી ડરવું જોઈએ. તેમણે પૂછ્યું, "આજની દુનિયામાં, છૈં નો પ્રભાવ વધી રહ્યો છે. આપણે જોઈ શકીએ છીએ કે ઘણી કંપનીઓ ફક્ત માણસોને જ નહીં પણ છૈં કર્મચારીઓને પણ રોજગારી આપે છે. તો, શું આપણે છૈં થી ડરવું જોઈએ, અને આપણી ભાવિ કારકિર્દી પસંદ કરતી વખતે આપણે શું યાદ રાખવું જોઈએ?" પ્રધાનમંત્રી મોદીએ વિદ્યાર્થીને સમજાવ્યું કે દરેક યુગમાં નવી ટેકનોલોજીની ચર્ચા થાય છે. અગાઉ, તે કમ્પ્યુટરથી શું બદલાશે તે વિશે હતું. તેવી જ રીતે, આ દરેક યુગમાં ચર્ચાનો વિષય રહ્યો છે, પરંતુ આપણે કોઈ પણ વસ્તુથી ડરવું જોઈએ નહીં. આપણે તેનો ગુલામ ન બનવાનો પ્રયાસ કરવો જોઈએ અને નક્કી કરવું જોઈએ કે હું નિર્ણય લેનાર બનીશ. "તે મારો માલિક બની શકે નહીં."

ચિંતા વ્યક્ત કરતા, પીએમ મોદીએ કહ્યું કે ઘણા બાળકો માટે, મોબાઈલ તેમનો માલિક બની ગયો છે. જો તેમની પાસે મોબાઈલ ફોન નથી, તો તેઓ ખાઈ શકતા નથી, અને જો તેમની પાસે ટીવી નથી, તો તેઓ જીવી શકતા નથી. આનો સ્પષ્ટ અર્થ એ છે કે તમે તેના ગુલામ બની ગયા છો.

વિદ્યાર્થીઓને સલાહ આપતા, પ્રધાનમંત્રીએ

અનુસંધાન પાના ૭ પર

# ઈસરોએ ચંદ્રના સાઉથ પોલ પાસે નવી લેન્ડીંગ સાઈટ શોધી

### ચંદ્રયાન-૪ દ્વારા ભારત ચંદ્ર પર ફરી ઉતરશે

નવી દિલ્હી, તા. ૯

ઈસરોએ ચંદ્રયાન-૪ મિશન માટે ચંદ્રના સાઉથ પોલ નજીક એક લેન્ડિંગ સાઈટ શોધી કાઢી છે. ચંદ્રયાન-૨ ઓર્બિટર દ્વારા મળેલા ફોટાના આધારે વૈજ્ઞાનિકોએ મોન્સ માઉટન વિસ્તારને લેન્ડિંગ માટે સૌથી યોગ્ય ગણાવ્યો છે.

મોન્સ માઉટન ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક આવેલો લગભગ ૬,૦૦૦ મીટર ઊંચો પર્વત છે. તેની ટોચ મોટાભાગે સપાટ છે, જે લેન્ડિંગ માટે અનુકૂળ છે. જોકે, લેન્ડિંગ સાઈટ અંગેનો અંતિમ નિર્ણય લોન્ચિંગ નજીક લેવામાં આવશે.

વૈજ્ઞાનિકોના મતે આ વિસ્તાર એટલા માટે પણ મહત્વનો છે, કારણ કે અહીં લાંબા સમય સુધી સૂર્યપ્રકાશ મળે છે. આ ઉપરાંત, આ વિસ્તારમાં વોટર આઈસ (પાણીનો બરફ) હોવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવે છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર વૈજ્ઞાનિકોએ આ અભ્યાસને લુનર એન્ડ પ્લેનેટરી સાયન્સ કોન્ફરન્સ, એલપીએસસી ૨૦૨૬માં રજૂ કર્યો હતો. લેન્ડિંગ સાઈટ નક્કી કરવા માટે ચંદ્રયાન-૨ ઓર્બિટર પર લાગેલા ઓર્બિટર હાઈ રિઝોલ્યુશન કેમેરા (OHRC) ની તસવીરોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ કેમેરા ચંદ્રની સપાટીને લગભગ ૩૨ સેન્ટિમીટર પ્રતિ પિક્સેલના રિઝોલ્યુશનમાં દર્શાવે છે. આનાથી નાના ખાડાઓ, પથ્થરો, ઢોળાવ અને સપાટીની રચના સ્પષ્ટ દેખાય છે, જેનાથી

અનુસંધાન પાના ૭ પર

# ટ્રેડ ડીલથી શેરબજાર તથા સોના-ચાંદીમાં તેજી : સેન્સેક્સ ૭૦૦ પોઈન્ટ ઉંચકાયો

## ચાંદીમાં રૂ.૧૫૦૦૦ તથા સોનામાં રૂ.૩૦૦૦નો ઉછાળો

નવી દિલ્હી, તા. ૯

ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલનું ફ્રેમ વર્ક જાહેર કરી દેવામાં આવ્યું છે અને તેનો પ્રભાવ હોય તેમ આજે ભારતીય શેરબજારમાં જોરદાર તેજી સર્જાઇ હતી. ઉપરાંત સોના-ચાંદી પણ સળગ્યા હતા.

અમેરિકા સાથેની ટ્રેડ ડીલથી ભારતની ટેક્સટાઈલથી માંડીને અનેકવિધ પ્રોડક્ટોની નિકાસને પ્રોત્સાહન મળવાના આશાવાદ હેઠળ શેરબજારમાં સારી અસર જોવા મળી હતી. મોટાભાગના ક્ષેત્રોમાં ધુમ લેવાલીથી ઉછાળો નોંધાયો હતો. જાપાન સહિતના એશિયાના શેરબજારોની તેજીથી ટેકો મળી ગયો હતો.

ભારતીય શેરબજારમાં આજે



કલ્યાણ જ્વેલર્સ, સ્ટેટ બેંક, ગોદરેજ પ્રોપર્ટી, બીએસસી, વોડાફોન, યશ બેંક, જેકે ટાયર, એમઆરપીએલ, જીઈ સીપીંગ જેવા શેરો ઉંચકાયા હતા. પતંજલી, સિમેન્સ, શ્રી સિમેન્ટ, આરઈસી, સુઝલોન જેવા શેરો નબળા હતા.

મુંબઈ શેરબજારનો સેન્સેક્સ ૩૫૪ પોઈન્ટના ઉછાળાથી ૮૩૯૩૪ સાંપડ્યો હતો જે ઉંચામાં ૯૪૩૧૪ તથા નીચામાં ૮૩૮૯૫ હતો. નીફટી ૧૧૦ પોઈન્ટ વધીને ૨૫૮૦૩ હતો તે ઉંચામાં ૨૫૯૨૨ તથા નીચામાં ૨૫૭૯૧ હતો.

બીજી તરફ સોના-ચાંદીમાં પણ જોરદાર તેજી હતી. કોમોડીટી એક્સચેંજમાં ચાંદી ૧૫ હજારના ઉછાળાથી ૨૬૪૮૮૫ થઈને ૨૬૦૩૦૧ હતી. સોનુ ઉંચામાં ૧૫૮૫૦૦ થઈને ૧૫૭૫૨૦ હતું વિશ્ર્વ બજારમાં સોનુ ફરી ૫૦૦૦ ડોલરની સપાટી કુદાવીને ૫૦૨૧ ડોલર થયું હતું.

# ઉત્તરાખંડના પિથોરાગઢમાં માઈનસ ૨૪ ડીગ્રી તાપમાન

### રાજસ્થાનના ૧૦ શહેરોમાં જોરદાર ઠંડી

નવી દિલ્હી, તા. ૯

ઉત્તરાખંડમાં આજે ૫ જિલ્લામાં વરસાદ-બરફવર્ષાનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગ (IMD) મુજબ ઉત્તરકાશી, ચમોલી, રુદ્રપ્રયાગ, બાગેશ્વર અને પિથોરાગઢ જિલ્લાઓમાં હળવો વરસાદ અને ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફવર્ષાની શક્યતા છે. જ્યારે, પિથોરાગઢ જિલ્લાના મુનસ્યારીમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૨૪°C નોંધાયું.

રાજસ્થાનના ૧૦થી વધુ શહેરોમાં તાપમાન ૧૦ ડિગ્રીથી ઓછું નોંધાયું. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ઠંડી ફતેહપુર અને પાલીમાં રહી. આ શહેરોનું લઘુત્તમ તાપમાન ૪.૯C અને ૫C રહ્યું.

ઉત્તર પ્રદેશના ૧૯ અને બિહારના ૫ જિલ્લામાં આજે ગાઢ ધુમ્મસનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગ અનુસાર આ વિસ્તારોમાં સવારે અને મોડી રાત્રે વિઝિબિલિટી ઘણી ઓછી થઈ શકે છે.

૯ થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન હિમાચલ પ્રદેશમાં પણ વરસાદ અને બરફવર્ષા થઈ શકે છે. ૧૦ ફેબ્રુઆરીએ જમ્મુ-કાશ્મીર, લદ્દાખ જેવા વિસ્તારોમાં તેજ પવનો સાથે વરસાદ અને બરફવર્ષાની સંભાવના છે.

બિહારના ૫ જિલ્લામાં આજે ધુમ્મસનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગ અનુસાર, આ વિસ્તારોમાં સવારે અને મોડી રાત્રે વિઝિબિલિટી ઘણી ઓછી થઈ શકે છે. રાજ્યમાં હાલ

અનુસંધાન પાના ૭ પર

# ભારત-અમેરિકા ટ્રેડ ડીલનો વિરોધ તા. ૧૨મીએ ખેડૂતો દ્વારા હડતાળ

### સંઘ-ભાજપ પ્રેરિત સ્વદેશી જાગરણ મંચ તથા ભારતીય કિસાન મોરચાનું સરકાર વિરુદ્ધ આંદોલન

નવી દિલ્હી, તા. ૯

ભારત અને અમેરિકા વચ્ચેની વ્યાપાર સમજુતીમાં જે રીતે અમેરિકી કૃષી આયાતો મુદ્દે ખેડુત સંગઠનોએ વિરોધ કર્યો છે તેમાં તા.૧૨ના રોજ દેશવ્યાપી હડતાલની જાહેરાત કરી છે .

તો વિપક્ષો આ મુદ્દે આજે સંસદમાં પણ ધમાલ મચાવશે. જો કે આરએસએસ સમર્થીત સ્વદેશી જાગરણ પંચ તથા ભારતમાં કિસાન સંઘે હળવું વલણ અપનાવ્યું છે અને ખાસ કરીને જીનેટીકલી મોડીફાઈડ-અનાજ-ફુડમાંજ સરકારની ખાતરી માંગી રહ્યું છે.

તથા સરકાર પર ભરોસા રાખવાની અપીલ કરી છે. ભારતીય કિસાન સંઘ પણ આ જ સુર વ્યક્ત કરે છે પણ અનેક ખેડૂત સંગઠનો જેમાં સંયુક્ત કિસાન મોરચા, તે ઓલ ઈન્ડીયા કિસાન સભા (ડાબેરી પક્ષો) એ આ વ્યાપાર સમજુતીનો વિરોધ કર્યો છે .

તથા તેમાં ભારત સરકાર પુરી રીતે શરણે થઈ ગઈ હોવાનો આક્ષેપ કરે છે. ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકેતે તા.૧૨ના રોજ હડતાલના સંયુક્ત કિસાન મોરચાના એલાનને ટેકો આપ્યો છે તો કોંગ્રેસ અને ડાબેરી પક્ષો પણ આ કરાર મુદ્દે આજે સંસદમાં સરકાર પાસેથી જવાબ માંગશે. જો કે ટ્રેડ યુનિયનોએ આ કરારનો હજું વિરોધ કર્યો નથી.

# દિલ્હીમાં ફરી ૯ સ્કૂલોને બોમ્બ વડે ઉડાવી દેવાની ધમકી મળી

### તત્કાલીક શાળાઓ ખાલી કરી દેવાતા અફરા તફરીનો માહોલ

નવી દિલ્હી, તા. ૯

પાટનગર દિલ્હીમાં ફરી વખત જાણીતી સ્કૂલોને બોમ્બ ધડાકાની ધમકી આપવાનો સિલસિલો શરુ થઇ ગયો હોય તેમ આજે પ્રતિષ્ઠીત નવ સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતી દોડધામ મચી ગઇ હતી.

સવારે ૮.૩૦ થી ૯ દરમ્યાન બોમ્બ ધડાકાની ધમકી મળતા તાત્કાલીક સુરક્ષા એજન્સીઓ સંબધીત સ્કૂલોમાં પહોંચી ગઇ હતી અને તપાસ શરુ કરવામાં આવી હતી. સ્કૂલ સંકુલો ખાલી કરાવવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓને સુરક્ષીત સ્થાનોએ મોકલી દેવાતા સાથે રજા જાહેર કરી દેવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં કોઇ શંકાસ્પદ ચીજવસ્તુ કે બોમ્બ મળ્યા ન હતા. પોલીસ માત્ર અફડાતફડી સર્જવા માટે આ પ્રકારની ધમકી અપાતી હોવાનું માની રહી છે. પોલીસ દ્વારા ધમકીભર્યા કોલ અને સોર્સની તપાસ શરુ કરવામાં આવી છે.

# પુતિનને પણ હસીનાઓના રવાડે ચઢાવવા માંગતો હતો એપસ્ટીન

### રશિયન રાજદૂતને મળતો હતો જેફ્રી એપસ્ટીન

નવી દિલ્હી, તા. ૯

અમેરિકાના જસ્ટિસ ડિપાર્ટમેન્ટ (DOJ) ના નવા દસ્તાવેજો પરથી ખુલાસો થયો છે કે યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની નજીક જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. એપસ્ટીને અનેક પ્રસંગોએ પુતિન અને તેમના નજીકના અધિકારીઓ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો.

એપસ્ટીન ૨૦૧૮માં રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ મારફતે પુતિન સુધી પોતાની વાત પહોંચાડવા માંગતો હતો. તેણે આ માટે નોર્વેના પૂર્વ પીએમ થોર્બજોર્ન યાગલેન્ડનો સંપર્ક કર્યો હતો.

જૂન ૨૦૧૮ના એક ઈમેલમાં એપસ્ટીને નોર્વેના પૂર્વ પીએમ થોર્બજોર્ન યાગલેન્ડને કહ્યું હતું કે તે પુતિનને સૂચન કરે કે રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવ તેની સાથે વાતચીત કરે.દસ્તાવેજો અનુસાર, એપસ્ટીન પોતાને એક એવા પ્રભાવશાળી વ્યક્તિ તરીકે રજૂ કરી રહ્યો હતો, જે આંતરરાષ્ટ્રીય રાજકારણ અને રોકાણ જેવા મુદ્દાઓ પર રશિયાને મદદ કરી શકે છે.

ૠદ્દદ્દના રિપોર્ટ અનુસાર દસ્તાવેજો પરથી ખુલાસો થયો છે કે એપસ્ટીન ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રમાં રશિયાના તત્કાલીન રાજદૂત વિટાલી ચુરકિનના નિયમિત સંપર્કમાં હતો.વિટાલી ચુરકિન ૨૦૦૬ થી ૨૦૧૭ સુધી સંયુક્ત રાષ્ટ્રમાં રશિયાના કાયમી પ્રતિનિધિ રહ્યા હતા. આ સમયગાળા દરમિયાન એપસ્ટીનની તેમની સાથે ન્યૂયોર્કમાં મુલાકાતો અને વાતચીત થતી હતી.એપસ્ટીને ચુરકિનના પુત્ર મેક્સિમને ન્યૂયોર્કની એક વેલ્થ મેનેજમેન્ટ ફર્મમાં નોકરી અપાવવામાં મદદ કરવાની ઓફર પણ કરી હતી. આ વાત

અનુસંધાન પાના ૭ પર



# ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશ દ્વારા બજેટ અંગે સંવાદ

## સુરત ભાજપ કાર્યાલયમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૬ મહિલા સંવાદ કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૯

પંડિત દિનદયાલ ભવન ભાજપ કાર્યાલય ખાતે આજરોજ યોજાયેલ મહિલા સંવાદ કાર્યક્રમમાં સહુ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું તથા વંદે માતરમ ના ગાન સાથે કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો મહિલા મોરચાના શહેર અધ્યક્ષ શ્રીમતી શીલાબેન તારપરા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું મહિલા મોરચાના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રીમતી અંજુબેન વેકરીયા દ્વારા કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલાબેન સીતારામન દ્વારા સતત ૯મી વખત બજેટ રજૂ કરતા આ ઐતિહાસિક ઘટના નું સ્વાગત કર્યું હતું તથા આ બજેટ વિશે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે દ્રઢ અને દુરંદેશી નેતૃત્વ ધરાવતા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ફક્ત વિકાસની વાતો કરતા નથી પરંતુ વિકાસની સાથે સાથે વિશ્વાસપૂર્વક દેશને એક નક્કર દિશા તરફ લઈ જઈ રહ્યા છે આ બજેટમાં ખાસ કરીને યુવા શક્તિ અને દીકરીઓને સુરક્ષિત શિક્ષણ માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે

આદરણીય પૂર્વ કેન્દ્રીય રેલ રાજ્ય મંત્રી તથા આજના કાર્યક્રમના મુખ્ય વક્તા શ્રીમતી દર્શનાબેન જરદોશે મહિલાઓ સાથે બજેટ સંદર્ભે ખૂબ જ હળવી મુદ્રામાં સંવાદ કર્યો હતો તેમ જ મહિલાઓ તેમના ઘરમાં કેવી રીતે ઘર ખર્ચ નુ સંચાલન કરે છે એ જ રીતે આ બજેટ દેશના હિતમાં કેવી રીતે કાર્યરત થશે તે વિશે પ્રશ્નોત્તરી કરી હતી. આ પ્રસંગે નવનીયુક્ત પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રીમતી ઝંખના બેન પટેલ, પ્રદેશ કારોબારી સદસ્ય શ્રી દામજીભાઈ શ્રી વિનયભાઈ શુક્લા મહિલા મોરચાના પ્રભારી બહેન શ્રી સિદ્ધિ બેન જોશી તથા સુરત શહેર મહામંત્રી શ્રી ઓ શ્રી કિશોરભાઈ બિન્દલ શ્રી કાળુભાઈ ભીમનાથ તેમજ પૂર્વ મેયર શ્રીમતી સુષ્માબેન અગ્રવાલ તથા અસ્મિતા બેન શિરોયા ઉપસ્થિત રહ્યા હતા તથા મહિલા નગર સેવક શ્રી ઓ વોર્ડના મહિલા પ્રમુખ મહામંત્રી તેમજ મોટી સંખ્યામાં મહિલા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.




હિન્દુ એકતા અને હિન્દુ રાષ્ટ્ર અંતર્ગત સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીમાં પ્રવીણ તોગડીયાના નેજા હેઠળ ૨૦૦થી વધુ હનુમાન ચાલીસા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા હતા.

# 'એનર્જી-પાવર-ઇલેક્ટ્રિક એક્સ્પોની ૧૨ હજારથી વધુ વિઝીટર્સે મુલાકાત લીધી

## એનર્જી-પાવર-ઈલેક્ટ્રિક સેકટરમાં એક્ઝિબિશનનો પ્રથમ પ્રયાસ ઉત્સાહજનક : ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી

સુરત, તા.૯

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના સંયુકત ઉપક્રમે તા. ૬, ૭ અને ૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ કલાક દરમ્યાન સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે યોજાયેલા 'એનર્જી—પાવર—ઈલેકિટ્રકલ એક્ષ્પો ૨૦૨૬'ને મુલાકાતીઓ તરફથી જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા 'પાવરીંગ ધ ફયુચર — ટુડે'ના થીમ હેઠળ ઊર્જા, પાવર અને ઈલેકિટ્રકલ ક્ષેત્રના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને 'એનર્જી — પાવર — ઈલેકિટ્રકલ એક્ષ્પો ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સુરત ઉપરાંત અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, પૂણે, મુંબઈ અને ગાઝિયાબાદના મળી કુલ ૬૦ એક્ઝિબિટર્સ દ્વારા રિન્યુએબલ એન્ડ કિલન એનર્જી સેકટર, સપોટ'ગ સર્વિસિસ એન્ડ સોલ્યુશન્સ, ઈલેકિટ્રકલ ઈકિવપમેન્ટ અને કોમ્પોનન્ટસ અને સસ્ટેનેબિલિટી અને ગ્રીન ટેક સેગમેન્ટમાં વિવિધ પ્રોડકટનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર પ્રમુખે વધુમાં કહ્યું હતું કે, એનર્જી—પાવર—ઈલેકિટ્રક સેકટરમાં એક્ઝિબિશનનો પ્રથમ પ્રયાસ હોવા છતાં ઉદ્યોગકારો, વેપારીઓ અને મુલાકાતીઓ તરફથી મળેલો પ્રતિસાદ અત્યંત ઉત્સાહજનક રહ્યો હતો. આ પ્રતિસાદથી સ્પષ્ટ થાય છે કે ઊર્જા, પાવર અને ઈલેકિટ્રકલ ક્ષેત્રમાં આવા વિશિષ્ટ પ્લેટફોર્મની ઉદ્યોગ જગતમાં વાસ્તવિક જરૂરિયાત છે.

શ્રી મદ્રાસીએ વધુમાં જણાવ્યું હતું કે, રિન્યુએબલ એનર્જી, ઈલેકિટ્રકલ ઈકિવપમેન્ટ, ગ્રીન ટેકનોલોજી અને સસ્ટેનેબલ સોલ્યુશન્સ તરફ ઉદ્યોગકારોનો વધતો રસ રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે સકારાત્મક સંકેત છે. આ એક્ષ્પોના માધ્યમથી ઉત્પાદકો,

અનુસંધાન પાના ૭ પર

# પે એન્ડ પાર્ક અને પ્લોટના ઇજારદારો પાસેથી ૬-૬ મહિનાનું ભાડું બાકી

## વારંવાર કસૂરવાર ઠરતા ઇજારદારોના કોન્ટ્રાક્ટ રદ કરી બ્લેકલિસ્ટ કરવા વિપુલ સુહાગીયાની માંગ

સુરત, તા.૯

સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોન-એ વિસ્તારમાં પાલિકાની માલિકીના પ્લોટ અને પે એન્ડ પાર્કના ઈજારદારો પાસેથી લાખો રૂપિયાની ભાડાની વસૂલાત બાકી હોવાનો ગંભીર મુદ્દો વોર્ડ નં. ૧૭ ના કોર્પોરેટર શ્રી વિપુલ સુહાગીયાએ ઉઠાવ્યો છે. આ અંગે તેમણે મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી જવાબદાર ઈજારદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ પત્રમાં જણાવ્યું છે કે, વરાછા ઝોન-એ માં અનેક પ્લોટ અને પે એન્ડ પાર્કના સ્થળો સુવિધા અને પાલિકાની આવક માટે ઈજારે આપવામાં આવ્યા છે. નિયમ મુજબ ઈજારદારે આ ભાડાની રકમ એડવાન્સમાં ભરવાની હોય છે, તેમ છતાં છેલ્લા ૬ મહિનાથી અનેક ઈજારદારોએ ભાડું જમા કરાવ્યું નથી. નવાઈની વાત એ છે કે આ ઈજારદારો ભૂતકાળમાં પણ આવી જ રીતે અનિયમિત રહ્યા છે, છતાં તંત્ર દ્વારા તેમની સામે કોઈ કડક પગલાં લેવામાં આવતા નથી. આર્થિક નુકસાન: પાલિકા એકતરફ આર્થિક શિસ્તની વાતો કરે છે ત્યારે બીજી તરફ લાખો રૂપિયાની જાહેર આવક જતી કરવામાં આવી રહી છે. તપાસની માંગ: કયા ઈજારદારોનું કેટલું ભાડું બાકી છે તેની તાત્કાલિક યાદી તૈયાર કરી તપાસ કરવામાં આવે. પેનલ્ટી અને બ્લેકલિસ્ટ: બાકી ભાડું વ્યાજ અને પેનલ્ટી સાથે વસૂલવામાં આવે અને વારંવાર કસૂરવાર ઠરતા ઈજારદારોના કોન્ટ્રાક્ટ રદ કરી તેમને બ્લેકલિસ્ટ કરવામાં આવે.વિપુલ સુહાગીયાએ વધુમાં ઉમેર્યું હતું કે, સમયસર વસૂલાત ન થવી એ વહીવટી નિષ્ફળતા અથવા ભ્રષ્ટાચાર તરફ ઈશારો કરે છે. પાલિકાની તિજોરીને થતું આ નુકસાન રોકવા માટે કમિશનર સ્તરેથી તાકીદે તપાસ થાય તે જરૂરી છે.




# યુજીસી-એનઈટીમાં સુરતની જ્યોતિ સેનની નોંધપાત્ર સિદ્ધિ

સુરત, તા.૯

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા લેવામાં આવેલી UGC-NET ડિસેમ્બર ૨૦૨૫ પરીક્ષામાં સુરતની સેન જ્યોતિ સુંદરલાલએ કાયદા (Law – ૦૫૮) વિષયમાં નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેમણે કુલ ૩૦૦માંથી ૨૨૦ ગુણ મેળવી ૯૯.૮૩ પર્સેન્ટાઇલ સાથે Juniro Research Fellowship (JRF) તેમજ Assistant Professro માટે લાયકાત પ્રાપ્ત કરી છે. OBC-NCL (સેન્ટ્રલ લિસ્ટ) શ્રેણીમાં સમાવિષ્ટ સેન જ્યોતિ સુંદરલાલે માસ્ટર ડિગ્રીના આધારે આ પરીક્ષા આપી હતી. આ વિષયમાં નોંધાયેલા કુલ ૩૨,૮૮૭ ઉમેદવારોમાંથી ૨૩,૬૫૨ ઉમેદવારો પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાં સેન જ્યોતિ સુંદરલાલે શ્રેષ્ઠ પ્રદર્શન કરી ઉચ્ચ સ્થાન મેળવ્યું છે.તેઓ શ્રી સુંદરલાલ સેન તથા શ્રીમતી ટેનાબેન સેનના સુપુત્રી છે. તેમની આ સિદ્ધિથી પરિવારજનો, શૈક્ષણિક વર્તુળો તેમજ સમાજમાં આનંદની લાગણી વ્યાપી છે. શૈક્ષણિક ક્ષેત્રે સંશોધન તથા અધ્યાપન માટે તેઓ હવે રાષ્ટ્રીય સ્તરે વધુ તકો પ્રાપ્ત કરશે. તેમની આ વિશિષ્ટ સફળતા બદલ યુનિવર્સિટી પરિવારે શુભેચ્છા પાઠવી હતી.

# ઓએનજીસી કેમ્પ ખાતે કોસ્ટલ સાયકલોથોન ૨૦૨૬નું ભવ્ય સ્વાગત

## લખપતથી ૧૩૦ cisf ના સાયકલીસ્ટો ૬૫૦૦ કિલોમીટરનું અંતર કાપી કોચી પોહચશે

અંકલેશ્વર, તા.૯

અંકલેશ્વર ONGC આંબોલી કેમ્પ સીઆઈએસએફ યુનિટ દ્વારા CISF કોસ્ટલ સાયકલોથોન ૨૦૨૬નું ભવ્ય સ્વાગત કરાયું હતું. દેશમાં તર સુરક્ષિત તો ભારત સમૃદ્ધની ભાવના સાથે CISF કોસ્ટલ સાયકલોથોન ૨૦૨૬ નું આયોજન કરાયું છે. ગુજરાતના લખપતથી ૧૩૦ cisf ના સાયકલીસ્ટો ૬૫૦૦ કિલોમીટરનું અંતર કાપી કોચી પોહચશે. જેમાં ૬૫ મહિલા સાયકલીસ્ટનો પણ સમાવેશ થાય છે. આ સાયકલોથોન અંકલેશ્વર આવી પોહચતા ONGC CISF યુનિટ આંબોલી કેમ્પ દ્વારા ભવ્ય સ્વાગત કરાયું હતું. ONGC અંકલેશ્વરના ડેપ્યુટી કમાન્ડન્ટ અને તમામ

અનુસંધાન પાના ૭ પર



# સાવરકુંડલામાં આયોજીત સમૂહલગ્નમાં ૫૧ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા

## મહંત શ્રી મસાપીર બાપુની નિશ્રામાં ૨૦ હજાર લોકોએ લીધો મહાપ્રસાદ, દીકરીઓને અપાયો ભવ્ય કરિયાવર

સાવરકુંડલા, તા.૯

સાવરકુંડલાના કેવડાપરા વિસ્તારમાં માનવતા અને સેવાની સુવાસ પ્રસરાવતો એક અનોખો પ્રસંગ યોજાઈ ગયો. 'જય અલખધણી અને ગોપી મહિલા મંડળ' દ્વારા આયોજિત અને નાના ઝીંઝુડાના મોમાઈ મંદિર ના મહંત શ્રી મસાપીર બાપુની દિવ્ય પ્રેરણા તથા માર્ગદર્શન હેઠળ ૫૧ સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ અત્યંત ધામધૂમ પૂર્વક સંપન્ન થયો હતો. આ પ્રસંગે આર્થિક રીતે નબળા પરિવારોના ૫૧ નવયુગલોએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ લગ્નગ્રંથિથી જોડાઈ નવા જીવનની શરૂઆત કરી હતી.

શ્રી મસાપીર બાપુના આશીર્વાદથી દરેક દીકરીને નવો સંસાર વસાવવા માટે જરૂરી એવી તમામ નાની-મોટી ચીજવસ્તુઓ (કરિયાવર) આપવામાં આવ્યો હતો આ ઉમદા પહેલથી ગરીબ પરિવારોની દીકરીઓને આર્થિક ટેકો સાંપડ્યો હતો. તેમજ આ મંગલ પ્રસંગે ૨૦ હજારથી વધુ મહેમાનો અને ગ્રામજનોએ ઉપસ્થિત રહી મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ ભોજન સમારંભના મુખ્ય દાતા મહંત શ્રી મસાપીર બાપુ (મોમાઈ માતાજી મંદિર, નાના ઝીંઝુડા) રહ્યા હતા.

આ કાર્યક્રમમાં એક અલગ સેવાના આ યજ્ઞમાં સામાજિક જવાબદારીના ભાગરૂપે બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બહોળી સંખ્યામાં લોકોએ રક્તદાન કરી માનવતા મહેકાવી હતી. આ મહોત્સવમાં વિવિધ ધાર્મિક સ્થાનોના સંતો-મહંતો તેમજ રાજકીય અને સામાજિક અગ્રણીઓએ ખાસ હાજરી આપી હતી. તમામ મહાનુભાવોએ નવદંપતીઓને અક્ષતથી વધાવી સુખી દામ્પત્ય જીવનના આશીર્વાદ પાઠવ્યા હતા. વહેલી સવારે શાસ્ત્રોક્ત વિધિ સાથે લગ્ન સંપન્ન થયા બાદ બપોરે દીકરીઓની વિદાય વેળાએ વાતાવરણ ભાવુક બની ગયું હતું. "સમાજના છેવાડાના અને જરૂરિયાતમંદ પરિવારોની દીકરીઓના લગ્ન પ્રસંગે સહભાગી થવું એ જ સાચી ઈશ્વર સેવા છે." - આયોજક સમિતિ

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે 'જય અલખધણી તેમજ ગોપી મહિલા મંડળ' અને સમૂહ લગ્ન સમિતિના સ્વયંસેવકોએ રાત-દિવસ જહેમત ઉઠાવી હતી. સુવ્યવસ્થિત આયોજન, શિસ્તબદ્ધ વ્યવસ્થા અને ભક્તિમય માહોલને કારણે સમગ્ર સાવરકુંડલા પંથકમાં આ આયોજનની ચોમેર પ્રશંસા થઈ રહી છે.

## વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે

# સીઆઈએસએફ દ્વારા આયોજિત 'વંદે માતરમ તટીય સાયકલોથોનનું સુરતમાં ભવ્ય સ્વાગત



# એરપોર્ટ પર ફરજ બજાવતા જવાનો માટે સંબંધો કે મિત્રતા કરતા દેશની સુરક્ષા સર્વોપરી :નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી

સુરત, તા.૯

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ-CISF) દ્વારા વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે આયોજિત 'વંદે માતરમ તટીય સાયક્લોથોન-૨૦૨૬'નું વેસુ ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં ભવ્ય સ્વાગત કરાયું હતું. ૬૫ મહિલા જવાનો સહિત ૧૩૦ CISF જવાનો દરિયાઈ સુરક્ષા અને સશક્તિકરણનો સંદેશ ફેલાવી રહ્યા છે.

સી.આઈ.એસ.એફ.ના જવાનો દેશની સુરક્ષાના ખરા પ્રહરી છે, એમ જણાવી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, સી.આઈ.એસ.એફ.ના જવાનોની નિષ્ઠા અને રાષ્ટ્ર પ્રત્યેના તેમના સમર્પણને બિરદાવ્યું હતું. આ યાત્રાની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં ૫૦ ટકાથી પણ વધુ મહિલા કર્મીઓ જોડાઈ છે. આ બાબતને નારી શક્તિના સશક્તિકરણના પ્રતિક તરીકે જોવામાં આવી રહી છે, જે ગ્રામીણ વિસ્તારોની દીકરીઓમાં નવો આત્મવિશ્વાસ અને પ્રેરણા જગાડી રહી છે.

વધુમાં શ્રી સંઘવી એ કહ્યું હતું કે, સી.આઈ.એસ.એફ. માત્ર ઔદ્યોગિક એકમો પૂરતું સીમિત નથી, પરંતુ દેશના ૭૦થી વધુ

અનુસંધાન પાના ૭ પર



# અંકલેશ્વરને ટ્રાફિક મુક્ત કરવા રાજ્યમંત્રી પટેલની ભલામણ

## 'સિગ્નલ-ફ્રી મોડલ રિંગરોડ'ની મહત્વપુર્ણ દરખાસ્ત રજૂ

અંકલેશ્વર, તા.૯

અંકલેશ્વર-હાંસોટના ધારાસભ્ય અને રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલે અંકલેશ્વર શહેર અને તેની આસપાસના ઔદ્યોગિક વિસ્તારોની ટ્રાફિક સમસ્યાના કાયમી નિરાકરણ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને એક મહત્વપૂર્ણ દરખાસ્ત રજૂ કરી છે. તાજેતરમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે માટે પુનગામ પાસે એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટને મંજૂરી મળ્યા બાદ, ભવિષ્યમાં વધનારા ટ્રાફિકને ધ્યાને રાખીને ઈશ્વરસીહ પટેલે અંકલેશ્વર-પાનોલી પેરીફેરલ રિંગરોડ બનાવવાની માંગ કરી છે.આ રિંગરોડની વિશેષતા એ હશે કે તે સંપૂર્ણપણે 'સિગ્નલ-ફ્રી' અને 'એક્સેસ-કન્ટ્રોલ્ડ' હશે.મંત્રી ઈશ્વરસિંહ પટેલે આ આશા સાથે રજૂઆત કરી છે કે શહેરને રાહત થશે અને ભારે વાહનો શહેરની બહાર થી પસાર થશે

શહેરને ટ્રાફિકથી રાહત ઝઘડિયા, પાનોલી અને અંકલેશ્વર GIDC નો ભારે ટ્રાફિક શહેરની બહારથી જ પસાર થશે, જેનાથી સ્થાનિક નાગરિકોને ટ્રાફિક જામ અને અકસ્માતોના ભયમાંથી મુક્તિ મળશે. લોજિસ્ટિક્સ હબ બનશે દહેજ પોર્ટ અને ઉદ્યોગો વચ્ચે માલ-સામાનની હેરફેર ઝડપી બનશે,

અનુસંધાન પાના ૭ પર

# કોમોડિટી માર્કેટના ટ્રેન્ડસ અંગે 'ફ્રોમ બજેટ ટુ બુલિયન' સંદર્ભે વિશેષ સેશન

સુરત, તા.૯

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ફ્રોમ બજેટ ટુ બુલિયન – અન્ડરસ્ટેન્ડીગ કોમોડિટી માર્કેટ ટ્રેન્ડ્સ પોસ્ટ બજેટ ૨૦૨૬' વિષય પર એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેશનમાં બજેટ ૨૦૨૬ બાદ કોમોડિટી માર્કેટમાં થતા ફેરફારો, ખાસ કરીને બુલિયન, ધાતુઓ અને અન્ય કોમોડિટીઝના ભાવ ટ્રેન્ડ્સ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી, જેમાં જાણીતા માર્કેટ એક્ષ્પર્ટ શ્રી દેવેન ચોકસીએ રોકાણકારોને કોમોડિટી માર્કેટ સંદર્ભે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, બજેટ બાદ કોમોડિટી માર્કેટમાં થતી હલચલને સમજીને યોગ્ય નિર્ણય લેવું ઉદ્યોગકારો, રોકાણકારો અને વેપારીઓ માટે અત્યંત જરૂરી છે. વૈશ્વિક પરિસ્થિતિ, સરકારી નીતિઓ અને બજેટના નિર્ણયો કોમોડિટી માર્કેટ પર સીધી અસર કરે છે, જેને સમજવા માટે આવા સેમિનાર સમયની માંગ છે.




ડીઆરચોકસી ફિનસર્વ પ્રા.લિ.ના મેનેજિંગ ડિરેકટર અને પ્રખ્યાત માર્કેટ એક્ષ્પર્ટ શ્રી દેવેન ચોકસીએ રોકાણકારોને કોમોડિટી માર્કેટની પરિસ્થિતિ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે બજેટ ૨૦૨૬ બાદ બુલિયન, સોના—ચાંદી, ધાતુઓ અને એનર્જી કોમોડિટીઝના ભાવોમાં શકય ટ્રેન્ડ્સ, વૈશ્વિક અર્થવ્યવસ્થા, વ્યાજદરો,

અનુસંધાન પાના ૭ પર

## માર્કેટ એક્સ્પર્ટ શ્રી દેવેન ચોકસીએ કોમોડિટી માર્કેટ સંદર્ભે માર્ગદર્શન આપ્યું



# જયાબેન મોદી હોસ્પિટલ ખાતે નવી આધુનિક સેવાનું લોકાર્પણ

## હોસ્પિટલમાં નવીસુવિધાનો આરંભ કરાવતા મંત્રી ઈશ્વરસિંહ પટેલ

અંકલેશ્વર, તા.૯

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ સોસાયટી દ્વારા સંચાલિત શ્રીમતી જયાબેન મોદી મલ્ટીસ્પેશ્યલિટી હોસ્પિટલ ખાતે ૨૫ બેડની આધુનિક આઈ.સી.યુ., વિશાળ કૉન્ફરન્સ તથા ટ્રેનિંગ હોલ, પેશન્ટ ડોરમેટ્રી, અદ્યતન આઈ.સી.જી. મશીન અને ક્રાયો સ્ટેટ જેવી મહત્વપૂર્ણ આરોગ્ય સુવિધાઓનું લોકાર્પણ ગુજરાત રાજ્યના પાણી અને પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ મંત્રી વરદ હસ્તે કરવામાં આવ્યું. છેલ્લા ચાર દાયકાથી વધુ સમયથી જયાબેન મોદી હોસ્પિટલ અંકલેશ્વરના ઔદ્યોગિક વિસ્તાર અને ભરૂચ તથા નર્મદા જિલ્લાના માટે માત્ર એક આરોગ્ય સંસ્થા તરીકે

અનુસંધાન પાના ૭ પર





# IETE વેસ્ટ ઝોન સેમિનાર અને ISF કોંગ્રેસ-૨૦૨૬ની યજમાનીમાં સહયોગીરુપે અદાણી યુનિવર્સિટી શૈક્ષણિક કેન્દ્ર તરીકે ઉભરી આવી

**અમદાવાદ, ૭ ફેબ્રુઆરી**

"ટ્રેન્ડ્સ એન્ડ ઈનોવેશન ઇન એરોસ્પેસ ઈલેક્ટ્રોનિક્સ" થીમ પર આયોજિત IETE વેસ્ટ ઝોન પરિસંવાદ અને IETE સ્ટુડન્ટ્સ ફોરમ (ISF) કોંગ્રેસ-૨૦૨૬ની યજમાનીમાં સહયોગી બનવા સાથે અદાણી યુનિવર્સિટી એક મુખ્ય શૈક્ષણિક કેન્દ્ર તરીકે ઉભરી આવી છે.

અદાણી યુનિવર્સિટી, ભારતીય અવકાશ સંશોધન સંગઠનના સ્પેસ એપ્લિકેશન સેન્ટર અને ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લિકેશન્સ એન્ડ જીઓ-ઈન્ફોર્મેટિક્સ (BISAG-N) ની દિલ્હીની ઈન્સ્ટિટ્યૂશન ઓફ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર્સ (IETE) ના અમદાવાદ કેન્દ્રના યજમાનપદે યોજાયેલા આ પરિસંવાદની સહયોગી બની હતી. અમદાવાદ અને ગાંધીનગર બંનેમાં આ પરિસંવાદના સત્રો યોજાયા હતા.આજે અમદાવાદના શાંતિગ્રામ ખાતે અદાણી યુનિવર્સિટી કેમ્પસમાં યોજાયેલા આ પરિસંવાદ પરંપરાગત દીપ પ્રાગટ્યથી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.અદાણી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રોફેસર ડૉ. ધવલ પૂજારાએ સ્વાગત પ્રવચનમાં યુનિવર્સિટીના નવીનતા આધારિત શિક્ષણ, શ્રેષ્ઠ સંશોધન અને ઉભરી રહેલા ટેકનોલોજી ક્ષેત્રોમાં સહયોગ પર ધ્યાન કેન્દ્રિત કરવા પર પ્રકાશ પાડ્યો હતો. IETE ના અમદાવાદ સેન્ટરના અધ્યક્ષ શ્રીમતી પ્રીતિ અગ્રવાલે ઉદ્ઘાટકીય પ્રવચન કર્યું હતું.આ કાર્યક્રમના મુખ્ય મહેમાનપદે ઈસરોના સ્પેસ એપ્લિકેશન સેન્ટરના ડિરેક્ટર શ્રી નિલેશ દેસાઈ અને વિશેષ માનવંતા મહેમાન તરીકે યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી આશિષ પાંડેએ ઉપસ્થિત રહ્યા હતા.અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી આશિષ રાજવંશીએ તેમના ચાવીરુપ સંબોધનમાં રાષ્ટ્ર નિર્માણમાં ઈલેક્ટ્રોનિક્સ અને એવિઓનિક્સની વધતી જતી ભૂમિકા, આત્મનિર્ભર ભારતનું વિઝન અને વિક્સિત ભારત ૨૦૪૭ તરફના પ્રયાણ વિષે વિગતે વાત કરી હતી. પરિસંવાદના અધ્યક્ષપદેથી IETE ના પ્રેસિડેન્ટ શ્રી સુનિલે સંબોધન કર્યું હતું.આ પરિસંવાદમાં એરોસ્પેસ ઈલેક્ટ્રોનિક્સના ક્ષેત્રમાં રોજબરોજ ઉમેરાતી ટેકનોલોજી, સંશોધન, પ્રગતિ અને નવીનતાસભર વલણો વિષયે નિષ્ણાતોના વડપણ હેઠળ યોજાયેલા ટેકનિકલ સત્રોમાં આ ક્ષેત્રો સંબંધી વર્તમાન અને ભાવિ આયામોની વિષદ છણાવટ કરવામાં આવી હતી. ઉદ્યોગકારો, વ્યાવસાયિકો, શિક્ષણવિદો, સંશોધકો અને વિદ્યાર્થીઓએ આ પરિસંવાદમાં સક્રિયપણે ભાગ લીધો હતો, પરિણામે પરિસંવાદ જ્ઞાનના આદાન-પ્રદાનનું એક ગતિશીલ પ્લેટફોર્મ બની રહ્યો હતો.આ પરિસંવાદના આયોજનમાં એક સક્રિય સહયોગી બનીને અદાણી યુનિવર્સિટીએ ટેકનોલોજી-કેન્દ્રિત શિક્ષણ અને સંશોધન માટેના કેન્દ્ર તરીકે પોતાની સ્થિતિને મજબૂત કરવા સાથે એરોસ્પેસ અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષમતાઓને સંગીન બનાવવાના રાષ્ટ્રીય પ્રયાસોમાં તેની ભૂમિકા અને યોગદાનની સજ્જતા દર્શાવી છે. ભવિષ્યમાં આ ક્ષેત્રોની જરુરિયાતમાં સતત સહયોગ, સંશોધનોમાં આવશ્યક ભાગીદારી અને નવીનતા-આધારિત વૃદ્ધિના મનોમંથન સાથે આ પરિસંવાદનું સમાપન થયું હતું.

# 'હારવિનીક' સિનેમેટિક્સ દ્વારા મનોરંજન ક્ષેત્રે પદાર્પણ

અમદાવાદની હારવિનીક સિનેમેટિક્સ દ્વારા મનોરંજન ક્ષેત્રે પદાર્પણ કરવામાં આવી રહ્યું છે. આ અંગે માહિતી આપતા હર્ષ શેઠે જણાવ્યું કે અમારો ઉદ્દેશ દર્શકોને મનોરંજન સાથે સામાજીક સંદેશ મળી રહે તે છે.

અમે ૧૧ ગુજરાતી ફિલ્મો ઉપરાંત, શોર્ટમ ફિલ્મ માઈકોવર્ટીકલ અને વેબ સીરીઝ પણ બનાવવા જઈ રહ્યા છીએ કુલ ૪૪ જેટલા પ્રોજેક્ટો ઉપર કામ ચાલી રહ્યું છે. શોર્ટ ફિલ્મ, વેબ સીરીઝ, હારવિનીકનાં પોતાના ઓ.ટી.ટી. પ્લેટ ફોર્મ ઉપર રજુ થશે જ્યારે માઈક્રો વર્ટીકલ, શોર્ટ ફિલ્મ યુ-ટ્યુબ ઉપર રજુ થશે.હારવિનીક સિનેમેટિક્સના નૈતિક રાણા અને વિજયરામ જીયાણી વધુમાં જણાવે છે કે અમે એ માટે પ્રયત્નશીલ છીએ કે સામાજીક સંદેશ અને મનોરંજન સાથે નવોદિત કલાકારો – લેખકો ટેકનિશીયનોને પણ અમારી સાથે પ્લેટ ફોર્મ મળી રહે. જરૂર જણાય આ નવોદિતોને અમે તાલીમ પણ આપીશું અમારો પ્રવેશ મનોરંજન ક્ષેત્રે બદલાવ લાવવામાં સફળ રહેશે એવો વિશ્વાસ છે.





# બ્રાન્ડ બનશે બિઝનેસ વધશેઃ સફળ વેપાર માટે સેલ્સની કેવી હોવી જોઈએ વિવિધ વ્યૂહરચના

આજે સેલ્સ અને ડિસ્ટ્રિબ્યુશનનાં આયામ બદલાઈ રહ્યા છે. બ્રાન્ડની સફળતામાં સેલ્સ વ્યૂહરચના પણ મહત્ત્વનો હિસ્સો છે અથવા એમ કહી શકાય કે કોઈ પણ વેપારી માટે સેલ્સ મહત્ત્વનું પાસુ છે, કારણ તે અંતે પ્રોડક્ટ કે સર્વિસ વેચી નફો કરાવી આપશે. ઓનલાઇન હોય કે ઓફલાઈન, સેલ્સની પણ વ્યૂહરચના હોવી જોઈએ એના પર આજે વિચાર કરીએપ

સેલ્સ વ્યૂહરચનાની વાત કરીએ ત્યારે અંગ્રેજીના બે શબ્દોને સમજવાની જરૂર છે. એ છે : સ્ટ્રેટેજી અને ટેક્ટિક્સ. અર્થાત્? વ્યૂહરચના અને યુક્તિપ વ્યૂહરચના હંમેશાં તમારો અંતિમ ગોલ શું છે તેના વિશે વિચારશે. ઉદાહરણ તરીકે, માર્કેટ શેર વધારવો, નવા પ્રોડક્ટ્સ માર્કેટમાં લોન્ચ કરવા, નવા વિસ્તારો સર કરવા વગેરે. આ બધુ વ્યૂહરચનામાં આવે. જ્યારે નક્કી કરેલો ગોલ કેવી રીતે હાંસિલ કરવો તેના માટે યુક્તિની જરૂર પડે. બીજી રીતે સમજવાની કોશિશ કરીએ તો વ્યૂહરચના કહેશે, કન્ઝ્યુમરને સમજાવો કે અમુક ટૂથપેસ્ટ તમારા બાળકોના દાંત માટે સારી છે અને તે બધા ડેંટિસ્ટો દ્વારા પ્રમાણિત છે. જ્યારે ટેક્ટિક કે યુક્તિનું કામ હશે આ ટૂથપેસ્ટને કેવી રીતે લોકો સુધી પહોંચાડી. બધા મેડિકલ સ્ટોરમાં તેના સેમ્પલિંગ કરવા કે પછી શાળાઓમાં જઈ બાળકોને નાના પાઉચ આપી વાપરવાની સલાહ આપવી, જેથી તે પ્રોડક્ટ બાળકો ટ્રાઈ કરે- અજમાવે.

જ્યારે બ્રાન્ડની વ્યૂહરચના વિષે વિચારીએ ત્યારે ત્રણ સ્તરે સ્પષ્ટતા મેળવવી પડશે. કોર્પોરેટ લેવલ પર વિચારવું પડશે કે મારે શું મેળવવું છે? ગ્રોથ, સ્ટેબિલિટી કે પછી નવી માર્કેટ વિસ્તારવી છે. બીજું, બિઝનેસ લેવલ પર વિચારવું પડશે કે હું કેવી રીતે મારા પ્રતિસ્પર્ધીનો સામનો કરી શકીશ? કસ્ટમર સાથે મારો સંબંધ કેવી રીતે વધુ ગાઢ બનાવીશ? મારી કેટેગરીમાં કેવી રીતે લીડરશિપ મેળવીશ? વગેરે. આની સાથે ત્રીજુ માર્કેટ લેવલ પર વિચારવું પડશે કે હું કેવી રીતે આગળ વધીશ? માર્કેટ પેનીટ્રેશન દ્વારા કે પછી ડેવેલપમેંટ દ્વારા ડાઈવર્સિફાઇ કરીને કે પછી બીજું કંઇ. આ ત્રણ વાતની સ્પષ્ટતા વ્યૂહરચનાનો મહત્ત્વનો ભાગ છે. આ વાત મદદ કરશે અને દિશા આપશે તમારા લક્ષ્ય ઠરાવવા માટે. જ્યારે આ ત્રણ પાસાની સ્પષ્ટતા મળશે ત્યારે તેની મદદ મળશે કઈ વ્યૂહરચના મારે અપનાવવી મારી બ્રાન્ડ માટે પુશ વ્યૂહરચના, પુલ વ્યૂહરચના કે પછી બંનેનું મિશ્રણ. પુશ વ્યૂહરચનામાં કંપની સેલ્સ ટીમના અને ટ્રેડ પ્રમોશન એક્ટિવિટીના સથવારે બ્રાન્ડ માટે કન્ઝ્યુમર ડિમાંડ ઊભી કરવાનું કામ કરશે. આના દ્વારા ડિસ્ટ્રિબ્યુશનની વિવિધ ચેનલો અને તેમના વેપારીઓને, કન્ઝ્યુમરને માલ વેચવા માટે મનાવવામાં આવે છે. તેમને વિવિધ પ્રમોશનલ સ્કીમ્સનો સહારો આપે છે, જેથી માલ વેચવો આસાન થઈ જાય. આમાં વિવિધ ચેનલ્સનો સહારો લેવામાં આવે છે જેમ કે,કંપની પ્રમોટ કરશે હોલસેલરને, હોલસેલર રીટેલરને અને રીટેલર કન્ઝ્યુમરને. પુશ વ્યૂહરચનામાં અમુક કોમન ટેક્ટિકસ વાપરવામાં આવે છે જેવી કે, અલાઉન્સ આપવામાં આવશે, બાઇ-બેક અર્થાત્? પ્રોડક્ટ નહી વેચાય તો પાછો લેવામાં આવશે, ફ્રી ટ્રાયલ્સ, કોન્ટેસ્ટ્સ, ડિસ્કાઉંટ્સ, ડિસપ્લે, પ્રીમિયમ અને વધુ કમિશન વગેરે. આ વાતો કંપની ટ્રેડ ચેનલને ઑફર કરે છે, જેથી માલ માર્કેટમાં પુશ થાય.કન્ઝ્યુમર અમુક બ્રાન્ડ સામેથી ખરીદવા આવે છે અને તેની ડિમાંડ કરે છે આને કહેવાય પુલ વ્યૂહરચના. ઉદાહરણ તરીકે, એપલ કંપની કાલે કોઈ નવું પ્રોડક્ટ લોન્ચ કરશે તો લોકો સામેથી માર્કેટમાં લેવા જશે અને તેની માંગણી કરશે.તમારી બ્રાન્ડની જરૂરિયાત પ્રમાણે અને તેની પ્રસિદ્ધિ અને ડીમાંડ કેટલી છે તેને ધ્યાનમાં રાખી પુશ કે પુલ વ્યૂહરચના નક્કી કરવામાં આવે છે. કઈ વ્યૂહરચના સાચી કે સારી તે તમારો હેતુ શું છે તેના પર નિર્ભર કરેછે. જોકે, કોઈ પણ સફળ બ્રાન્ડ માટે તો માપદંડ હંમેશાં તે હશે કે કન્ઝ્યુમરને તેની બ્રાન્ડની આદત પડે અને તે સામેથી માંગવા આવે અર્થાત્? પુલ વ્યૂહરચનાની ખેવના હરેક બ્રાન્ડને હોવાની. હરેક મોટી કંપની એક ટાર્ગેટ સેટ કરે છે સેલ્સ માટે.ઘણીવાર તમારું પ્રોડક્ટ સેચ્યુરેટ થયું હોય કે તમને લાગે કે નવું કંઈક વિચારવું પડશે સેલ્સ અચીવ કરવા, ટર્નઓવર વધારવા ત્યારે અમુક વ્યૂહરચનાનો તમે સહારો લઈ શકો, જેવી કે તમે નવી માર્કેટમાં જવાનું વિચારી શકો, નવા ઘરાકોને આ માર્કેટમાં શોધો જેથી તમારું સેલ્સ વધી શકે. બીજું, નવી પ્રોડક્ટ કે સર્વિસને લોન્ચ કરવાનું વિચારી શકો. આના દ્વારા તમે તમારા વર્તમાન કસ્ટમરને ટાર્ગેટ કરી શકો ઉપરાંત નવા કસ્ટમર બનાવી શકો. ત્રીજી રસપ્રદ રીત છે અપસેલ અને ક્રોસ સેલ. પ્રોડક્ટ્સને બંડ્લ કરી વેચો, જેમ કે પ્રિન્ટરની ખરીદી સાથે ઈંક ફ્રી કે પછી મોબાઇલની સાથે બેટરી ફ્રીપ ઓનલાઈન માર્કેટમાં આ એક સફળ વ્યૂહરચના ગણાય છે.જો તમારે નવા પ્રોડક્ટ્સ લોન્ચ ન કરવા હોય કે પછી નવી માર્કેટમાં ન જવું હોય તો તમારા વર્તમાન પ્રોડક્ટમાં કૈંક વેલ્યૂ એડીશન કરી કે પ્રપોઝીશન બદલી તમારા હયાત કસ્ટમરને નવો વિશ્વાસ આપી માલ વેચો. સૌથી મહત્ત્વનું તે કે તમારા કસ્ટમરને તમારો માલ ફરી ફરીને ખરીદવાની આદત પાડો. રિપીટ કસ્ટમર કોઈપણ બ્રાન્ડનું સબળ પાસું છે.

# સૂર્યાસ્ત અને પ્રકૃતિનો નશો

જ્યારે સૂરજ ધીમે ધીમે ક્ષિતિજ તરફ ઝુકવા લાગ્યો, પાર્ક સોનેરી ઓપમાં ન્હાવા લાગ્યો. હું પરત ફર્યો. રસ્તામાં જે ઝાડ પાસે પહેલાં ચીબરી હતી, ત્યાં હવે એનાં સાથીદાર પણ હતા. અંતે વેટલેન્ડ પાસે સૂર્યાસ્ત જોવા બેઠો. ડાર્ટર સૂકા ઝાડ પર બેઠો હતો. પક્ષીઓનાં ટોળાં માળા તરફ પરત ફરી રહ્યાં હતા. નીલગાય પાણીમાં ચક્કર લગાવી રહી હતી. વાદળાં સૂરજને ઢાંકી લેવા નાહક કોશિશ કરી રહ્યાં હતા અને હું પ્રકૃતિના નશામાં ચૂર હતો.ઢળતા સૂર્યપ્રકાશમાં એવું લાગે કે પ્રકૃતિની આંખ આપણને જોઈ રહી છે અને કંઈક કહી રહી છે.

ભારતનું સ્ટ્રોબેરી પાટનગરઃ મહારાષ્ટ્રમાં આવેલું મહાબળેશ્વર સ્ટ્રોબેરીનું કેન્દ્ર નથી કહેવાતું. તેના પોતાના અનોખા ગુણો છે જે તેને સ્ટ્રોબેરી ઉત્પાદનમાં અગ્રેસર બનાવે છે. દેશના ૮૦% સ્ટ્રોબેરી મહાબળેશ્વરમાંથી આવે છે. જાણો કેવી રીતે મહાબળેશ્વર સ્ટ્રોબેરીનું કેન્દ્ર બન્યું.

ભારતનાં ઘણાં શહેરો તેમનાં ફળો માટે પણ જાણીતા છે. ઉદાહરણ તરીકે નાગપુરને નારંગી શહેર, માલદાને કેરીનું શહેર અને મુઝફ્ફરપુરને લીચીનું કેન્દ્ર તરીકે ઓળખવામાં આવે છે. તેવી જ રીતે મહારાષ્ટ્રમાં આવેલું મહાબળેશ્વરને સ્ટ્રોબેરીનું પાટનગર કહેવામાં આવે છે. મહારાષ્ટ્રના સાતારા જિલ્લામાં આવેલું આ હિલ સ્ટેશન તેની ઉત્તમ ગુણવત્તાવાળી સ્ટ્રોબેરી અને વ્યાપારી ખેતી માટે જાણીતું છે. દેશભરમાં ઉત્પાદિત થતી સ્ટ્રોબેરીમાંથી ૮૦% મહાબળેશ્વરમાંથી આવે છે. આ જ કારણ છે કે મહાબળેશ્વરને સ્ટ્રોબેરીનું પાટનગર કહેવામાં આવે છે.

મહારાષ્ટ્રના સાતારા જિલ્લામાં સ્થિત આ હિલ સ્ટેશન ત્રણ કારણોસર સ્ટ્રોબેરીનું કેન્દ્ર બન્યું. તેનું વાતાવરણ, ફળદ્રુપ જમીન અને અદ્યતન ખેતી તકનીકો. તે લાંબા સમયથી ચાલતી પરંપરા સાથે ઉચ્ચ ગુણવત્તાવાળી સ્ટ્રોબેરી ખેતીનો પર્યાય બની ગયું છે. પીક સિઝન દરમિયાન ભારતીય બજારોમાં મહાબળેશ્વર સ્ટ્રોબેરી સૌથી વધુ જોવા મળે છે.

ભારતીય શહેરોમાં તાજી સ્ટ્રોબેરીનો મોટો હિસ્સો મહાબળેશ્વરનો છે. તેનું તાપમાન, ધુમ્મસવાળું હવામાન અને લાલ માટી સ્ટ્રોબેરીની ખેતી માટે આદર્શ છે. સમય જતાં મહાબળેશ્વરે અદ્યતન ખેતી તકનીકો વિકસાવી. પરિણામે મહાબળેશ્વર સ્ટ્રોબેરી ઉત્પાદનમાં અગ્રેસર તરીકે ઉભરી આવ્યું છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ, મહાબળેશ્વરની કુલ વસ્તી ૧૩,૩૯૩ છે.મહાબળેશ્વર મહારાષ્ટ્રના પશ્ચિમ ઘાટમાં સ્થિત છે, જે પુણેથી આશરે ૧૨૦ કિલોમીટર દૂર છે. તેની ઊંચાઈ આસપાસના વિસ્તારો કરતાં હળવું તાપમાન ધરાવે છે. ચોમાસાની ઋતુ દરમિયાન શહેરમાં ભારે વરસાદ પડે છે, જે જમીનની ફળદ્રુપતામાં સુધારો કરે છે અને સ્ટ્રોબેરી, શેતૂર અને રાસબેરી જેવા બાગાયતી પાકોના સારા પાકમાં ફાળો આપે છે.મહાબળેશ્વરમાં ૧૦ સે.થી ૨૫ સે. સુધીનું તાપમાન રહે છે, જે સ્ટ્રોબેરીનાં ફૂલો અને ફળના વિકાસ માટે આદર્શ છે. લાલ લેટેરાઈટ માટી ખનિજોથી સમૃદ્ધ છે અને વધારાનું પાણી સરળતાથી કાઢી નાખે છે, પાણી ભરાવા અને મૂળના રોગોને અટકાવે છે. આ કુદરતી વાતાવરણ ફળની મીઠાશ, કદ અને શેલ્ફ લાઈફમાં નોંધપાત્ર સુધારો કરે છે.

મહાબળેશ્વરમાં વ્યાપારી રીતે સફળ સ્ટ્રોબેરીની ઘણી જાતો ઉગાડવામાં આવે છે. ચાંડલર જાત તેના મોટા કદ અને સમૃદ્ધ સ્વાદને કારણે સૌથી વધુ ઉગાડવામાં આવતી જાત છે. સ્વીટ ચાર્લી તેની વહેલી પરિપક્વતા અને મીઠાશ માટે લોકપ્રિય છે. કેમારોસા જાત તેની કઠિનતા અને પરિવહનની સરળતા માટે ઉગાડવામાં આવે છે. આ જાતો તાજા સ્ટ્રોબેરી બજાર અને પ્રોસેસિંગ ઉદ્યોગ બંનેની જરૂરિયાતોને પૂર્ણ કરે છે. •

# ભરતપુરઃ ઇતિહાસ કરતાં પણ વધુ જીવંત પ્રકૃતિ

હજારો પક્ષીઓના લોહીથી ક્યારેય ખરડાયેલું અને આજે ફરી ફરીને પક્ષીઓનું માનીતું ઘર બની ગયેલું યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે ઓળખાતું એક અનોખું સ્થળ છે ભરતપુર રાષ્ટ્રીય ઉદ્યાન. પૂર્વ રાજસ્થાનમાં આવેલું આ ઐતિહાસિક વેટલેન્ડ દુનિયાભરના પક્ષીપ્રેમીઓ માટે સ્વર્ગ સમાન છે. તેનું બીજું નામ છે કેઓલાદેઓ ઘના નેશનલ પાર્ક, જેનું નામ પાર્કની અંદર આવેલા કેઓલાંદેવ મહાદેવના મંદિર પરથી પડ્યું છે.

મેં કૃષ્ણને ક્યારેય વાંસળી વગાડતા જોયા નથી પણ એમનું અસ્તિત્વ ક્યાંક તો હશે જ એવું હું વારંવાર અનુભવું છું. ક્યારેક બુલબુલના મધુર ગાનમાં, ક્યારેક લીફબર્ડના કલરવમાં, ક્યારેક પીળકના લાંબા સૂરાંત ગીતમાં અને ક્યારેક લક્કડખોદના કર્ણપ્રિય કોલમાં. શ્રીરામની સૌમ્યતા પણ મેં ક્યારેય આંખે જોઈ નથી, પણ રેશમી રૂની પૂણી જેવા બગલાઓમાં, રોઝી પેલીકનની નાજુક રંગતામાં અને ફ્લેમિંગોની અદ્ભુત ભવ્યતામાં એવું લાગે કે સૌમ્યતાએ જ અહીં સ્વરૂપ ધારણ કર્યું છે.

હનુમાનજીનો સાક્ષાત્કાર ક્યારેય થયો નથી, છતાં અહીંના રિસસ મકાક અને લંગુરને જોતા એ વિશ્વાસ ક્યારેય ડગમગતો નથી કે શક્તિ અને ચપળતાનું કોઈ દૈવી સ્વરૂપ પ્રકૃતિમાં અવશ્ય જીવંત છે. અને આ બધું જ મને એક જ સ્થળે મળ્યું ભરતપુરમાં.

ભરતપુરઃ ઈતિહાસ કરતાં પણ વધુ જીવંત પ્રકૃતિ


ભરતપુરનું નામ રાજા શ્રીરામના ભાઈ ભરતના નામ પરથી પડ્યું હોવાનું કહેવાય છે. ઈતિહાસના પાનાં ઉથલાવીએ તો અહીં અનેક રાજવીઓનું શાસન અને સંઘર્ષ જોવા મળે છે. ભરતપુરનો લોહગઢ કિલ્લો દુનિયાભરમાં જાણીતા મજબૂત કિલ્લાઓમાંનો એક છે.જોકે રાજકીય ઈતિહાસ કરતાં પણ વધુ રસપ્રદ છે અહીંનું જીવંત શ્વાસ લેતું વેટલેન્ડ કેઓલાદેઓ.હું જ્યારે પ્રકૃતિના આ આકર્ષણથી ખેંચાઈને અહીં પહોંચ્યો, ત્યારે દિવસની શરૂઆત સવારના પાંચ વાગ્યે થઈ. ફતેહપુર સિક્રીના દરવાજા પાસે, હાઈવે પર બસમાંથી ઉતર્યો. આસપાસ આછેરો પ્રકાશ હતો અને આકાશમાં કેસરી ઝાંયવાળી ચૂંદડી જેવી ઊજળી છાયા ધીમે ધીમે ધરા પર પાથરાતી હોય એવો ભાસ થતો.એ સમયે પક્ષીઓનાં ટોળાં પાર્ક તરફ ઊતરતા હતા બિલકુલ એમ કે જાણે કોઈ વિશાળ ઉજવણીમાં મહેમાનો આવતાં હોય. આખું વાતાવરણ એવું લાગતું કે આજે પક્ષીઓનો કોઈ મોટો ઉત્સવ છે.શોખીનોની શિકારભૂમિથી સુરક્ષિત આશ્રયસ્થાન સુધીઅફસોસની વાત એ છે કે ૧૯મી સદીના અંત સુધી આ જગ્યા રાજા-મહારાજાઓ અને નવાબોના શોખ માટે પાશવી આનંદની શિકારભૂમિ હતી. બ્રિટિશ વાઈસરોયને ખુશ કરવા માટે અહીં દર વર્ષે ડક હંટિંગ ફેસ્ટિવલ યોજાતો.૧૯૩૮માં ભારતના ગવર્નર જનરલ લોર્ડ લિન્લિથગોએ માત્ર એક જ દિવસે આશરે ૪૨૭૩ પક્ષીઓને ગોળીએ ઠાર માર્યા હતા. અને છેલ્લું હંટિંગ ૧૯૬૦માં ભારતીય આર્મીના સ્ટાફ ચીફ જનરલ જે.એન. ચૌધરી દ્વારા થયું.


પછી સમય બદલાયો

૧૯૮૧માં આ સ્થળને ભરતપુર નેશનલ પાર્ક તરીકે જાહેર કરવામાં આવ્યું અને ૧૯૮૫માં તેને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો મળ્યો. ત્યારથી પક્ષીઓને અહીં સાચું રક્ષણ મળ્યું અને આજે આ જ જગ્યા હજારો પક્ષીઓનું સુરક્ષિત ઘર બની ગઈ છે.

વિશ્વભરના પ્રવાસી પક્ષીઓનું શિયાળું ઘર

દર વર્ષે શિયાળામાં અફઘાનિસ્તાન,







રશિયા, સાઈબીરિયા,

તુર્કિસ્તાન, ચીન અને મોંગોલિયા જેવા પ્રદેશોથી હજારો પક્ષીઓ અહીં આવે છે. અંદાજે ૩૭૫થી વધુ જાતિઓનું આ મેળાવડો ભરતપુરને એક વૈશ્વિક પક્ષીભૂમિ બનાવે છે.

પરંતુ માનવીનું પર્યાવરણમાં અયોગ્ય દખલ કેટલું ભયાનક પરિણામ આપી શકે એનું સૌથી કરુણ ઉદાહરણ છે સાઈબિરીયન ક્રેન.

સાઈબિરીયન ક્રેનઃ એક દુઃખદ વિદાય

કદી એક સમય હતો જ્યારે સાઈબિરીયન ક્રેન ભારતમાં ખાસ કરીને ભરતપુરમાં નિયમિત જોવા મળતા. પ્રકૃતિએ આ સ્થળમાં એવા રંગો ભર્યા હતા કે પક્ષીઓએ એને પોતાનું ઘર બનાવી લીધું.

૧૭મી સદીના ચિત્રકાર ઉસ્તાદ મન્સૂરનાં ચિત્રોમાં પણ સાઈબીરિયન ક્રેન અહીં દર્શાવાયેલા મળે છે. ૧૯૬૪-૬૫ દરમિયાન તો લગભગ ૨૦૦ જેટલા ક્રેન અહીં જોવા મળ્યા હતા જેનો ઉલ્લેખ લોરેન્સ એચ. વોકિશોએ પોતાની પુસ્તક ઝહ્રિહીર્જકંરી ઉજ્ઞિંદ્ધ (૧૯૭૩) માં કર્યો છે.૯ નવેમ્બર ૨૦૦૧ના રોજ સવારે લગભગ ૮:૩૦ વાગ્યે પાર્કના કેટલાક નેચર ગાઈડને અચાનક સાઈબીરિયન ક્રેનનો કોલ સંભળાયો. સૌ કોઈ આશ્ચર્યમાં આકાશ તરફ જોયું અને ખરેખર એક જોડી પાર્ક તરફ આવતી દેખાઈ. એ દિવસ ખુશીનો હતો પણ એ ખુશી લાંબી નહોતી.કારણ કે એ જોડી જ ભારત માટે છેલ્લી સાઈબીરિયન ક્રેન સાબિત થઈ. ૨૦૦૧ પછી આજ સુધી ભારતે સાઈબીરિયન ક્રેન ફરી ક્યારેય જોયા નથી.આ પ્રજાતિ આજે માત્ર બે વિસ્તારોમાં જ બચી છે એક પૂર્વીય ક્ષેત્ર (સાઈબીરિયા-ચીન) અને બીજો પશ્ચિમી ક્ષેત્ર (ઈરાન-કાસ્પિયન કિનારો). ભારત સુધી આવતો તેમનો સ્થળાંતર માર્ગ માણસોના શિકાર અને અવરોધોથી તૂટી ગયો.અને આ માટે જવાબદાર છે માણસનજીકના ભવિષ્યમાં ગુજરાતની શાન ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ અને બંગાળ ફ્લોરિકન માટે પણ નામશેષ શબ્દ લાગુ પડી જાય તો નવાઈ નહીં.

કેઓલાદેઓ ઘના નેશનલ પાર્કમાં મેં દેશ-વિદેશનાં અનેક પક્ષીઓના કરતબ કલાકો સુધી નિહાળ્યા છે. સાઇકલ લઈને પાર્કના ખૂણે ખૂણે ફરવું એટલે પ્રકૃતિને હાથમાં લઈ લેવું. આછેરા સૂર્યપ્રકાશમાં પેડલ મારતા મારતા એક અનોખી સ્ફૂર્તિ શરીરમાં વહેતી અનુભવાતી.ક્યાંક કોઈ રંગબેરંગી પક્ષી અચાનક નજીકથી ઊડી જાય એવું લાગે જાણે હાય-હેલો કરીને છટકી ગયું હોય.સાઇકલ આગળ વધે છે અને જમણી તરફ સૂકા ઝાડની ડાળી પર આરામ કરતી ચીબરી દેખાય. કેમેરો ઉપાડું ક્લિક! શરૂઆત જ ગમતા પક્ષીથી થાય એટલે મન ખુશ થઈ જાય.એક હાથમાં સ્ટિયરિંગ, કમરમાં કેમેરો, પાછળ કેરિયર પર બેગ અને આંખો ચોતરફ પક્ષીઓ શોધતી રહે. થોડીક વારમાં ડાળીઓ વચ્ચે સૂર્યકિરણો ખેલતા નજરે ચઢે અને એ પ્રકાશમાં રિસસ મેકાક અને નાના માંકડાઓની નિર્દોષ મસ્તી દેખાય. વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફીની મારી પ્રેક્ટિસ માટે એ મારો મનપસંદ વિષય છે.આગળ વેટલેન્ડમાં ભગવી સુરખાબની જોડી પાણીની સપાટી પર આનંદ માણતી દેખાય. થોડી દૂર પેઈન્ટેડ સ્ટોર્કના જુવેનાઈલ બચ્ચાઓ મસ્તી કરે. એક તરફ માનસરોવરનાં રાજહંસોનું ટોળું ઉતરાણ કરે હિમાલયનાં ઊંચાં શિખરો પરથી ઊડીને અહીં શિયાળો ગાળવા આવ્યા હોય એવા આ દશ્યો મનને મંત્રમુગ્ધ કરી દે. ગુલાબી પેણ, સફેદ બગલાં, ગયણાં, લુહાર બધું જ અહીં સહજ રીતે મળતું જાય.

ભરતપુર ક્યારેય ખાલી હાથ પરત મોકલતું નથી

ભરતપુર એવું સ્થળ છે જે તમે ખાલી હાથ ક્યારેય છોડશો નહીં.

તંત્રી લેખ...-

સોમવાર, તા. ૯ ફેબ્રુઆરી ૨૦૨૬

# સંસદમાં કાર્યવાહી શરૂ થશે કે ફરી ધમાલની ભેટ ચડશે ?

રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ વિપક્ષી સભ્યોએ લોકસભામાં ધાંધલ-ધમાલ અને બહિષ્કાર કર્યા પછી હવે વિપક્ષમાં ઘણા સભ્યો સોમવારથી કાર્યવાહીમાં સામેલ થવા માગે છે. આ બાબતે નિર્ણય લેવા સોમવારે સવારે વિપક્ષી નેતાઓની બેઠક મળનાર છે. કોંગ્રેસનું વલણ ત્યારે જાણવા મળશે. લોકસભાની બજેટ બેઠકમાં ધમાલના કારણે હજુ સુધી બજેટની ચર્ચા પણ પૂરી થઈ નથી. રાષ્ટ્રપતિજીના મંગળ પ્રવચન બદલ આભાર માનતી દરખાસ્ત ઉપર ચર્ચા થાય ત્યારે સભ્યો પોતાના વિસ્તાર-ક્ષેત્રની સમસ્યાઓની રજૂઆત કરી શકે છે.

ચર્ચાના વિષયની મર્યાદા હોતી નથી, પણ રાહુલ ગાંધીએ સેનાના પૂર્વ વડાના અપ્રકાશિત પુસ્તકમાંથી કેટલીક માહિતી ટાંકવાનો આગ્રહ રાખ્યો અને સ્પીકરે મંજૂરી નહીં આપતાં ધમાલ શરૂ થઈ હતી. સ્પીકરે કેટલાક સભ્યોને સસ્પેન્ડ પણ કર્યા. આ દરમિયાન કોંગ્રેસના કેટલાક મહિલા સભ્યોએ વડાપ્રધાનની બેઠક સુધી ધસી જવાનો પ્લાન કર્યો હોવાની માહિતી - અથવા અણસાર આવી ગયો હોવાથી સ્પીકરે વડાપ્રધાન ગૃહમાં આવે નહીં એવું સૂચન કર્યું હતું. આ બધી ધમાલના કારણે ગૃહમાં કાર્યવાહીના ૧૯ કલાકો વેડફાઈ ગયા. હવે ઘણા સભ્યોની લાગણી અને માગણી એવી છે કે, કાર્યવાહીમાં ભાગ લેવો જોઈએ. સૌને પોતાના ક્ષેત્રના પ્રશ્નો રજૂ કરવાની તક ગુમાવવી પરવડે નહીં. સ્પીકરને મળીને સભ્યોના સસ્પેન્શન રદ કરવાની વિનંતી થશે. વિપક્ષી સભ્યો કાર્યવાહીમાં સહકાર આપતા હોય તો સ્પીકર સસ્પેન્શન પાછું ખેંચવા તૈયાર હશે એમ જણાય છે. કોંગ્રેસને સંબંધ છે ત્યાં સુધી સભાત્યાગ અને બહિષ્કારથી પબ્લિસિટી મળી, પણ વડાપ્રધાને રાજ્યસભામાં વિપક્ષ અને રાહુલ ગાંધી ઉપર જે આકરા પ્રહાર કર્યા છે, તેનો 'જવાબ' આપવાની તક ગુમાવી છે. હવે કાર્યવાહી શરૂ થાય તો પણ અપ્રકાશિત પુસ્તકની માહિતી ટાંકવાની પરવાનગી મળશે ? રાહુલ ગાંધી પુસ્તકની માહિતીનો સંદર્ભ બદલીને એવો પ્રચાર કરે છે કે, વડાપ્રધાને લશ્કરી પગલાંની જવાબદારી લીધી નહીં - અને સેનાના વડા જનરલ નરવણેને કહ્યું - યોગ્ય લાગે તે નિર્ણય કરો. આમાં કાંઈ જ ખોટું નથી, પણ રાહુલ ગાંધી કૂપ્રચાર કરી રહ્યા છે. સંસદની કાર્યવાહીના રેકોર્ડ ઉપર મૂકવા માગે છે, તેથી સ્પીકરે મંજૂરી આપી નથી. સોમવારે સંસદનું સત્ર શરૂ થાય ત્યારે જેની કાગડાળે રાહ જોવાય છે એ વડાપ્રધાન મોદીના સમાપન ભાષણ પર નજર રહેશે. કોંગ્રેસે ગતિરોધ ઊભો કરીને દેશના મીડિયામાં હાજરી પૂરાવી દીધી છે, પણ વડાપ્રધાનના જવાબ પછી ઉપપ્રશ્નો પરથી ધ્યાન હટીને નરેન્દ્ર મોદીના વકતવ્ય પર જશે. વિરોધ પક્ષોના એક-એક તીરનો સજ્જડ જવાબ આપવામાં તેઓ માહેર છે. તેમના પ્રહારો વિપક્ષો સહન કરી શકશે કે પછી ફરી તેમાં અવરોધ ઊભો કરીને ધાંધલ-ધમાલ કરશે ? આમ પણ દેશની જનતા વિપક્ષો પાસે રચનાત્મક વિરોધની આશા રાખે છે. ટકરાવની રાજનીતિ દેશના વિકાસને અવરોધે છે એ બધા જાણે છે, તેમ છતાં સંસદના સત્રોમાં ગતિરોધ સર્જાતા રહે છે એ નિવારવાની જવાબદારી પણ વિપક્ષી નેતાઓની છે.

# ગરીબી ઓછી થઈ છે ખરી ?

ભારત જેવા વિશાળ દેશમાં ગરીબીનો મુદ્દો આઝાદીના સાત દાયકા બાદ પણ ચર્ચામાં રહ્યો છે. તાજેતરમાં રજૂ કરાયેલી આર્થિક સમીક્ષામાં દેશનાં સાવ નીચલાં સ્તરના લોકોની પાંચથી દસ ટકા વસ્તીની ખરીદી પાછળના ખર્ચમાં વધારો થયો હોવાનો ખાસ ઉલ્લેખ કરાયો છે. આ ઉલ્લેખે આડકતરી રીતે ગરીબીનો સામનો કરતા વર્ગની હાલત સુધરી રહી હોવાની ચર્ચા છેડી છે. એવા સંકેતની વાતો થવા લાગી છે કે, ગરીબીનો વ્યાપ ઘટી રહ્યો છે, પણ આ બદલાવ - સુધારાને ગરીબી ઘટી હોવાની વાત સાથે સીધી રીતે સાંકળી શકાય કે નહીં એ સવાલ હજી યથાવત્ રહ્યો છે. આર્થિક સમીક્ષામાં સરકારે કહ્યંઅ હતું કે, સરકારના સબીસિડી, પેન્શન, શિક્ષણ અને આરોગ્ય સેવામાં સુધારાનાં પરિણામે સૌથી નબળા વર્ગની હાલત સુધરી છે. આમ તો છેલ્લાં થોડાં વર્ષમાં અર્થતંત્રની હાલત બદલી હોવાની અસર તમામ ક્ષેત્રે અનુભવાઈ રહી છે, પણ ગરીબીમાંથી બહાર આવવાના માપદંડ સામે સવાલ યથાવત્ છે. આ પ્રક્રિયામાં માત્ર વસ્તુઓની વધેલી ખરીદીને આધાર બનાવી શકાય નહીં. આર્થિક સમીક્ષામાં એમ કહેવાયું છે કે, દેશમાં ગ્રાહકલક્ષી અસમાનતા ઘટી છે, પણ આ હકીકતને ગરીબી ઓછી થઈ હોવાના સંકેત સમાન ગણી શકાય નહીં. આ સમીક્ષા મુજબ છેલ્લાં બે વર્ષમાં સમાજના સૌથી નીચલના વર્ગની વ્યક્તિદીઠ સરેરાશ માસિક આવક વધી છે. આ માટે સરકારી નીતિઓના વધેલા ફાયદાને કારણરૂપ ગણાવાયા છે. આ અહેવાલમાં આવક વધવાની સાથે આ વર્ગની ખર્ચ કરવાની ક્ષમતા પણ વધી છે. સ્વાભાવિક છે કે, આવક વધે એટલે ખર્ચની ક્ષમતા પણ વધી જાય છે. વક્રતા એ છે કે, મોંઘવારી વધવાની સાથોસાથ રોજબરોજની વસ્તુઓની ખરીદીની પાછળનો ખર્ચ વધ્યો છે. વળી આવક ઓછી પડે છે ત્યારે આ વર્ગને લોન લેવાની કે વ્યાજે નાણાં લેવાની ફરજ પડે છે. એક તરફ સરકાર ગરીબ વર્ગને મફત રાશન આપવાની યોજના ચલાવી રહી છે. આવા ૮૦ કરોડ લોકોને આ રાશન આપવાની સરકારને ફરજ એટલા માટે પડી રહી છે કે, તેઓ ગરીબીની રેખાની નીચે છે. આ યોજના ખરા અર્થમાં ગરીબીના માપદંડ સમાન ગણાવી જોઈએ. સરકારે દરેક વખતે કોઈ ને કોઈ આંકડાકીય આધાર અગળ ધરીને ગરીબી ઓછી થઈ હોવાનું બતાવવાના પ્રયાસ કરવા પડે છે. આવું ધ્યાન ખેરખર તો પાયાનાં સ્તરે સુધારા પર આપવાની જરૂરત છે. નબળા વર્ગોને વિકાસ અને તેમની આજીવિકા માટે કાયમી વ્યવસ્થા ઊભી કરવાનાં પગલાં લેવાવાં જોઈએ. ગરીબોને શિક્ષણ અને રોજગારીની તકો મળતી થાય તો ગરીબી ખરા અર્થમાં ઘટી શકે તેમ છે.

## નેતાને સત્તા મળી જવાની આશા હતી. હવે તેના ઉપર પાણી (તેલ) ફરી વળ્યું છે !

# આપત્તિ અવસર બને છે

## અમેરિકી કંપનીઓ ભારતમાં મૂડીરોકાણ કરવા આતુર છે અને તાજેતરના મહિનાઓમાં લાઈન લાગી છે !

કહેવાય છે કે દુનિયા ઝૂકતી હૈ, ઝુકાનેવાલા ચાહિયે...! આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ઝુકાવ્યા ! ટ્રમ્પે ભારત ઉપર પચાસ ટકા જકાત નાખી અને ભારતનાં અર્થતંત્રને મૃતઃપ્રાય જાહેર કર્યું, પણ હવે 'અચાનક' જકાત ઘટાડીને ૧૮ ટકા કરી છે. આપણી આસપાસના દેશો - પાકિસ્તાન, બાંગલાદેશ અને યુરોપ - કેનેડા કરતાં પણ ભારતના માલ - સામાન ઉપર જકાત ઓછી કરવામાં આવી. આ 'ચમત્કાર' પાછળ મોદીની ચાણક્યનીતિ છે ! મૌન અને ધૈર્યની શક્તિ છે. અમેરિકા સાથે સંબંધ સુધરે અને ટ્રમ્પ ઝૂકે તેથી દુનિયા ખુશ છે. આપણને ગૌરવ છે, પણ આપણા 'સ્વદેશી ટ્રમ્પ'નાં પેટમાં ચૂંક ઊપડી છે ! મોદી સાથે દોસ્તી હોય તો ટ્રમ્પને રાહુલ ગાંધીની જરૂર છે ખરી ? ટેરિફ ઘટાડા અને સમજૂતી સૌ સમજદાર લોકોએ આવકારી. અન્ય વિદેશી નેતાઓએ જોયું કે ભારત મક્કમ છે - શરણાગતિ સ્વીકારી નથી. આંતરરાષ્ટ્રીય સંબંધની નવી દિશા ખોલી છે - ત્યારે રાહુલ ગાંધી કહે છે : મોદીએ ભારતના કિસાનોનાં હિતનો ભોગ આપ્યો છે. મોદીએ કિસાનોનાં ખૂન - પસીના વેચી માર્યા છે ! વાસ્તવમાં શરૂઆતથી જ ભારતે કૃષિ અને ડેરી ઉદ્યોગના ભોગે સમજૂતી - વ્યાપાર સોદો નહીં થાય એવી જાહેરાત કરી હતી અને ફરીથી ખાતરી આપી છે. વ્યાપાર - સોદાની વિગતો ટૂંકમાં જાહેર થનારી છે. મુખ્ય મુદ્દો રશિયા પાસેથી ક્રૂડતેલની ખરીદીનો છે. ટ્રમ્પનો આક્ષેપ હતો કે રશિયન ઓઈલ ખરીદીને ભારત યુક્રેન યુદ્ધમાં રશિયાને આર્થિક મદદ કરે છે, પણ ભારતની દલીલ અને નીતિ સ્પષ્ટ રહી છે કે સસ્તા ભાવ અને પુરવઠાની ખાતરી અમને મળી છે. મોંઘા ભાવે તેલ ખરીદાય તો ભારતીય અર્થતંત્ર અને જનજીવન તદ્દન ખોરવાઈ જાય. આંદોલનો અને અરાજક્તા સર્જાય. આવી સ્થિતિમાં વિરોધી

નેતાને સત્તા મળી જવાની આશા હતી. હવે તેના ઉપર પાણી (તેલ) ફરી વળ્યું છે ! અમેરિકાએ વેનેઝુએલાના તેલભંડાર ખૂંચવી લીધા પછી આપણને સસ્તા ભાવની ઓફરી કરી છે અને આપણે આયાત શરૂ કરી છે. પ્રશ્ન આપણાં રાષ્ટ્રીય હિત અને અર્થતંત્રનો છે. રશિયા પણ આ વાત સ્વીકારે છે. ભારત અમેરિકાના પગે પડયું અને દબાણમાં આવ્યું એમ કહેનારા - નેતાઓ તો લોકોને મૂર્ખ બનાવવાના પ્રયાસ કરે છે. એટલું જ નહીં, અમેરિકા સાથેની સમજૂતીની સફળતા - સિદ્ધિ ઝાંખી પાડવા માટે સંસદમાં ધાંધલ - ધમાલ મચાવી અને લોકોનું ધ્યાન સરકારની 'નિષ્ફળતા' તરફ ખેંચવા માટે વિવાદ જગાવ્યા. લોકસભામાં વડાપ્રધાન ચર્ચાનો જવાબ આપી શક્યા નહીં. કોંગ્રેસે 'મહિલા શક્તિ'ને આગળ કરી, પણ કારી ફાવી નહીં. ભારતીય સેનાના નિવૃત્ત વડાનું અપ્રકાશિત પુસ્તક ફંગોળીને સેનાને વિવાદમાં ખેંચવાનો બેશરમ પ્રયાસ કર્યો. આવા પ્રયાસમાં રાષ્ટ્રહિત વિરુદ્ધ સત્તાનું રાજકારણ સ્પષ્ટ છે. હકીકતમાં વ્યાપાર સમજૂતી ભારત અને અમેરિકા - બંનેનાં હિતમાં છે. અમેરિકા ધરખમ આયાત કરે છે. ભારતના નિકાસ વ્યાપારનો પાંચમો ભાગ માત્ર અમેરિકામાં જાય છે. મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનિક માલ -સામાનથી ધૂમ મચાવે છે. ભારત અને 'મેઈડ ઈન ઈન્ડિયા'ની બોલબાલા છે. અમેરિકી કંપનીઓ ભારતમાં મૂડીરોકાણ કરવા આતુર છે અને તાજેતરના મહિનાઓમાં લાઈન લાગી છે ! એઆઈનાં ક્ષેત્રમાં મોટાં મૂડીરોકાણ થઈ રહ્યાં છે. અમેરિકાની ફાઈનાન્સ ઈન્ડસ્ટ્રી ભારતને પ્રથમ પસંદગી આપે છે. આપણાં બજેટ અને આર્થિક સુધારા એક્સપ્રેસથી પ્રભાવિત છે. નરેન્દ્રભાઈએ ટ્રમ્પને કોઈ શાંતિ એવોર્ડ આપવાની કે તે માટે ભલામણ કરવાની ખાતરી આપી નથી કે ખટારા ભરીને ભેટ - સોગાદના ઢગલા કર્યા નથી. અમેરિકાને પણ ભારતની જરૂર છે - એવું ભાન કરાવ્યું છે. મોદી અને ભારતની અયોગ્ય ટીકા કરવા છતાં મોદીએ મૌન જાળવીને - ચૂપચાપ વ્યાપારની નવી દિશાઓ ખોલી છે. ટ્રમ્પે કેનેડા અને યુરોપ સામે દાદાગીરી કરી તો આપણે હાથ લંબાવ્યા અને યુરોપિયન યુનિયન સાથે 'મધર ઓફ ઓલ ડીલ્સ' સૌથી મોટી સમજૂતી કરી. યુરોપિયન યુનિયન સાથે વ્યાપાર - કરારના પ્રયાસ વીસ વર્ષથી થઈ રહ્યા હતા. ટ્રમ્પનાં ટેરિફ વોરનાં કારણે યુરોપે ભારત સાથે સમજૂતી કરી ટ્રમ્પે ગ્રીનલેન્ડનો કબજો લેવાની ધમકી પાછી ખેંચી તેથી યુરોપ પણ અમેરિકા સાથે વ્યાપાર કરવા તૈયાર છે. આખરે ટ્રમ્પે ભારતને 'દાદીમા' જેવી ઓફર કરી ! પાકિસ્તાન અને બાંગલાદેશના માલ ઉપર વીસ ટકા જકાત છે : આપણા માટે ૧૮ ટકા. રશિયન તેલની ખરીદી બદલ સજારૂપે પચ્ચીસ ટકા હતા, તે પણ હવે રદ થાય છે. હકીકતમાં અમેરિકા દુનિયામાં એકલું પડી રહ્યું છે એવું ભાન ટ્રમ્પને થયું. ટેરિફ વોરથી લઈને ગ્રીનલેન્ડ સુધી - અને કેનેડાથી યુરોપ સુધી - સૌ અમેરિકાના સ્વાર્થ અને દાદાગીરીનો શિકાર બન્યા. અમેરિકા ફર્સ્ટ હોય તો સૌ માટે એમનું દેશહિત પ્રથમ હોય જ. અલબત્ત, આપણા વિરોધ પક્ષો અપવાદ રૂપ છે ! મોદી સરકાર આફતમાં પણ અવસર જોઈને આગળ વધે છે ત્યારે વિરોધીઓને આફતમાં - સત્તા મેળવવાનો અવસર દેખાય છે !

મોદી કિસાનોના હિતવિરોધી છે એવા આક્ષેપ શરૂ કર્યા છે. મલ્લિકાર્જુન ખડગેએ તો રાજ્યસભામાં ધમકી આપી - વર્ષ ૨૦૨૧માં કિસાન આંદોલન થયું હતું તેવું ફરીથી થશે અને મોદીએ પીછેહઠ કરવી પડશે. અમેરિકા સાથેના વ્યાપાર સોદાથી ભારતીય કિસાનો પાયમાલ થશે - એવો પ્રચાર પણ શરૂ થયો છે. દેશ સમક્ષ આપત્તિ હોય ત્યારે એકતા હોવી જોઈએ,

પણ આપણા વિરોધ પક્ષો લડાઈ વખતે પણ રાષ્ટ્રહિતનો વિચાર કરતા નથી એ આપણે જોયું છે. ભારત સરકારે આપત્તિને અવસર ગણીને નિકાસ વ્યાપારની નવી દિશાઓ ખોલી અને કરાર કર્યા. અમેરિકી બજારની ખોટ પૂરાય નહીં, પણ નાના - મોટા દેશો સાથે કરાર કર્યા. હવે ખાડીના આરબ દેશો સાથે કરાર થઈ રહ્યા છે. ટ્રમ્પે કલ્પના કરી નહીં હોય, સ્વપ્ને પણ ખ્યાલ નહીં હોય કે ભારત નવા વિકલ્પ, બજાર શોધી લેશે ! રાજ્યસભામાં વડાપ્રધાને વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ૨૧મી સદીનો ઉત્તરાર્ધ નિર્ણાયક હશે. વિકસિત ભારતનો પ્રભાવ પથરાશે. ભારત વિશ્વમિત્ર અને વિશ્વબંધુની ભૂમિકામાં હશે. ભારતના યુવાવર્ગને સૌથી વધુ લાભ મળશે, એમના માટે વિશ્વનાં દ્વાર ખૂલે છે. હકીકતમાં આપણે ટ્રમ્પનો આભાર માનવો જોઈએ. ટેરિફના પડકારે આપણને નવો અવસર આપ્યો છે. શક્તિ જગાવી છે.

## કચ્છમાંથી સંશોધકોએ કેટલાય અજાયબ કરનારા ફોસિલ્સ કે સ્થળો શોધી કાઢ્યા છે.

# ૧૫૦૦ વર્ષ જૂનું માનવ હાડાપિંજર

- વીસ કરોડ વર્ષ પહેલાં મહાકાય ડાયનોસોર પ્રાણી કચ્છની ધરતીને ધમરોળતાં હતાં. એ કલ્પના માત્ર સંશોધકો અને સામાન્યજનને પણ રોમાંચનો અનુભવ કરાવે છે.

લખનઉ સ્થિત બિરબલ સહાની ઈન્સ્ટિટ્યૂટના સંશોધક-ભૂસ્તરશાત્રીઓની ટુકડીએ રાપર તાલુકાના પાલનપુર નજીક ૧૫૦૦ વર્ષ જૂનું માનવ હાડાપિંજર શોધી કાઢ્યું એ ઘટના આ વિષયમાં રસ ધરાવનારાઓને રોમાંચિત કરનારી છે. ડો. મહેશ ઠક્કરને એ ક્ષેત્રમાં નિરંતર ભ્રમણ કરીને અવનવી માહિતી ખોજી કાઢતા પત્રકાર મહાદેવ બારડે આપી હતી. તેને આધારે વૈજ્ઞાનિક પદ્ધતિએ ખોદકામ કરીને નરકંકાલના અવશેષ શોધી કાઢવામાં આવ્યા છે. આ અવશેષોને વધુ પૃથક્કરણ અને સચોટ જાણકારી માટે લખનઉ મોકલવામાં આવશે. કચ્છના પશ્ચિમ અને પૂર્વ ક્ષેત્રમાં આવી અનેક મહત્ત્વપૂર્ણ ખોજ અગાઉ થઈ ચૂકી છે. કુદરતની પ્રયોગશાળા કચ્છ ભૂસ્તરશાત્રીયો માટે દાયકાઓથી આકર્ષણરૂપ રહ્યું છે. પાંચ હજાર વર્ષ જૂની હડપ્પન સાઈટ ધોળાવીરા હોય કે કુરન પાસે નીકળેલી એવી જ સાઈટ, તેની ખ્યાતિ અને મહત્ત્વ દેશ-વિદેશ સુધી પહોંચી ગયા છે. વીતેલાં વર્ષોમાં કચ્છમાંથી સંશોધકોએ કેટલાય અજાયબ કરનારા ફોસિલ્સ કે સ્થળો શોધી કાઢ્યા છે. ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે યુનેસ્કોની માન્યતા મળ્યા પછી પ્રવાસીઓનો મોટો પ્રવાહ એ સ્થળ તરફ વહેતો થયો છે. ધોળાવીરા હડપ્પન સાઈટની સાથે ત્યાં રણકાંધીએ આવેલા ફોસિલ્સ પાર્કનો અનુભવે ગજબનો છે. ૨૦૦૭માં હડપ્પન નગરથી થોડે દૂર ૧૭.૯ કરોડ વર્ષ જૂના વૃક્ષના અશ્મિ મળી આવ્યા હતા. બન્યું એવું હતું કે, વનખાતાંએ પ્રકૃતિ શિબિર યોજી હતી, એ દરમ્યાન ફોરેસ્ટ ગાર્ડ પ્રભુરામ કોળીએ વૃક્ષનો ફોસિલ શોધ્યો. એ પછી એ વિસ્તારમાં કરોડો વર્ષ જૂનાં વૃક્ષોના અનેક ફોસિલ્સ હોવાની સંભાવના જાગી અને આજે ત્યાં નયનરમ્ય ફોસિલ પાર્ક બની ગયો છે. એ વૃક્ષ અશ્મિના નમૂના જોઈને સિનિયર જિયોલોજિસ્ટ બોલી ઊઠયા હતા, 'અનબિલિવેબલ...' કેમ કે, જુરાસિક યુગના જણાતા આટલા જૂના અશ્મિ અગાઉ ક્યાંય મળ્યા નથી. આવા તો અનેક અશ્મિને ગુજરાતના પ્રાગૈતિહાસિક સંપત્તિ કહી શકાય. અગાઉના કેટલાક બીજા રોમાંચક સંશોધનો પર નજર કરીએ તો ખ્યાલ આવે કે, કચ્છ ખરેખર (અશ્મિ) સંપત્તિવાન મુલક છે. ભારત-પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય સરહદ પાસેનો કુંવરબેટ વિસ્તાર ડાયનોસોરના અશ્મિથી સમૃદ્ધ હોવાનું સંશોધકો પૂરવાર કરી ચૂક્યા છે. ડો. પુલીન વસાએ માંડવી તાલુકાનાં કોટડી મહાદેવપુરી ગામ પાસેથી હાયરેન્ટો સોરસ વર્ગના ડાયનોસોરનું ઈંડું શોધી કાઢ્યું હતું. તેનું એ સમયે સીટી સ્કેનિંગ કરાવતાં તેમાં ડાયનોસોરના પૂર્ણવિકસિત બચ્ચાંના ગર્ભની હાજરી સ્પષ્ટ જણાઈ આવી હતી. વીસ કરોડ વર્ષ પહેલાં મહાકાય ડાયનોસોર પ્રાણી કચ્છની ધરતીને ધમરોળતાં હતાં. એ કલ્પના માત્ર સંશોધકો અને સામાન્યજનને પણ રોમાંચનો અનુભવ કરાવે છે. ૨૦૦૭ના જ અરસામાં પશ્ચિમ કચ્છના લખપત તાલુકામાં ગુનેરી અને બાબિયા હિલ્સ તથા તેની આજુબાજુ થયેલાં ખોદકામ દરમ્યાન ૪૦ કરોડ વર્ષ જૂના મનાતા મગરના અશ્મિ મળી આવ્યાનું નોંધાયું છે. ભૂસ્તરશાત્રીઓ અને સંશોધકો માટે લખપત તાલુકો ધરતીમાં અનેક રહસ્યો ધરબીને બેઠો છે. ૨૦૧૨ના જૂન મહિના દરમ્યાન ફુલરા, પાનધ્રો લિગ્નાઈટ ખાણ વિસ્તારમાં ઉત્ખનન દરમ્યાન પાંદડાના ફોસિલ મળી આવ્યા હતા, જે ચારથી પાંચ કરોડ વર્ષ જૂના હોવાનો અંદાજ ભૂસ્તરશાત્રીઓએ બાંધ્યો છે. એ સિવાય વ્હેલ માછલી, કાચબા, કેટફિશના અવશેષો સમયાંતરે મળ્યા છે. સાડા ચાર કરોડ વર્ષ પહેલાં કચ્છમાં મગર બહુ સામાન્ય હતા અને સમુદ્રમાં જ્યાં મગર હતા ત્યાં વ્હેલ, સી કાઉ, શાર્ક માછલીઓનોય વસવાટ હતો. વિજ્ઞાનીઓનાં તારણ મુજબ કરોડો વર્ષ પૂર્વે દરિયામાંય કચ્છ અને જેસલમેરની જમીન સૌ પહેલી ઉપસી આવી હતી, તેને કારણે સમુદ્રમાં રહેતા જીવો સપાટી પર આવી ગયા હોય તેવી સંભાવના છે. લખપત તાલુકાની જેમ પૂર્વ કચ્છનો ખડીર મહાલ વિસ્તાર પણ અશ્મિસમૃદ્ધ છે. અમેરિકાની યેલ યુનિવર્સિટીના વિજ્ઞાનીઓની ટીમે ખડીર - ચેરિયાબેટ વિસ્તારમાંથી ડાયનોસોરનાં હાડકાંના અવશેષ શોધી કાઢ્યા હતા. મા આશાપુરાનાં બેસણા છે અને ભાવિકોના પ્રવાહથી બારેમાસ તીર્થધામ ધમધમી રહ્યું છે એ માતાના મઢ વિસ્તારની અમુક સાઈટ લાલ માટીના લીધે મંગળ ગ્રહ જેવું જ દશ્ય રચે છે. વિજ્ઞાનીઓ - ખગોળશાત્રીઓ સંશોધન કરી શકે એ હેતુથી સાઈટને સુરક્ષિત જાળવી રાખવાની હિમાયત થતી રહી છે, પણ ખનિજની જંગી કમાણીની લહાયમાં કચ્છમાં બેફામ ખોદકામ ચાલી રહ્યું છે. કાયદેસર ઓછું ને ગેરકાયદે વધુ. વર્ષ ૨૦૦૦માં વારાણસીમાં યોજાયેલા દેશભરના ભૂસ્તરશાત્રીઓના સેમિનારમાં એવું તારણ નીકળ્યું હતું કે, સાડા છ કરોડ વર્ષ પહેલાં ભુજમાં મોટાપીર નજીક ઉલ્કા પ્રપાતથી જુરાસિક જીવો નષ્ટ થયા હતા. અહીં એ નોંધનીય છે કે, બનારસ હિન્દુ યુનિવર્સિટીના સેંકડો છાત્રો કચ્છના ભૂસ્તર ઉપર પીએચડી કરી ચૂક્યા છે. કચ્છ સૂકો રણપ્રદેશ છે. સેંકડો કિલોમીટરનો વિસ્તાર નમકાચ્છાદિત કે સૂકો છે. એક સમયે કચ્છની તસવીર જુદી હતી. ૨૦૧૯માં આંતરરાષ્ટ્રીય જર્નલમાં શોધપત્ર પ્રસ્તુત થયું હતું, જેમાં એવું નિર્દિષ્ટ થયું કે, લગભગ ૧.૪ કરોડ વર્ષ (મિયોસીન યુગ)માં કચ્છ ઘાસિયા મેદાન-વિશાળ સરોવરો સાથેનું વન હતું, જેમાં ગેંડા, હાથી, જિરાફ જેવા વિશાળ સસ્તન પ્રાણી વિચરતાં હતાં. કચ્છના સિનિયર જિયોલોજિસ્ટ ડો. મહેશ ઠક્કર, ડો. ગૌરવ ચૌહાણ તેમજ ફ્રાન્સના વિજ્ઞાની માર્ટીન પિકફોર્ડ અને ભારતીય વિજ્ઞાની વિવેશ કપૂરની ટીમે લાંબા સમયના સંશોધન બાદ આ તારણ રજૂ કર્યું હતું. કચ્છ વિશેની આ બધી રોમાંચક પરિકલ્પનાઓ જ નથી, વૈજ્ઞાનિક ઢબે સંશોધન પછી નીકળેલાં તારણો છે. આજની પેઢીએ આમાં રસ લેવો જોઈએ. સૌથી ગંભીર પડકાર ઔદ્યોગિક વિકાસની વેગીલી રફતારમાં આ બધી સાઈટ્સનું રક્ષણ કરવાનો છે.

## અમેરિકા અને યુરોપના દેશોમાં વાઈન, બિયર વગેરે બનાવતી ડિસ્ટિલરીઝમાં પ્રોસેસ પછી જે કૂચો રહે તેને ડ્રાઇડ ડિસ્ટિલર્સ ગ્રેઇન્સ કહે છે.


# અમેરિકા સાથેના દ્વિપક્ષી વ્યાપારમાં ભારતનો હિસ્સો કેટલો હશે?

- અમેરિકા ક્યા પ્રકારના ભારતીય માલ પર ટેક્સ નથી લેવાનું એ પણ સમજવા જેવું છે. ચા, મસાલા, નાળિયેર તેલ, વનસ્પતિ મીણ, સોપારી, બ્રાઝિલ બદામ, ચેસ્ટનટ અને કેટલાંક ફળો અને શાકભાજી પર ટેક્સ નહીં લાગે.

ભારત અને અમેરિકા વચ્ચેના વચગાળાના ટ્રેડ ડીલ અંગે બંને દેશોએ સંયુક્ત નિવેદન બહાર પાડી દીધું પણ આ નિવેદનમાંટ્રેડ ડીલ વિશે ઉપરછલ્લી વાતો જ છે. ડીલ વચગાળાનું છે અને હજુ ફાઈનલ ડીલ બાકી છે તેથી એવું કરાયું હશે પણ આ ઉપરછલ્લી વાતોના કારણે પણ આ ટ્રેડ ડીલ ખરેખર ભારતના ફાયદામાં હોવા વિશે શંકાઓ ઊભી થઈ જ ગઈ છે.

આપણા વ્યાપાર પ્રધાન પીયૂષ ગોયલે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર નિવેદન આપીને દાવો કર્યો છે કે, આ ડીલથી ભારતના નિકાસકારો અને ખાસ તો એમએસએમઈ, ખેડૂતો અને માછીમારો માટે ૩૦ ટ્રિલિયન ડૉલરનું અમેરિકન બજાર ખૂલી ગયું છે. જો કે ગોયલની વાતો અને સંયુક્ત નિવેદનને જોયા પછી લાગે કે, આ ડીલ ભારતના નહીં પણ અમેરિકાના ફાયદામાં છે.ગોયલના કહેવા પ્રમાણે, ભારત અને અમેરિકા એક દાયકામાં દ્વિપક્ષી વ્યાપાર ૫૦૦ અબજ ડૉલર પર લઈ જવા માટે સંમત થયાં છે. સવાલ એ છે કે, આ ૫૦૦ અબજ ડૉલરના દ્વિપક્ષી વ્યાપારમાં ભારતનો હિસ્સો કેટલો હશે ? ગોયલે આ વાતનો ફોડ પાડ્યો નથી કેમ કે સરકાર પારદર્શક નથી. દ્વિપક્ષી વ્યાપાર છેતરામણો શબ્દ છે ને તેમાં આયાત-નિકાસ બંને આવી જાય.ભારતને દ્વિપક્ષી વ્યાપારમાં નિકાસ વધે તો જ ફાયદો થાય પણ આ ડીલમાં એવી કોઈ જોગવાઈ નથી. અમેરિકા ભારતમાં વરસે ૪૦૦ અબજ ડૉલરનો માલ ખડકે ને ભારતનો ૧૦૦ અબજ ડૉલરનો માલ અમેરિકા જાય તો પણ દ્વિપક્ષી વ્યાપાર ૫૦૦ અબજ ડૉલર થઈ જાય પણ તેમાં ભારતે કમાવાનું કંઈ નથી.ટૅરિફ લદાયા એ પહેલાં સુધી અમેરિકામાં ભારતની નિકાસ વધારે હતી ને આયાત ઓછી હતી તેથી ભારત ફાયદામાં હતું. ટ્રમ્પે ટૅરિફ લાદ્યા પછી નિકાસ ઘટી તેથી આપણે ટ્રેડ ડીલ કરવા પડ્યા એ સંજોગોમાં ભારત નિકાસ વધારે હોય ને આયાત ઓછી હોય એવી શરત ના મૂકી શકે પણ કમ સે કમ ફિફ્ટી-ફિફ્ટી શેર તો માગી જ શકે તેથી ભારતે સ્પષ્ટ શરત મૂકવી જોઈએ કે, દ્વિપક્ષી વ્યાપારમાં બંનેનો હિસ્સો ફિફ્ટી-ફિફ્ટી હશે. મતલબ કે, દર વરસે અમેરિકા ભારતને ૨૫૦ અબજ ડૉલરનો માલ આપે તો તેની સામે અમેરિકાએ પણ ભારતનો ૨૫૦ અબજ ડૉલરનો માલ લેવાની ખાતરી આપવી પડે.આ કરારમાં અમેરિકા ભારત પાસેથી દર વરસે કેટલો માલ લેશે તેની કોઈ ખાતરી નથી, સામે ભારતે અમેરિકા પાસેથી પાંચ વર્ષમાં ૫૦૦ અબજ ડૉલરનો માલ લેવો પડશે એવી જોગવાઈ છે. મતલબ કે, અમેરિકા ભારતને વરસે ૧૦૦ અબજ ડૉલરનો માલ તો આપશે જ. આ એકપક્ષીય ને અમેરિકાને ફાયદો થાય એવી શરત છે તો પછી ડીલથી ભારતને કઈ રીતે ફાયદો થયો કહેવાય ?પીયૂષ ગોયલ અને ભાજપના બીજા નેતા એક રેકર્ડ સતત વગાડ્યા કરે છે કે, ટ્રેડ ડીલ ખેડૂતોનાં હિતોને નુકસાન પહોંચાડતી નથી કેમ કે નિકાસની તકોનો વિસ્તાર કરીને ભારત સરકારે તેમનાં હિતોનું ધ્યાન રાખ્યું છે અને તેમની આજીવિકાનું રક્ષણ કર્યું છે. ગોયલના કહેવાનો અર્થ એ છે કે, ભારતનાં ઘણાં કૃષિ ઉત્પાદનોને અમેરિકામાં ડ્યૂટી ફ્રી અથવા ઓછા કર સાથે નિકાસની મંજૂરી મળી છે તેથી ભારતીય ખેડૂતો માટે પોતાનો માલ અમેરિકામાં નિકાસ કરવાની તક ઊભી થઈ છે તેથી ખેડૂતો માલામાલ થઈ જશે.વાત સાચી છે કે, કેટલાંક ભારતીય કૃષિ ઉત્પાદનોને ડ્યૂટી વિના અમેરિકાના નિકાસ કરવાની છૂટ મળી છે પણ સામે અમેરિકાનાં કૃષિ ઉત્પાદનોને પણ ભારતમાં કોઈ પણ ટેક્સ વિના માલ ઠાલવવાની છૂટ મળી જ છે. એ લોકો અહીં સસ્તા ભાવે માલ આપશે તો ભારતીય માલ કોણ લેશે ?ગોયલે પોતે જ કહ્યું છે ને જોઈન્ટ સ્ટેટમેન્ટમાં ઉલ્લેખ છે કે, શાકભાજીના બી, અનાજ, જવ, બેકરી ઉત્પાદનો, કોકો ઉત્પાદનો, તલ, ખસખસ અને સાઈટ્રસ ફળોના રસને પારસ્પરિક ડ્યૂટીમાંથી મુક્તિ આપવામાં આવશે. મતલબ કે, ભારતીય ઉત્પાદનો અમેરિકન બજારમાં ડ્યૂટી-ફ્રી પ્રવેશ કરશે પણ સામે અમેરિકાનો માલ પણ ભારતમાં કોઈ પણ ડ્યૂટી વિના ઠલવાશે.ભારતીય ખેડૂતોનો મોટો વર્ગ અનાજ અને શાકભાજી વાવીને ગુજરાન ચલાવે છે પણ અમેરિકાનાં અનાજ ને શાકભાજીનાં બિયારણ આવશે પછી ભારતીય ખેડૂતોની સીધી ટક્કર તેમની સાથે છે ને તેમાં ભારતીય ખેડૂતો ઝીંક નહીં ઝીલી શકે કેમ કે અમેરિકન કંપનીઓ ભારતીય બજાર પર કબજો કરવા શરૂઆતમાં ખોટ ખાઈને પણ માલ પધરાવશે. ગ્રાહક તો સસ્તો માલ જ ખરીદવાનો તેથી અમેરિકન કંપનીઓનો માલ જ ખપવાનો. બજાર પર કબજો થાય પછી કંપનીઓ ખેડૂતોને પોતાને સસ્તા ભાવે માલ આપવા ફરજ પાડશે તેથી ખેડૂતોની તબાહી નક્કી છે.અમેરિકાનાં જે કૃષિ ઉત્પદનો પર ટૅરિફ નહીં લાગે કે સાવ ઘટાડી દેવામાં આવશે તેમાં ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેઈન્સ, પશુ આહાર માટેનો લાલ બાજરો. ટ્રી નટ્સ, પ્રોસેસ્ડ ફળ, સોયાબીન તેલ પણ છે. આ ચીજોમાં સૌથી મહત્વનાં ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેઈન્સ છે. મોટા ભાગના ભારતીયોને ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેઈન્સ શું છે એ ખબર નથી.

અમેરિકા અને યુરોપના દેશોમાં વાઈન, બિયર વગેરે બનાવતી ડિસ્ટિલરીઝમાં પ્રોસેસ પછી જે કૂચો રહે તેને ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેઈન્સ કહે છે. તેનો ઉપયોગ પશુ આહાર તરીકે કરાય છે. બિયર બનાવવામાં જવ મુખ્ય છે પણ એ સિવાય ઘઉં, મકાઈ, ચોખા અને બીજાં અનાજનો ઉપયોગ પણ ડિસ્ટિલરીઝમાં થાય છે.અમેરિકામાં વરસે લાખો ટન ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેઈન્સ બને છે કે જેનું કોઈ લેવાલ નથી. આ કચરો અમેરિકા ભારતને પધરાવશે ને તેમાંથી અબજોની કમાણી કરશે. ભારતમાં અત્યારે પશુઓને લીલું ઘાસ સહિતનો ખોરાક વધારે અપાય છે પણ ભવિષ્યમાં સસ્તા ભાવે મળતાં ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેઈન્સ અપાશે તેના કારણે ખેડૂતોને નુકસાન જશે કે બીજા કોઈને ?ભૂતકાળમાં ચીનનો સસ્તો માલ ભારતમાં ઠલવાતો તેના કારણે ભારતના નાના-કારીગરો તબાહ થઈ ગયા. હવે અત્યારે સ્વદેશીનાં નાટકો કરીને આપણા કારીગરોને ઉગારવાના તાયફા થાય છે. અમેરિકાનાં સસ્તાં કૃષિ ઉત્પાદનો ભારતમાં ખડકાશે એટલે એ જ હાલત ખેડૂતોની થશે ને પાંચ-દસ વર્ષ પછી ખેડૂતોને બચાવવાના નામે નાટકો થશે.



# અભિનેતા તરીકેના મારા શરૂઆતના દિવસો હું ફરી જીવી રહ્યો છું

### સુમીત સચદેવે ક્યુંકી સાસ ભી કભી બહુથી રમાં ગોમઝી તરીકે પાછા ફરવા વિશે વાત કરી

એક્ટર સુમિત સચદેવ ક્યુંકી સાસ ભા કભી બહુ થી સિરીયલમાં ગૌતમ વિરાણી એટલે કે ગોમઝીના રોલ માટે જાણીતો છે. તાજેતરની સિરીયલ ઝનકમાં તે અનિરુદ્ધ બોઝનો રોલ કરતો હતો. તેમાંથી તે હવે ફરી ક્યુંકી સાસ ભી કભી બહુ થીમાં ગૌતમ વિરાણી વકીલના રોલમાં પાછો ફર્યો છે.

જે સિરિયલથી તેની ઓળખ બની તેવા શોમાં પાછા ફરવા અંગે સુમીત સચદેવે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું, "આ શોમાં પાછા ફરવું એ મારા માટે ઘરે પાછા ફરવા જેવું છે, જ્યાં એક કલાકાર તરીકેની મારી જુની અને શરૂઆતની યાદો હું તાજી કરી રહ્યો છું. હાલ હું ઝનક સાથે ઘણો વ્યસ્ક છું પરંતુ ક્યુંકી મારા દિલથી ઘણી નજીક છે."

દર્શકોને આ વખતે ગોમઝીમાં શું નવું જોવા મળશે એ અંગે સુમીતે જણાવ્યું, "હું જ્યારે પણ આવીશ, મને આશા છે કે એનાથી સ્ટોરીમાં ડ્રામા તો ઉમેરાશે જ. ખાસ તો તેમાં માતા-દિકરા વચ્ચે જે ખટરાગ હતો, તે જોવામાં લોકોને મજા આવતી હતી અને મને એમાં ખાસ મજા આવતી હતી. તો હું આવીશ ત્યારે ફરી એ જ પ્રકારની સ્ટોરી આવશે. એક એક્ટર તરીકેની મારી સફરની શરૂઆત આ શોએ જ આપી છે, તેથી હું તેની સાથે લાગણીઓથી જોડાયેલો છું."જ્યારે સ્મૃતિ ઈરાની સાથે કામ કરવા અંગે સુમીતે જણાવ્યું, "સ્મૃતિ સાથે હંમેશાની જેમ કામ કરવું પહેલાં જેટલું જ સહજ રહ્યું છે. ઘણો સમય વીતી ગયો છે, પણ એકબીજા માટે માન અને સહજ સમજણ પહેલાં જેવી જ છે. અમે જ્યાંથી છોડ્યું હતું, ત્યાંથી જ ફરી કામ શરૂ કરી દીધું છે, જાણે વચ્ચે કોઈ સમય ગયો જ નથી."

# હૃતિક રોશનની 'ક્રિશ ૪'માં પ્રિયંકા ચોપરાને ફીમેલ લીડ તરીકે કાસ્ટ કરાઈ

આ વાત હવે નક્કી થઈ ગઈ છે! પ્રિયંકા ચોપરા જોનાસ બોલિવૂડમાં પરત ફરી રહી છે. સૂત્રોએ ખાતરી આપી છે કે હૃતિક રોશનની 'ક્રિશ' ફ્રેન્ચાઈઝીની ચોથી ફિલ્મ 'ક્રિશ ૪'માં પ્રિયંકાને લીડ રોલ માટે સાઈન લેવામાં આવી છે.

પ્રિયંકાએ 'ક્રિશ'ની છેલ્લી બે ફિલ્મોમાં પણ લીડ રોલ કર્યો હતો. ત્યારબાદ તે વૈશ્વિક સ્તરે કારકિર્દી બનાવવા અને લગ્ન માટે અમેરિકા સ્થાઈ થઈ હતી. હવે તે એસ. એસ. રાજામૌલીની 'વારાણસી' સાથે ઈન્ડિયન સિનેમામાં વાપસી કરી રહી છે અને હવે 'ક્રિશ ૪' દ્વારા ફરી એકવાર બોલિવૂડમાં પ્રવેશ કરી રહી છે. પ્રિયંકાની છેલ્લી બોલિવૂડ ફિલ્મ શોનાલી બોઝની 'ધ સ્કાય ઈઝ પિંક' (૨૦૧૯) હતી. ત્યારબાદ તે સંજય લીલા ભણસાલીની 'ગંગુબાઈ કાઠિયાવાડી' માટે ફાઈનલ તો થઈ હતી, પરંતુ છેલ્લી ઘડીએ આ રોલ તેનાં હાથમાંથી ગયો અને આલિયા ભટ્ટને મળી ગયો.

અહીંથી જ એસ. એસ. રાજામૌલી અને મહેશ બાબુએ મહત્વની ભૂમિકા ભજવી. પ્રોજેક્ટ સાથે જોડાયેલા એક સૂત્રે આગળ ખુલાસો કરતા કહ્યું, "બોલિવૂડના અન્ય એ-લિસ્ટર્સથી અલગ, રાજામૌલી અને મહેશ બાબુને પ્રિયંકા સાથે કામ કરવામાં કોઈ જ ખચકાટ નહોતો. તેમણે તેમને સાચી સિનેમા રોયલ્ટી તરીકે મહત્વ આપ્યું, પશ્ચિમમાં જે ફી તે મેળવે છે તે મુજબનું વેતન આપ્યું — જે તેણે આજ સુધી કોઈ હિન્દી ફિલ્મ માટે મેળવી નહોતી — અને તેઓ જોડાયા પછી તેની ભૂમિકાને વધુ વિસ્તૃત પણ કરી."

પ્રોજેક્ટના બહુ નજીકના એક સૂત્રે જણાવ્યું કે પ્રિયંકા હવે મહેશ બાબુ, તેમની પત્ની નમ્રતા અને તેમની દીકરી સિતારા સાથે પણ ખૂબ નજીક આવી ગઈ છે.

"આ તેલુગુ સિનેમાના માધ્યમથી બોલિવૂડમાં પ્રિયંકાનું પ્રવેશદ્વાર છે. તેણે રાજામૌલીના સિનેમેટિક યુનિવર્સ દ્વારા વૈશ્વિક મંચ પર ભારતીય સિનેમાનું પ્રતિનિધિત્વ કરવાનું પસંદ કર્યું છે," એમ એક જાણીતા બોલિવૂડ ફિલ્મમેકરે જણાવ્યું, જેમણે એ પણ સ્વીકાર્યું કે જ્યારે તેઓ પ્રિયંકા સાથે મહિલા એક્શન-હીરો પર આધારિત ફિલ્મ બનાવવા ઈચ્છતા હતા ત્યારે તેમને પ્રિયંકા ચોપરાને સાઈન ન કરવા માટે કહેવામાં આવ્યું હતું.



# 'ઘૂસખોર પંડત'ના વિરોધ બાદ સોશિયલ મીડિયા પરથી પ્રમોશનલ સામગ્રી હટાવાઈ

## નીરજ પાંડેએ સોશિયલ મીડિયા પર નિવેદન જાહેર કર્યું

નેટફ્લિક્સની આગામી ફિલ્મ 'ઘૂસખોર પંડત'ના નામને લઈને થયેલી ટીકા બાદ ફિલ્મના દિગ્દર્શક નીરજ પાંડે અને મનોજ બાજપાયીએ સત્તાવાર નિવેદનો જાહેર કર્યા છે. નેટફ્લિક્સ સામે અરજી પણ દાખલ કરવામાં આવી છે.

વધતા વિરોધને ધ્યાનમાં લઈ ફિલ્મમેકરે હાલમાં તમામ પ્રમોશનલ સામગ્રી હટાવવાનો નિર્ણય લીધો છે. મનોજ બાજપેયીએ પણ આ મુદ્દે સ્પષ્ટતા આપતું નિવેદન બહાર પાડ્યું છે.

પોતાના નિવેદનમાં નીરજ પાંડેએ સ્પષ્ટ કર્યું કે તેમની કાલ્પનિક પોલીસ ડ્રામા કોઈ પણ જાતિ, ધર્મ અથવા સમુદાયની ટીકા કરતી નથી કે તેનું પ્રતિનિધિત્વ કરતી નથી.

"'પંડત' શબ્દનો ઉપયોગ માત્ર એક કાલ્પનિક પાત્રના બોલચાલનાં નામ તરીકે આપવામાં આવ્યું છે." આ સાથે જ તેમણે ફિલ્મના નામથી દુઃખી થયેલા દર્શકોની લાગણીઓ સ્વીકારી છે. તેથી, હાલ તમામ પ્રમોશનલ સામગ્રી હટાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યારબાદ મનોજ બાજપેયીએ પણ નીરજ પાંડેના નિવેદનને રીપોસ્ટ કર્યું અને પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. તેણે કહ્યું કે તેઓ લોકોની લાગણીઓ અને ચિંતાઓનું સન્માન કરે છે અને તેને ગંભીરતાથી લે છે.

અભિનેતાએ આગળ જણાવ્યું, "જ્યારે તમે જેનો ભાગ હો તે કોઈ લોકોના દિલને દુઃખ પહોંચાડે, ત્યારે તે તમને થોભવા અને સાંભળવા માટે મજબૂર કરે છે." બાજપેયીએ ભારપૂર્વક જણાવ્યું કે ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવવાનો અર્થ એક ખામીયુક્ત વ્યક્તિ અને તેની આત્મજાગૃતિની સફર દર્શાવવાનો છે. "આ કોઈ પણ સમુદાય અંગે નિવેદન આપવા માટે નહોતું," એવું તેમણે સ્પષ્ટ કર્યું. અભિનેતાએ નીરજ પાંડેના પ્રમોશનલ સામગ્રી હટાવવાના નિર્ણયને પણ ટેકો આપ્યો છે, જે બતાવે છે કે આ મુદ્દાઓને કેટલી ગંભીરતાથી લેવામાં આવી રહ્યા છે.દિલ્હી હાઈ કોર્ટમાં ફિલ્મના નામ વિરુદ્ધ અરજી કરવામાં આવી હતી, જેમાં સરકારને નેટફ્લિક્સ સામે યોગ્ય પગલાં લેવા વિનંતી કરવામાં આવી છે. રિતેશ શાહ અને નીરજ પાંડે દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં મનોજ બાજપેયી સાથે નુસર્રત બરુચા, શ્રદ્ધા દાસ અને કિકુ શારદા પણ મહત્વના રોલમાં છે.





# ભાગમ ભાગ-રમાં ગોવિંદાની જગ્યાએ હવે મનોજ બાજપેયીની એન્ટ્રી



બોલિવૂડની લોકપ્રિય અને યાદગાર બનેલી કોમેડી ફિલ્મ 'ભાગમ ભાગ'ની સિક્વલ 'ભાગમ ભાગ ર'ની કાસ્ટમાં એક મોટો ફેરફાર જોવા મળ્યો છે. પ્રોડક્શન શરૂ થવાની તૈયારીમાં છે, ત્યારે હવે તાજેતરના અહેવાલો અનુસાર ફિલ્મમાં હવે અક્ષય કુમાર અને પરેશ રાવલ સાથે મનોજ બાજપેયી જોડાવા જઈ રહ્યા છે, જ્યારે મૂળ ફિલ્મના મુખ્ય કલાકાર ગોવિંદા આ સિક્વલમાં જોવા મળશે નહીં.ઈન્ડસ્ટ્રીના સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, "૨૦૦૬માં રિલીઝ થયેલી મૂળ 'ભાગમ ભાગ' ફિલ્મમાં અક્ષય કુમાર, ગોવિંદા અને પરેશ રાવલે યાદગાર કોમેડી રોલ કર્યા હતા. આ વર્ષો દરમિયાન આ ફિલ્મ કલ્ટ ફેવરિટ બની ગઈ છે. હવે ભાગમ ભાગની સિક્વલ પ્રોડક્શન તરફ આગળ વધી રહી છે, ત્યારે કાસ્ટિંગમાં ફેરફાર થતો જોવા મળી રહ્યો છે. કેટલાક અહેવાલો મુજબ, પ્રથમ ફિલ્મમાં મુખ્ય કોમેડી રોલ ભજવનાર ગોવિંદા 'ભગમ ભાગ ર'નો ભાગ નહીં બને. તેમની સાથે થયેલી ચર્ચાઓ અંતે કોઈ ચોક્કસ પરિણામ મળી શક્યું નહીં અને આ કારણે કાસ્ટિંગમાં આ ફેરફાર થયો હોવાના અહેવાલ છે.'ભગમ ભાગ ર'નું ડિરેક્શન રાજ શાંડિલ્ય કરશે, જેણે બોક્સ ઓફિસ પર સફળ કોમેડી ફિલ્મો આપી છે. ફિલ્મનું શૂટિંગ મુંબઈમાં ટૂંક સમયમાં શરૂ થવાની શક્યતા છે. ઘણા મહિનાઓની પ્રક્રિયાઓ બાદ હવે પ્રોડક્શન ઝડપી ગતિએ આગળ વધશે.અક્ષય કુમારની સામે ફીમેલ લીડ રોલમાં મીનાક્ષી ચૌધરીને કાસ્ટ કરવામાં આવી હોવાના અહેવાલ છે, જે ફિલ્મના એન્સેમ્બલમાં નવી તાજગી ઉમેરે છે. મનોજ બાજપેયીને ફિલ્મમાં સામેલ કરીને નિર્માતાઓ જૂની યાદોને જાળવી રાખતા નવી ક્રિએટિવ એનર્જીનો પ્રયાસ કરતા હોવાનું લાગી રહ્યું છે.પ્રિયદર્શને ડિરેક્ટ કરેલી પેહલી 'ભાગમ ભાગ' ફિલ્મમાં થિયેટર ટ્રુપની મિસએડવેન્ચર્સ પર આધારિત વાર્તા હતી, જેમાં સ્લેપસ્ટિક હ્યુમર અને પરિસ્થિતિજન્ય કોમેડીનું સુંદર મિશ્રણ જોવા મળ્યું હતું. ફિલ્મની સફળતાને કારણે તેની સિક્વલ છેલ્લા કેટલાંક વર્ષોમાં સૌથી વધુ આતુરતાથી રાહ જોવાતી કોમેડી પ્રોજેક્ટ્સમાંની એક બની ગઈ છે.જોકે, 'ભગમ ભાગ ર'ની વાર્તા વિશે સત્તાવાર રીતે કોઈ વિગત જાહેર કરવામાં આવી નથી, પરંતુ કાસ્ટિંગમાં થયેલા ફેરફારો પરથી એવું લાગી રહ્યું છે કે ફિલ્મમાં જાણીતા પાત્રોની કેમેસ્ટ્રી સાથે નવા પાત્રો અને સંબંધોની રજૂઆત કરશે.

# પેન્ડેમિક વખતે પત્નીએ મને લાત મારીને બહાર કામ કરવા મોકલ્યો

## માધવને ઇન્ટરવ્યુમાં કેરિઅરમાં પત્નીના મોટા ફાળા વિશે વાત કરી

આર. માધવન ધુરંધરના કારણે ચર્ચામાં છે, ત્યારે તાજેતરમાં તેણે એક ઈન્ટરવ્યુમાં પોતાની પત્ની સરિતા બિર્જેનો તેના જીવન અને કારકિર્દીમાં કેટલો ફાળો છે તે વિશે ખુલીને વાત કરી હતી. તેણે જણાવ્યું કે કોવિડ પેન્ડેમિક દરમિયાન સરિતાએ તેને કામ કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. સાથે જ, તેના મનની સ્થિતિ પારખીને ફિલ્મોની પસંદગી પર ફરીથી વિચાર કરવા માટે પણ પત્ની જ કારણ બની હતી.

એક યુટ્યુબ ચેનલ સાથેની વાતચીતમાં આર. માધવને કહ્યું, "મારી પત્ની કહે છે કે તું ક્યારેય કામથી દૂર થઈ શકતો નથી — તું તમિલ કોમેડી કરે છે, તમિલ એક્શન કરે છે, ઓટીટી કરે છે, હિન્દી એક્શન કરે છે, અંગ્રેજી ઓટીટી કરે છે. છતાં મને આશ્ચર્ય છે કે તું ઘરમાં કેમ બેઠો છે. ૨૦૨૦માં કોવિડ દરમિયાન તેણે મને ઘરમાંથી ધક્કા મારીને બહાર કાઢી મુક્યો અને કહ્યું, 'બહાર જા, કંઈક કામ કર, પૈસા કમાઈ લાવ.'"

માધવને આગળ એમ પણ જણાવ્યું કે તેની પત્નીએ તેના મનની સ્થિતિ પારખી લીધી હતી, જેના કારણે તેણે થોડો વિરામ લીધો. સરિતાએ જોયું કે કામ પ્રત્યે તેનું વલણ બદલાઈ ગયું હતું. માધવન કહે છે, "એક દિવસ મારી પત્નીએ મને પૂછ્યું, 'તને શું થયું છે?' તેણે કહ્યું કે તું કામ પર એવી રીતે જાય છે જાણે ત્યાંથી પાછા આવવાનું મન ન હોય. એ વાત ઘણી ઊંડી હતી."જો માધવનની ફિલ્મોની વાત કરવામાં આવે તો, તાજેતરમાં આદિત્ય ધરની ફિલ્મ 'ધુરંધર'માં જોવા મળ્યા છે. ૫ ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થયેલી આ ફિલ્મમાં રણવીર સિંહ, સારા અર્જુન, સંજય દત્ત, અક્ષય ખન્ના, અર્જુન રામપાલ અને રાકેશ બેદી પણ હતા. આ ફિલ્મ ૩૦ જાન્યુઆરીથી નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થવા લાગી છે, જ્યારે તેની સીક્વલ ૧૯ માર્ચે થિયેટરમાં રિલીઝ થવાની છે.

# 'શક્તિ શાલિની'માં વિશાલ જેઠવા અનિત પડ્ડાની જોડીની ચર્ચા



વિશાલ જેઠવાને આગામી ફિલ્મ 'શક્તિ શાલિની'માં અનિત પડ્ડાની સામે લીડ રોલ માટે સાઈન કરવામાં આવ્યો છે. મેડોકની મહિલા કેન્દ્રિત એક્શન ડ્રામા ફિલ્મનું શૂટિંગ માર્ચ મહિનામાં શરૂ થવાનું છે અને તેમાં મજબુત કહાની સાથે જોરદાર એક્શનનું સંયોજન જોવા મળશે.વિશાલ જેઠવા હાલ સતત ચર્ચામાં છે. 'હોમબાઉન્ડ' જેવી ફિલ્મથી દર્શકોને પ્રભાવિત કરનાર આ એક્ટરની ફિલ્મ આ વર્ષે ભારતની ઓફિશિયલ ઓસ્કાર એન્ટ્રી રહી હતી, તે હવે મેડોક યુનિવર્સનો ભાગ બનવા માટે રાજી થઈ ગયો હોવાની ચર્ચા છે.સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, વિશાલ જેઠવા મેડોકની આવનારી ફિલ્મ 'શક્તિ શાલિની'માં જોડાયો છે, જ્યાં તે અનિત પડ્ડાની સાથે જોડી બનાવશે. પ્રોજેક્ટ સાથે જોડાયેલા સૂત્રો અનુસાર, વિશાલ જેઠવા ફિલ્મમાં હિરોઈનના પ્રેમી તરીકે જોવા મળશે અને ફિલ્મ માર્ચમાં ફ્લોર પર જશે.મજબૂત ભાવનાત્મક સ્તરો ધરાવતી મહિલા કેન્દ્રિત એક્શન ડ્રામા 'શક્તિ શાલિની'માં મુખ્ય પાત્ર તરીકે મહિલાઓને કેન્દ્રમાં રાખતી હિન્દી ફિલ્મોની વધતી યાદીમાં એક મહત્વનું પગથિયું સાબિત થવાની શક્યતા ધરાવે છે. કહેવાય છે કે ફિલ્મ ટક્કર લેવાની ક્ષમતા, શક્તિ અને સ્વતંત્રતા જેવા વિષયો પર આધારિત છે અને તેમાં હાઈ-ઓક્ટેન એક્શન સાથે એક આંતરિક, વ્યક્તિગત સફર પણ વણાયેલી હશે. અનિત પડ્ડાના પાત્રની વિગતો હાલ ગુપ્ત રાખવામાં આવી છે, પરંતુ અંદરની માહિતી મુજબ તે એક શારીરિક રીતે પડકારજનક અને અભિનયની દૃષ્ટિએ મજબુત ભૂમિકામાં જોવા મળશે.વિશાલ જેઠવાની પસંદગી આ પ્રોજેક્ટને ખાસ બનાવે છે. તેની સ્ક્રીન પ્રેઝન્સ અને અઘરા પાત્રોને પણ સહજતાથી કરવા માટે ઓળખાતા વિશાલ જેઠવાનો રોલ બીબાંઢાળ રોમેન્ટિક આર્ક સુધી સીમિત નહીં રહે એવી અપેક્ષા છે. સૂત્રો જણાવે છે કે તેનું પાત્ર કહાનીમાં ભાવનાત્મક અને વાર્તાની રીતે પણ મહત્વનું હશે, જે મુખ્ય પાત્રની યાત્રાને પણ રસપ્રદ બનાવશે.નિતિશ તિવારીની રમાયણ એવી ફિલ્મ છે, જેની આ વર્ષે સૌથી વધુ રાહ જોવાઈ રહી છે. મહાકાય બજેટમાં બની રહેલી આ ફિલ્મની કાસ્ટની વાત હોય કે પછી તેની ટેક્નોલોજીની વાત, તેની ચર્ચાઓ ચાલ્યા જ કરે છે. આ ફિલ્મમાં પહેલાંથી જ મજબુત કાસ્ટ ચર્ચામાં છે, હવે તેમાં વધુ એક મજબુત કલાકાર જોડાયો હોવાની ચર્ચા છે. એવા અહેવાલો છે કે તમિલ સુપરસ્ટાર વિજય સેતુપતિ આ ફિલ્મમાં વિભિષણનો રોલ કરી શકે છે. આ અંગેના કેટલાક અહેવાલો અનુસાર, ફિલ્મના મેકર્સ રામાયણમાં વિભિષણના પાત્ર માટે વિજય સેતુપતિના નામ પર વિચાર કરી રહ્યા છે, જે લંકાપતિ રાવણનો નાનો ભાઈ હતો. રામાયણની કથામાં વિભિષણ સજ્જનતા અને સત્યના પક્ષે હીને ભગવાન રામ તરફથી રાવણ સામે યુદ્ધ લડ્યા હતા. અહેવાલો અનુસાર મેકર્સ વિજય સાથે વાટાઘાટો કો કરી રહ્યા છે પરંતુ હજુ સુધી કોઈ ઓફિશિયલ માહિતી જાહેર કરવામાં આવી નથી.આ ફિલ્મમાં રણબીર કપૂર અને સાઈ પલ્લવી રામ-સીતાના રોલમાં હોવાની વાત તો હવે જાહેર છે, સાથે જ આ ફિલ્મમાં યશ રાવણના રોલમાં , સન્ની દેઓલ હનુમાનજીના રોલમાં અને રવિ દુબે લક્ષ્મણના રોલમાં હોવાની ચર્ચા છે. તેમાં હવે વિજય સેતુપતિનું નામ પણ જોડાયું છે. આ ફિલ્મનું સંગીત એ.આર.રહેમાને આપ્યું છે અને તેણે હોલિવૂડના જાણીતા સંગીતકાર હંસ ઝીમર સાથે મળીને આ ફિલ્મનું સંગીત આપ્યું છે. ૨૭ માર્ચે રામનવમીના દિવસે આ ફિલ્મની પહેલી ઝલક જાહેર કરવાનો નિર્ણય લેવાયો છે. ગેટ વે ઓફ ઈન્ડિયા ખાતે એક ખાસ કાર્યક્રમમાં ફિલ્મની પહેલી ઝલક જોવા મળશે. આ ફિલ્મ બે ભાગમાં બની રહી છે અને પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર તેમજ ૨૦૨૭ની દિવાળી પર બીજો ભાગ રિલીઝ થશે.

# અમદાવાદ એરપોર્ટ પર U-19 વર્લ્ડકપ હીરોઝનું ગ્રાન્ડ વેલકમ

## વેદાંત અને ખિલનના સ્વાગત માટે એરપોર્ટ પર ઊમટી ભીડ, પરિવારની આંખોમાં હરખનાં આંસુ






અંડર-૧૯ વર્લ્ડકપમાં વિજય મેળવીને દેશનું નામ રોશન કરનાર ગુજરાતના બે તેજસ્વી ખેલાડીઓ વેદાંત ત્રિવેદી અને ખિલન પટેલ, આજે ૮ ફેબ્રુઆરીએ મોડી રાતે મુંબઈથી અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચ્યા હતાં. આ બંને વિજેતાને આવકારવા માટે તેમના પરિવારજનો અને રમતપ્રેમીઓ દ્વારા એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

અમદાવાદ એરપોર્ટ પર મોડી રાત્રે વેદાંત ત્રિવેદી અને ખિલન પટેલનું આગમન થયું હતું. તેમના આગમન સમયે પરિવારના સભ્યો અને રમતપ્રેમીઓ દ્વારા હાર પહેરાવી અને ગુલાબની પાંદળીઓનો વરસાદ કરીને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમગ્ર એરપોર્ટ પરિસર વેદાંત ત્રિવેદી અને ખિલન પટેલના નામના ગુંજારવથી ગાજી ઉઠ્યું હતું અને પરિવારની આંખોમાં હરખના આંસુ જોવા મળ્યા હતાં. મળતી વિગત અનુસાર બંને ખેલાડીઓ ઝિમ્બાબ્વેથી મુંબઈ અને ત્યાંથી અમદાવાદ આવ્યા છે.

અરવલ્લી જિલ્લાના મોડાસાના ગૌરવ એવા ખિલન અનિલભાઈ પટેલ તાજેતરમાં અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપ જીતીને પરત ફરી રહ્યા છે. ભારતીય ટીમમાં પસંદગી પામીને તેમણે મોડાસા અને સમગ્ર અરવલ્લી જિલ્લાનું નામ રોશન કર્યું છે. તેમના સન્માનમાં સોમવારે, ૯ ફેબ્રુઆરીના રોજ સવારે ૯ વાગ્યે ભવ્ય સ્વાગત સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્વાગત યાત્રા મોડાસાના APMC સર્કલથી શરૂ થઈને શ્રી ઉમિયા માતાજી મંદિર સુધી ડીજે સાથે વરઘોડા સ્વરૂપે આગળ વધશે.

# છેલ્લા બોલે છગ્ગો ન વાગતાં ઇંગ્લેન્ડ સામે નેપાળ ૪ રને હાર્યું





T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં એસોસિયેટ રાષ્ટ્રો મુખ્ય ટીમોને કઠિન સ્પર્ધા આપી રહ્યા છે. પાકિસ્તાને નેધરલેન્ડ્સને હરાવવા માટે સંઘર્ષ કર્યો, જ્યારે ભારતે સૂર્યકુમાર યાદવને કારણે યુએસએ સામે સાંકડી જીત મેળવી. હવે, ઇંગ્લેન્ડે નેપાળ સામે જીતવા માટે સખત મહેનત કરવી પડી હતી. વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી ગ્રુપ સી મેચમાં, ઇંગ્લેન્ડે નેપાળ સામે ૪ રનથી જીત મેળવી હતી. પ્રથમ દાવ ખેલી રહેલા ઇંગ્લેન્ડે ૭ વિકેટે ૧૮૪ રન કર્યા હતા.

ફિલ સોલ્ટ ૫ રને આઉટ થયા બાદ જોસ બટલર અને જેકબ બેથેલે બીજી વિકેટ માટે ૩૮ રન સાથે સ્કોર ૪૩ સુધી પહોંચાડ્યો. બટલર ૧૭ બોલમાં ૨૬ રન કરી આઉટ થતાં બેથેલ અને કેપ્ટન હેરી બ્રુકે ચોથી વિકેટ માટે ૭૧ રનની ભાગીદારી કરી. બેથેલે ૩૫ બોલમાં ૫૫ રન કર્યા હતા. હેરી બ્રુકે ૩૨ બોલમાં ૫૩ રન કર્યા હતા. ૭મા ક્રમે બેટિંગમાં આવેલા વિલ જેક્સે શાનદાર રીતે ફિનિશરની ભૂમિકા ભજવી ૧૮ બોલમાં અણનમ ૩૯ રન કર્યા હતા. ઇંગ્લેન્ડે ૭ વિકેટે ૧૮૪ રન કર્યા હતા. દિપેન્દ્ર સિંહ અરે અને નંદન યાદવે બે-બે વિકેટ તેમજ શેર મલ્લા અને સંદીપ લામિછાનેએ એક-એક વિકેટ લીધી હતી.

નેપાળે શરૂઆતથી જ ઇંગ્લેન્ડના પ્રબળ બોલરોનો સામનો કર્યો. કુશલ ભૂર્ટેલે બીજી ઓવરમાં જોફ્રા આર્ચરની ઓવરમાં ત્રણ ચોગ્ગા ફટકાર્યા. ત્રણ ઓવર પછી ટીમનો સ્કોર ૩૧ હતો. બાદમાં ઇંગ્લેન્ડે સ્પિન સાથે હુમલો કરતાં બીજો ઓપનર આસિફ શેખ ૭ રને આઉટ થયો. ભૂર્ટેલે ૧૭ બોલમાં ૨૯ રન કર્યા હતા. બાદમાં દીપેન્દ્ર સિંહ અરે અને કેપ્ટન રોહિત પૌડેલે જવાબદારી સંભાળી. બંનેએ ૫૪ બોલમાં ત્રીજી વિકેટ માટે ૮૨ રન ઉમેર્યા. નેપાળને છેલ્લી ચાર ઓવરમાં જીતવા માટે ૫૬ રનની જરૂર હતી ત્યારે લોકેશ બામે બાજી સંભાળી. ૧૮મી ઓવરમાં ૨૨ રન કર્યા, જેમાં લોકેશના બે છગ્ગાનો સમાવેશ થાય છે. ટીમને છેલ્લી ઓવરમાં જીતવા માટે ૧૦ રનની જરૂર હતી, પરંતુ સેમ કુરન તેના અનુભવનો ફાયદો ઉઠાવીને માત્ર પાંચ રન આપ્યા અને નેપાળને જીતવા ન દીધું. જોરદાર બેટિંગ કરી રહેલા લોકેશ બામ છેલ્લી ઓવરમાં મોટો શોટ ચૂકી ગયો હતો.

# ન્યુઝીલેન્ડે પ્રથમ મેચમાં અફઘાનિસ્તાનને હરાવ્યું

## ૧૮૨ કરવા છતાં અફઘાન ટીમ પાંચ વિકેટે હારી ગઇ



ટી ૨૦ વિશ્વકપ ટુર્નામેન્ટની જંગી રનની ચેઇઝવાળી મેચમાં ન્યુઝીલેન્ડે પાંચ વિકેટે અફઘાનિસ્તાનને હરાવી પોતાનો શાનદાર પ્રારંભ કર્યો હતો. ૧૮૨ કરવા છતાં અફઘાન ટીમે હારનો સામનો કરવો પડ્યો હતો. રવિવારે અહીંના ચેપોક સ્ટેડિયમ પર ખેલાયેલી મેચમાં ટોસ જીતીને પ્રથમ દાવ લેનારા અફઘાનિસ્તાને ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૮૨ રન કર્યા હતા. ન્યુઝીલેન્ડના લોકી ફર્ગ્યુસને ૪ ઓવરમાં ૪૦ રન આપીને બે વિકેટ લીધી હતી. મેટ હેનરી, જૈકબ ડફી અને રચિન રવીન્દ્રનને ૧-૧ વિકેટ મળી હતી.

ન્યુઝીલેન્ડની શરૂઆત ખરાબ રહી. બીજી ઓવરમાં ફિન એલન અને રચિન રવીન્દ્રનને મુજીબ ઉર રહેમાને સતત બે બોલમાં આઉટ કરતાં ન્યુઝીલેન્ડ ટીમમાં સન્નાટો ફેલાયો હતો. જો કે બાદમાં ટીમ સિફર્ટ અને ગ્લેન ફિલિપ્સે બાજી સંભાળીને પાવર પ્લે પૂરો થયો ત્યાં સુધીમાં ૫૦ રનનો સ્કોર કર્યો હતો. બંને વચ્ચે ૪૬ બોલમાં ૭૪ રનની ભાગીદારી કરી હતી. બાદમાં રશિદખાને ફિલ્સને બોલ્ડ કર્યો હતો. ફિલ્સે ૨૫ બોલમાં ૪૨ રન કર્યા હતા.

# અમદાવાદ ટેનિસ પ્રીમિયર લીગ હવે નિર્ણાયક તબક્કામાં પ્રવેશી



અમદાવાદ ટેનિસ પ્રીમિયર લીગ (ATPL) ની દસમી સિઝનની ક્વાર્ટર ફાઈનલ્સ સાચા અર્થમાં રોમાંચક બની રહી હતી જ્યાં ઉત્કૃષ્ટ પ્રદર્શન, અંતિમ પોઈન્ટ સુધી ચાલેલા મુકાબલા અને ખેલાડીઓની માનસિક મજબૂતીએ સેમિફાઈનલ સુધીનો માર્ગ નક્કી કર્યો હતો. જીયુટીસી હોટશોટ્સે એસીટીએફ સુપર કિંગ્સ સામે આત્મવિશ્વાસભર્યું પ્રદર્શન કરતાં ૩૨—૨૦ પોઈન્ટ સાથે ૩—૧થી વિજય મેળવી સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. નિખિલ પટેલે શાનદાર ૧૧—૨ની જીત સાથે હોટશોટ્સને લીડ અપાવી હતી. સુપર કિંગ્સ તરફથી મેહુલ પટેલ અને સંતોષ ઓસ્તવાલે ૧૦—૩ના વિજય સાથે મેચમાં રોમાંચ પાછો લાવ્યો હતો. જોકે, આનંન્દિતો ગુહા અને આદિત્ય સારાભાઈએ અમિત ચાંદનાની અને હિરેન પંચાલ સામે ૮—૫થી જીત મેળવી ફરીથી હોટશોટ્સ તરફ ઝોક લાવ્યો હતો. અંતે, સિંગલ્સમાં ઈન્દર અવતાની અને નિલેશ ખટ્ટરે કમલ લાહોટી અને કિંજર દેસાઈ સામે ૧૦—૩થી દમદાર જીત મેળવી મુકાબલો પૂર્ણ કર્યો હતો.એઆઈએસએ સુપર કિંગ્સે એબી કોર્ટ ડોમિનેટર્સ સામે પોતાનો દબદબો સાબિત કરતાં ૩૫—૧૭ પોઈન્ટ સાથે ૩—૧ની જીત નોંધાવી. મુકાબલાનું મુખ્ય આકર્ષણ રહ્યું વિશાલ સેવકનું અવિસ્મરણીય ૧૩—૦નું પ્રદર્શન, જે ક્વાર્ટર ફાઈનલ્સની સૌથી એકતરફી જીત બની. ડોમિનેટર્સ તરફથી રોહિત પટેલ અને ડો. ગૌરાંગ કદમે નિપમ ઠક્કર અને શૈલેન મહેતા સામે ૭—૬થી જીત મેળવી પડકાર ઊભો કર્યો. પરંતુ અનુજ તલાટી અને ભાસ્કર અગ્રવાલે મયૂર પટેલ અને જિગર પટેલ સામે ૭—૬થી જીત મેળવી નિયંત્રણ જાળવ્યું હતું. અંતે, પ્રતિક રૂપારેલિયા અને લવલ ભટ્ટે નીલ શાહ અને કપિલ વૈષ્ણાણી સામે ૯—૪થી સિંગલ્સ જીત મેળવી એઆઈએસએ સુપર કિંગ્સને સેમિ ફાઈનલમાં પહોંચાડી હતી.સૌથી વધુ રોમાંચક મુકાબલો રહ્યો નવરંગ બ્લોસમ બ્લાસ્ટર્સ અને ગાંધીનગર ટાઈટન્સ વચ્ચે રહ્યો હતો. ટાઈટન્સ ૨૭—૨૫થી આગળ હોવા છતાં અંતે સ્કોર ૨—૨થી સમાન રહ્યો અને મુકાબલો સુપર ટાઈ-બ્રેક સુધી પહોંચ્યો. શરૂઆતમાં પ્રશાંત આચાર્યએ રવિરાજસિંહ જાડેજા સામે ૭—૬થી જીત મેળવી. ટાઈટન્સ તરફથી તેજસ પટેલ અને સંજય પટેલે આનંદ અમીન અને હિરેન પટેલ સામે ૯—૪થી જીત નોંધાવી. બ્લાસ્ટર્સ માટે નરેન્દ્ર ચાવડા અને સોનુ સિંહ ધીંગરાએ ડો. લાલન અને ડો. જયેશ ગોયલ સામે ૮—૫થી જીત મેળવી મુકાબલો જીવંત રાખ્યો. અંતે, ભારે દબાણ વચ્ચે નવરંગ બ્લોસમ બ્લાસ્ટર્સે સુપર ટાઈ-બ્રેક ૧૦—૭થી જીતીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો. સિંગલ્સમાં પ્રણવ પટેલ અને હર્ષદ લાલવાનીએ નીરવ રાઠોડ અને ગૌરવ કુશવાહ સામે ૭—૬થી સફળતા મેળવીને મેચ રોમાંચક બનાવી હતી.

# અમદાવાદમાં આજે ફોર્મ વધુ મજબૂત બનાવવાનું દક્ષિણ આફ્રિકાનું લક્ષ્ય

## નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ICC T20 વર્લ્ડ કપ ૨૦૨૬ના ગ્રુપ Dની મેચમાં દક્ષિણ આફ્રિકા અને કેનેડા ટકરાશે



અમદાવાદનું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ૯મી ને સોમવારે ICC મેન્સ T20 વર્લ્ડ કપ ૨૦૨૬ ની મેચનું યજમાન બનશે. દક્ષિણ આફ્રિકા અને કેનેડા વચ્ચેની (ગ્રુપ Dની) મેચ આ ટુર્નામેન્ટની અહીંયાં ખેલાતી પ્રથમ મેચ છે.

દક્ષિણ આફ્રિકા આ મેચમાં કેનેડા સામે તાજેતરના ફોર્મમાં વધારો કરીને ટુર્નામેન્ટમાં અત્યારથી જ વધુ મજબૂત બની રહેવાનો લક્ષ્યાંક ધરાવે છે. ટાઇટલ માટે પડકાર ફેંકવા માટે પોતાનું તાજેતરનું ફોર્મ વધારવું પડશે.રવિવારે સાંજે દ.આફ્રિકાના ખેલાડીઓએ મેદાન પર નેટપ્રેક્ટિસ કરી હતી. બાદમાં મોડી સાંજે કેનેડિયન ખેલાડીઓએ પણ પ્રેકટિસ કરી હતી.

કેપ્ટન એડન માર્ક્રમની આગેવાની હેઠળની પ્રોટીઝ ટીમ ટુર્નામેન્ટમાં વિજયી શરૂઆત અને મજબૂત શરૂઆતી ગતિ પર નજર રાખી રહી છે. દ.આફ્રિકાના ગ્રુપમાં ન્યુઝીલેન્ડ, અફઘાનિસ્તાન અને યુએઈનો પણ સમાવેશ થાય છે.

જૂન ૨૦૨૪માં ભારત સામે ૨૦૨૪ના T20 વર્લ્ડ કપ ફાઇનલમાં હાર્યા પછી દક્ષિણ આફ્રિકા ૩૨ મેચોમાંથી ફક્ત ૧૨ જ જીતી શક્યું છે.જોકે, ગયા વર્ષે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની જીત સાથે ટ્રોફીના દુષ્કાળનો અંત લાવ્યા પછી, હવે તેઓ વિશ્વ ખિતાબ જીતવાનો વિશ્વાસ ધરાવે છે.

રાયન રિક્લટન અને ટ્રિસ્ટિયન સ્ટબ્સ મૂળ ટીમનો ભાગ નહોતા પરંતુ ડોનાવન ફેરેરિયા અને ટોની ડી જોર્ઝીની ઈજાઓ બાદ તેમને યોગ્ય રીતે સામેલ કરવામાં આવ્યા છે.કેશવ મહારાજ સ્પિન આક્રમણનું નેતૃત્વ કરશે જ્યારે ભારત અને શ્રીલંકામાં બેટિંગ-મૈત્રીપૂર્ણ પિચો પર ઝડપી બોલર કાગીસો રબાડાનું પ્રદર્શન હંમેશાની જેમ મહત્વપૂર્ણ રહેશે.દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓનો તાજેતરનો ઈતિહાસ રહ્યો છે કે તેઓ આવા વિરોધીઓ સામે બોલ પરથી નજર હટાવી લે છે. ૨૦૨૨ ના ૨૦ વર્લ્ડ કપમાં નેધરલેન્ડ્સ સામે આઘાતજનક અપસેટ સહન કરવાની અને સેમિફાઇનલમાં સ્થાન મેળવવામાં નિષ્ફળ જવાની યાદો હજુ પણ મનમાં તાજી છે. માર્ક્રમની ટીમ અહીં પણ આવું પુનરાવર્તન ન થાય તેની ખાતરી કરવા માટે કટિબદ્ધ રહેશે.

# સૂર્યાએ કોહલીનો રેકોર્ડ તોડ્યો:સૌથી વધુ વખત પ્લેયર ઓફ ધ એવોર્ડ જીત્યો, USAએ 3 કેચ છોડ્યા; મોમેન્ટ્સ-રેકોર્ડ્સ



ભારતે T20 વર્લ્ડ કપમાં જીત સાથે શરૂઆત કરી છે. કેપ્ટન સૂર્યાએ માત્ર મેચ વિનિંગ ઈનિંગ્સ જ નહીં રમી, પરંતુ વિરાટ કોહલીનો રેકોર્ડ પણ તોડી નાખ્યો. તેઓ T20માં સૌથી વધુ વખત પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ જીતનાર ભારતીય બન્યા.મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી શનિવારની છેલ્લી મેચમાં ભારતે USAને ૨૯ રનથી હરાવ્યું. USAએ ટૉસ જીતીને પહેલા બોલિંગ પસંદ કરી, પરંતુ તેમની ફિલ્ડિંગે મેચનો પાસો પલટી નાખ્યો. અમેરિકી ખેલાડીઓએ ત્રણ મહત્વના કેચ છોડી દીધા.ભારતે ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૬૧ રન બનાવ્યા, જેમાં સૂર્યકુમાર યાદવે ૪૯ બોલમાં અણનમ ૮૪ રન બનાવ્યા. ૧૬૨ રનના ટાર્ગેટને ચેઝ કરતા USAની ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૩૨ રન જ બનાવી શકી.

# ATPLની દસમી સિઝન ભવ્ય રીતે સમાપ્ત ACTF સુપર સ્ટાર્સ ચેમ્પિયન



ATPL સીઝન ૧૦ એક ભવ્ય ફિનાલે સાથે એક ભવ્ય સમાપન પર પહોંચી જે ખરેખર અમદાવાદ ટેનિસ પ્રીમિયર લીગની ભાવના, તીવ્રતા અને કદને પ્રતિબિંબિત કરે છે. શરૂઆતની લીગ મેચોથી લઈને નોકઆઉટ અને ચેમ્પિયનશિપ શોડાઉન સુધી, દસમી આવૃત્તિ તેના ઉચ્ચ-ગુણવત્તાવાળા ટેનિસ, ઉગ્ર સ્પર્ધા અને અનુકરણીય રમતગમત માટે અલગ હતી, જેણે ATPL ઇતિહાસની સૌથી યાદગાર સીઝનમાંની એક તરીકે પોતાનું સ્થાન મેળવ્યું.

ટાઇટલ મુકાબલામાં, ACTF સુપર સ્ટાર્સને ગ્રાન્ડ ફાઇનલમાં Aisa સુપર કિંગ્સ પર ૪-૦ થી પ્રભાવશાળી વિજય અપાવ્યા બાદ ACTF સુપર સ્ટાર્સને ATPL સીઝન ૧૦ ચેમ્પિયનનો તાજ પહેરાવવામાં આવ્યો. પરાગ ખત્રીના શાંત અધિકાર સાથે, સુપર સ્ટાર્સે વ્યૂહાત્મક શિસ્ત, દબાણ હેઠળ સંયમ અને સૌથી મોટા સ્ટેજ પર ચેમ્પિયનશિપ માનસિકતા દર્શાવી. ફાઇનલની શરૂઆત વિશાલ સેવકે ખુશ બકેરી સામે ૮-૧ થી કમાન્ડિંગ જીત સાથે કરી, જેનાથી ACTF સુપર સ્ટાર્સને શરૂઆતમાં ફાયદો થયો. તેજસ શાહ અને આદિત્યએ શાનદાર રીતે જોડી બનાવીને પ્રતિક રૂપારેલીયા અને અનુજ તલાટીને ૮-૧થી હરાવ્યા, જેનાથી ACTF સ્પર્ધા પર મજબૂત નિયંત્રણ મેળવી શક્યું.

ત્રીજા મુકાબલામાં દમન અને મિતુલે શૈલેન મહેતા અને મયુર પટેલને ૮-૫થી હરાવીને ACTF સુપર સ્ટાર્સને ટાઇટલની અણી પર ધકેલી દીધા. સાંજની અંતિમ મેચે સીઝનને યોગ્ય પરાકાષ્ઠા આપી, કારણ કે પરાગ ખત્રી અને સમ્રાટ દવેએ આલાપ અને લાવલ પર ૮-૭થી ટાઇ-બ્રેક વિજય મેળવીને ચેમ્પિયનશિપ જીતી લીધી અને ખીચોખીચ ભરેલા સ્થળેથી તાળીઓ પાડી.

ફાઇનલમાં નિષ્ફળ રહેવા છતાં, પ્રતીક રૂપારેલીયાની આગેવાની હેઠળની આઈસા સુપર કિંગ્સ, ATPL સીઝન ૧૦ દરમિયાન સ્થિતિસ્થાપકતા, વિશ્વાસ અને સાતત્યપૂર્ણ પ્રદર્શન દ્વારા દર્શાવવામાં આવેલી પ્રભાવશાળી ટુર્નામેન્ટ દોડ પછી રનર્સ-અપને પાત્ર રહી. ફાઇનલ સુધીની તેમની સફર લીગની સ્પર્ધાત્મક તીવ્રતામાં નોંધપાત્ર ફાળો આપ્યો.

આનંદ અમીનના નેતૃત્વ હેઠળના નવરંગ બ્લોસમ બ્લાસ્ટર્સે ત્રીજું સ્થાન મેળવ્યું હતું, જેમણે સમગ્ર ટુર્નામેન્ટમાં દૃઢ નિશ્ચય અને લડાયક ભાવના દર્શાવી હતી, જ્યારે ગુજરાત યુનિવર્સિટી હોટશોટ્સે પ્રશંસનીય ઝુંબેશ પછી ચોથા સ્થાને રહી હતી, જેનાથી સીઝનમાં ઊંડાણ અને સ્પર્ધાત્મકતાનો ઉમેરો થયો હતો. ભવ્ય સમાપન અને સમાપન સમારોહમાં અમદાવાદના માનનીય પોલીસ કમિશનર શ્રી જી. એસ. મલિકજી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જેમની હાજરીએ પ્રસંગને ગૌરવ અને પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમને અતિથિઓ શ્રી ચિંતનભાઈ પરીખ, શ્રી કૃષ્ણ પરીખ, શ્રી ભરત ચોક્સી અને શ્રી મુકુલ શુક્લાજીની હાજરીથી વધુ સન્માનિત કરવામાં આવ્યો હતો, જેમણે રમત અને ટેનિસ સમુદાયને પોતાનો ટેકો આપ્યો હતો.તેની દસમી સીઝનના સફળ સમાપન સાથે, ATPL ફરી એકવાર ખેલાડીઓ, કેપ્ટન, રેફરી, પ્રાયોજકો, સ્થળ ભાગીદારો, સ્વયંસેવકો અને સમર્થકોના સામૂહિક પ્રયાસોથી શક્ય બનેલી પ્રીમિયર ટેનિસ લીગ તરીકેની તેની સ્થિતિને પુનઃપુષ્ટિ કરી. ATPL સીઝન ૧૦ ના અંત સાથે, લીગ હવે વધુ મોટી અને સારી સીઝન તરફ આત્મવિશ્વાસ અને મહત્વાકાંક્ષા સાથે આગળ વધે છે.



ગતરોજ મોહન પરમારની વાર્તાઓ અને નવલકથા સાહિત્યમાં પાત્ર ચરિત્રની ઉદાત્તતા" વિષય પર જીજ્ઞા પરમારે નલિની દેસાઈના માર્ગદર્શન હેઠળ ph.d. ની પદવી પ્રાપ્ત કરી છે.જીજ્ઞા પરમારને સાહિત્યકાર મોહન પરમાર દ્વારા હૃદયપૂર્વક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# પાલનપુર ગામથી સુરત રેલ્વે સ્ટેશન બસ સેવા રૂટનો આરંભ

## વિવિદ અગ્રણીઓની ઉપસ્થિતિમાં સીટી બસ સેવાનું વિસ્તરણ

સુરત, તા.૯

તા.-૦૭/૦૨/૨૦૨૬ શનિવારના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે શ્રીજલારામ ઈન્ટરનેશનલ સ્કુલ પાસે, પાલનપુર, સુરત ખાતે સિટી રૂટ નં.-૧૧૭ (સુરત રેલ્વે સ્ટેશન ટર્મિનલથી પાલનપુર ગામ) માં સદર વિસ્તારનો સમાવેશ કરાતા લીલી ઝંડી બતાવી સિટી બસ સેવા શુભારંભ કરાવવાનો કાર્યક્રમ ભારત સરકારના કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલ સાહેબના માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રાજનભાઈ પટેલ સાહેબ, ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈ સાહેબ, સુરત મહાનગરપાલિકાની જાહેર પરિવહન સમિતિના અધ્યક્ષશ્રી સોમનાથભાઈ મરાઠે સાહેબની વિશેષ ઉપસ્થિતિમાં તેમજ વોર્ડ નં.-૯ (રાંદેર - જહાંગીરાબાદ - પાલનપુર) ના કોર્પોરેટર શ્રીમતી નેન્સીબેન શાહ, શ્રીમતી ગૌરીબેન સાપરિયા, શ્રીકૃણાલભાઈ સેલરની ઉપસ્થિતિમાં આયોજિત કરવામાં આવેલ. આ શુભારંભ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ ભાજપ, સુરત મહાનગર ભાજપ, ભાજપ મોરચાના વોર્ડ - ૯માં સમાવિષ્ટ હોદ્દેદારશ્રીઓ - સભ્યશ્રીઓ, વોર્ડ-૯ના હોદ્દેદારશ્રીઓ-સભ્યશ્રીઓ, વોર્ડ મોરચાના હોદ્દેદારશ્રીઓ - સભ્યશ્રીઓ, આગેવાનશ્રીઓ, કાર્યકર્તા ભાઈઓ - બહેનો, નાગરિકો ઉપસ્થિત રહેલ. સદર રુટ શરુ થયેથી ઉક્ત વિસ્તારના રહેવાસીઓને ધંધાકીય તથા નોકરીયાત વર્ગને જાહેર પરિવહન સેવાનો લાભ મળી રહશે અને તેઓને સુરત રેલ્વે સ્ટેશનની સીધી કનેક્ટિવિટી મળી રહશે. જેથી જાહેર જનતાને સદર સેવાનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

# સુરત અને પલસાણા તાલુકાના નાગરિકોને જળસંચય કાર્યમાં જોડાવાની સુવર્ણ તક

## 'ભૂગર્ભજળ રિચાર્જ યોજના' હેઠળ બંધ બોરવેલ/ટ્યુબવેલ/કૂવાઓમાં વરસાદી પાણી ઉતારી પુનઃજીવંત કરવાના નાગરિકો અરજી કરી શકશે

સુરત, તા.૯

રાજ્યમાં સતત ઘટતા જતા ભૂગર્ભજળના સ્તરને અટકાવવા અને વરસાદી પાણીનો અસરકારક ઉપયોગ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા લોકભાગીદારી આધારિત બંધ બોરવેલ/ટ્યુબવેલ/કૂવાઓ રિચાર્જ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત સુરત જિલ્લામાં પ્રથમ તબક્કામાં સુરત શહેર વિસ્તાર અને પલસાણા તાલુકાનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી આ સબંધિત વિસ્તારના નાગરિકો યોજનાનો લાભ મેળવી શકશે.

લોકભાગીદારી થકી વ્યાપક પ્રમાણમાં જનજાગૃતિ લાવી લાંબા સમયથી બંધ બોરવેલ, ટ્યુબવેલ અને કૂવાઓનો ભૂગર્ભજળ રિચાર્જ માટે ઉપયોગ કરાતાં ઓછા ખર્ચે પાણીનું સ્તર ઉંચું લાવી શકાશે.

આ યોજના હેઠળ કુલ ખર્ચમાં ૯૦ ટકા રાજ્ય સરકાર અને ૧૦ ટકા રકમ લાભાર્થી દ્વારા ભરવાની રહેશે. એક કામ માટે મહત્તમ રૂ.૧.૬૬ લાખની મર્યાદા હોય, રૂ.૧.૪૯ લાખ સરકાર દ્વારા જ્યારે રૂ.૧૬,૬૦૦ લાભાર્થીએ આપવાના રહશે. તેમજ સરકાર દ્વારા નિયુક્ત ઈજારદાર મારફતે કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

આ યોજનાનો લાભ લેવા ઈચ્છુક લાભાર્થીએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. પ્રાપ્ત અરજીઓની ચકાસણી બાદ તાલુકાવાર નિયત સંખ્યાને આધારે ઓનલાઈન ડ્રો દ્વારા લાભાર્થીની પસંદગીથી લઈને અંતિમ મંજૂરી સુધીની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન રહેશે. ડ્રો અંગે અરજદારોને જીસ્જી દ્વારા જાણ કરવામાં આવશે. તેમજ વેબસાઈટ પર પણ માહિતી ઉપલબ્ધ રહેશે.

આ યોજનામાં લાભાર્થીના હયાત બંધ બોરવેલ/ટ્યુબવેલ/કૂવાઓ પાસે ૪મી. ટ ૪મી.ની ફિલ્ટરેશન ચેમ્બર અને ૨.૫ મીટર લંબાઈની સીલ્ટેશન ચેમ્બર બનાવવામાં આવશે. આ માટે અંદાજે ૧૦મી. ટ ૫મી. જેટલી જગ્યાની જરૂરિયાત રહેશે. જેથી વરસાદી પાણી શુદ્ધ થઈ જમીનમાં ઉતારી શકાય.

જો કામગીરી નિયત જથ્થા કરતાં ઓછી થાય તો કામની ગુણવત્તા અને કાર્યક્ષમતાના આધારે સપ્રમાણ સરકારી ફાળો ચૂકવવામાં આવશે. અને વધારાના લોકફાળાની રકમ પરત કરવામાં આવશે. જો કામગીરી વધુ થાય તો વધારાની રકમ લાભાર્થીએ સંબંધિત એજન્સી સાથે પરસ્પર સમજુતિથી ચૂકવવાની રહેશે અને સરકાર તરફથી કોઈ વધારું ચૂકવણું કરવામાં આવશે નહીં.

આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા લાભાર્થીઓએ તા. ૦૯ થી ૨૪ ફેબ્રુઆરી સુધી https://broewell-recharge.gujarat.gov.in વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે એમ સુરત જિલ્લા પંચાયતના સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રીની યાદીમાં જણાવાયું છે.

### જાપાનમાં તાકાઈચીની

પહેલા પાનાનું ચાલુ

સેઈજી ઈનાડાના મતે, 'જો તકાઈચી મોટી જીત નોંધાવે છે, તો તેમને ટેક્સમાં ઘટાડા જેવા મહત્વના નિર્ણયો લાગુ કરવાની સ્વતંત્રતા મળશે.'ટ્રમ્પે કહ્યું હતું- તકાઇચી શક્તિશાળી અને બુદ્ધિશાળી નેતાડોનાલ્ડ ટ્રમ્પે ૫ ફેબ્રુઆરીના રોજ એક પોસ્ટમાં સાને તકાઈચીને સંપૂર્ણ સમર્થન આપ્યું છે. તેમણે તકાઈચીને મજબૂત, શક્તિશાળી અને બુદ્ધિશાળી નેતા કહ્યા, જે પોતાના દેશને સાચો પ્રેમ કરે છે અને જાપાનના લોકોને નિરાશ નહીં કરે.

ટ્રમ્પે જણાવ્યું કે તેઓ ૧૯ માર્ચ ૨૦૨૬ ના રોજ વ્હાઈટ હાઉસમાં તકાઈચીને મળશે. આ સમર્થન જાપાનની ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ની ચૂંટણીના બરાબર બે દિવસ પહેલા આવ્યું છે. આ પહેલીવાર છે જ્યારે કોઈ અમેરિકી રાષ્ટ્રપતિએ જાપાનના કોઈ નેતાને ચૂંટણીમાં ખુલ્લેઆમ સમર્થન આપ્યું હોય.

### ટેકનોલોજીના ગુલામ

પહેલા પાનાનું ચાલુ

કહ્યું, "એકવાર તમે તમારા મનમાં નક્કી કરી લો કે તમે ગુલામ નથી, તો તમે દરેક ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી શકો છો."ઉદાહરણ આપતા, પીએમ મોદીએ કહ્યું, "જો તમે AI ને પૂછો કે આ પુસ્તક ક્યાંથી મેળવવું અથવા આ વિષય પર કયું સારું પુસ્તક છે, તો શક્ય છે કે AI તમને માર્ગદર્શન આપશે, અને તે તમારા માટે ઉપયોગી થશે. પરંતુ જો તમ AI ને કહો, "હું વાંચીશ નહીં, છૈં ને મને કહેવા દો કે પુસ્તકની અંદર શું છે," તો તે એક મોટી સમસ્યા છે.તેમણે કહ્યું કે નોકરીઓનું સ્વરૂપ હંમેશા બદલાવું જોઈએ. આપણે ટેકનોલોજીને સમજવી જોઈએ અને પોતાને વિસ્તૃત કરવી જોઈએ. આ માટે ટેકનોલોજીની શક્તિને એકીકૃત કરવાની જરૂર છે. તમારા કાર્યમાં મૂલ્ય ઉમેરો. જો આવું થાય, તો ગમે તેટલી મહાન ટેકનોલોજી હોય, આપણે તેનો લાભ લઈશું અને તેનાથી ડરવાની જરૂર નથી.

### ઈસરોએ ચંદ્રના

પહેલા પાનાનું ચાલુ

લેન્ડિંગ માટેના જોખમી વિસ્તારોની પહેલેથી જ ઓળખ થઈ જાય છે.

૨૧૦૪ કરોડ રૂપિયાના આ મિશનમાં ચંદ્રના ખડકો અને માટીને પૃથ્વી પર પાછા લાવવામાં આવશે. મિશનમાં બે અલગ-અલગ રોકેટનો ઉપયોગ થશે. હેવી-લિફ્ટર LVM-૩ અને ISROનું ભરોસાપાત્ર વર્કહોર્સ PSLV અલગ-અલગ પેલોડ લઈને જશે.

સ્ટેક ૧માં લુનર સેમ્પલ કલેક્શન માટે એસેન્ડર મોડ્યુલ અને સપાટી પર લુનર સેમ્પલ કલેક્શન માટે ડિસેન્ડર મોડ્યુલ શામેલ છે. સ્ટેક ૨ માં થ્રસ્ટ માટે એક પ્રોપલ્શન મોડ્યુલ, સેમ્પલ હોલ્ડ માટે ટ્રાન્સફર મોડ્યુલ અને સેમ્પલને પૃથ્વી પર લાવવા માટે રી-એન્ટ્રી મોડ્યુલ શામેલ છે. ચંદ્રયાન-૪ ને ISROનું અત્યાર સુધીનું સૌથી મુશ્કેલ ચંદ્ર મિશન માનવામાં આવી રહ્યું છે.

### ઉત્તરાખંડના પિથોરાગઢમા

પહેલા પાનાનું ચાલુ

વરસાદની શક્યતા ઓછી છે. સવાર-સાંજ ઠંડીનો અનુભવ થશે. દિવસ દરમિયાન તડકો નીકળવાથી હવામાન સામાન્ય રહેશે. તાપમાનમાં ૧-૩ ડિગ્રી સુધીનો ઉતાર-ચઢાવ જોવા મળી શકે છે.

### એપસ્ટીન પુતિનને પણ

પહેલા પાનાનું ચાલુ

એપસ્ટીનના ઈમેઈલ્સમાં સામે આવી છે.એપસ્ટીને ચુર્કિન વિશે એવો પણ દાવો કર્યો કે તે તેની વાતચીત પછી અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને વધુ સારી રીતે સમજવા લાગ્યો હતો. જોકે, દસ્તાવેજોમાં આ દાવાનો કોઈ પુરાવો મળ્યો નથી. ફેબ્રુઆરી ૨૦૧૭માં વિટાલી ચુર્કિનનું ન્યૂયોર્કમાં અચાનક મોત થયું હતું.

આ પછી, એપસ્ટીને ૨૦૧૮ના એક ઈમેલમાં લખ્યું કે હવે તે રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લવરોવ દ્વારા ફરીથી સંપર્ક કરવા માંગે છે.

### રાયબરેલીમાં પગપાળા

પહેલા પાનાનું ચાલુ

ઘટનાસ્થળે પહોંચી હતી, પરંતુ પહોંચ્યા પછી પણ અડધા કલાક સુધી એમ્બ્યુલન્સનો દરવાજો જ ખુલ્યો ન હતો. આ ગંભીર બેદરકારીને કારણે ઘાયલોની સારવારમાં વિલંબ થયો હતો.

બીજી તરફ, રેલ્વે ક્રોસિંગ બંધ હોવાને કારણે હાઈવે પર ૨ કિમી સુધીનો જામ લાગ્યો હતો, જેના લીધે અન્ય કોઈ વાહન પણ તાત્કાલિક પહોંચી શક્યું ન હતું. ઘટનાની જાણ થતા જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસે કારને કબજે કરી લીધી છે, જોકે ડ્રાઈવર અંધારાનો લાભ લઈને ફરાર થઈ ગયો હતો. હાલમાં પોલીસે ફરાર ચાલકની શોધખોળ શરૂ કરી છે .

# ઠગાઈ કેસમાં બિલ્ડર જાવેદ કાઝીની જામીન અરજી નામંજૂર

## આરોપી વિરૂદ્ધ ગુના હગોવાથી જામીન આપવા કોર્ટનો ઈન્કાર

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯

લાલગેટ વિસ્તારમાં અલ-અમન એપાર્ટમેન્ટના નામે કરોડોની છેતરપિંડી કરનાર બિલ્ડર જાવેદ લિયાકતઅલી કાઝીની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી..

આ કેસની વિગત એવી છે કે, બિલ્ડર જાવેદ કાઝીએ મિલકત પર અગાઉથી લોન લીધેલી હોવા છતાં ટાઈટલ ક્લિયર હોવાનું જણાવી હનીફ પટેલ અને અન્ય લોકો પાસેથી કુલ રૂ. ૧,૮૮,૫૩,૦૦૦ મેળવી દસ્તાવેજ કરી આપ્યા નહોતા. આ અંગે જાવેદ સામે છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો. આ કેસમાં ચાર્જશીટ રજૂ થયા બાદ આરોપી જાવેદએ ફરીથી જામીન માટે અરજી કરી હતી. જોકે, મૂળ ફરિયાદીના વકીલ નદીમ એચ. ચૌધરી અને સરકારી વકીલ વિશાલ ફળધુએ સખત વિરોધ કરતા જણાવ્યું હતું કે, આરોપી સામે અગાઉ પણ છેતરપિંડીના ત્રણ ગુના નોંધાયેલા છે અને ભોગ બનનારની સંખ્યા પણ મોટી છે. માત્ર ચાર્જશીટ દાખલ થવી એ જામીન માટે પૂરતું કારણ નથી. કોર્ટે આ ગંભીરતાને ધ્યાને લઈ આરોપીની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

# ગુંજ સોશ્યલ ગ્રુપ દ્વારા ૧૦માં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ

## ૫૧ યુગલ લગ્નના તાંતણે બંધાયા હતા

અંકલેશ્વર, તા.૯

અંકલેશ્વરમાં સામાજિક કાર્યો થકી સેવાકીય ક્ષેત્રે પોતાનું દાયિત્વ નિભાવતા ગુંજ સોશ્યલ ગ્રુપ દ્વારા સતત સેવાનો પ્રવાહ વહેડાવવામાં આવી રહ્યો છે. ગુંજ સોશ્યલ ગ્રુપ દ્વારા નવરાત્રી મહોત્સવ સહિત સર્વજ્ઞાતિ સમૂહ લગ્નનું પણ મોટાપાયે આયોજન કરવામાં આવે છે, ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુંજ સોશ્યલ ગ્રુપ દ્વારા ૧૦ માં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યુ હતુ.

અંકલેશ્વર શહેરના દીવા રોડ પર આવેલ ગુપ્તા ફાર્મ ખાતે આજરોજ ૧૦માં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સમૂહ લગ્નોત્સવમાં ૫૧ નવયુગલો એક જ મંડપ નીચે પ્રભુતામાં ડગલાં માંડ્યા છે. આ શુભ અવસરમાં અનેક દાતાઓ સહભાગી બન્યા છે,સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવમાં તમામ નવયુગલોને કરિયાવરમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ભેટ સ્વરૂપે આપવામાં આવી છે. આ સાથે જ દીકરીઓને સોળ સંસ્કારોથી અલંકિત કરીને સમર્પણ, સમજણ અને સેવારુપી સંસ્કારનું ભાથું આપી ગુંજ સોશ્યલ ગ્રુપના આયોજકો દ્વારા ધર્મના માતા-પિતા તરીકે માથે હાથ મુકી શ્વસુર ગૃહે વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્ય સરકાર ના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ ,તાલુકા પંચાયત ના સભ્ય અરવિંદ પટેલ .અંકલેશ્વર રામકુંડ તીર્થના મહામંડલેશ્વર મહંત ગંગાદાસ બાપુ, ગુમાનદેવ પિઠાધિશ્વર મહંત મનમોહનદાસજી બાપુ, બાળ કથાકાર પ્રિયાન્શુ મહારાજ, ગુંજ સોશ્યલ ગ્રુપના પ્રમુખ સુધીર ગુપ્તા, સહિત આયોજક સમિતિના સભ્યો તેમજ મોટી સંખ્યામાં વર-કન્યા પક્ષના પરિવારો અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

### એનર્જી પાવર

પેજ-૨ પાનાનું ચાલુ

ટ્રેડર્સ અને અંતિમ વપરાશકર્તાઓને એક જ સ્થળે મળવાનો મોકો મળ્યો હતો, જેનાથી બિઝનેસ નેટર્વકિંગ, ટેકનોલોજી અપડેશન અને નવા વ્યાપારી અવસર સર્જાયા હતા.

તેમણે ઉમેર્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ભવિષ્યમાં પણ ઊર્જા અને પાવર સેકટરના વિકાસને ધ્યાનમાં રાખીને આવા વિશિષ્ટ એક્ષ્પો તથા ટેકિનકલ સેમિનારોનું આયોજન કરવામાં આવશે, જેથી ઉદ્યોગકારોને વૈશ્વિક ટ્રેન્ડ્સ સાથે જોડાઈ રહેવાનો લાભ મળી શકે.આ એક્ષ્પોમાં ઉદ્યોગકારો, ઈજનેરો, કન્સલ્ટન્ટ્સ, પ્રોજેકટ ડેવલપર્સ તથા વિદ્યાર્થીઓ સહિત વિવિધ વર્ગના મુલાકાતીઓએ હાજરી આપી હતી. આ એક્ષ્પોમાં ભાગ લેનારા ૬૫ ટકા મેન્યુફેકચરર્સ અને ૩૫ ટકા ટ્રેડર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સને સુરત સહિત રાજ્યના વિવિધ શહેરોમાંથી વિઝીટર્સનો સારો પ્રતિસાદ મળ્યો હતો.

ત્રણ દિવસમાં ૧૨ હજારથી વધુ મુલાકાતીઓએ આ એક્ષ્પોની મુલાકાત લઇ પ્રદર્શિત થનારા પ્રોડકટ અને સેવાઓની માહિતી મેળવી હતી, આથી એક્ઝિબિટર્સને સ્થળ પર જ વ્યવસાયિક પૂછપરછ અને ભવિષ્યની ડીલ્સ માટે સકારાત્મક સંવાદ મળ્યો હોવાનું જણાવ્યું હતું.

'એનર્જી–પાવર–ઈલેકિટ્રકલ એક્ષ્પો ૨૦૨૬' સુરત માટે જ નહીં પરંતુ સમગ્ર દક્ષિણ ગુજરાત માટે ઊર્જા અને ઈલેકિટ્રકલ ક્ષેત્રના વિકાસમાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થયો હોવાનું જાણવા મળ્યું હતું.

### ઓએનજીસી

પેજ-૨ પાનાનું ચાલુ

રેન્કની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, વૃક્ષારોપણ અને સાયક્લોથોનનો પ્રારંભ કરાયો હતો.આ સાયકલોથોનનો હેતુ તટના નાગરિકોને ડ્રગ્સ, હથિયાર અને વિસ્ફોટકોની તસ્કરી સામે જાગૃત કરવાનો છે. આ કોસ્ટલ સાયકલોથોન એક સમુદ્ર કિનારાની સુરક્ષા, રાષ્ટ્રીય એકતા અને જનજાગૃતિ ફેલાવવા માટેનું સશક્ત જન આંદોલન CISF દ્વારા ગણવવામાં આવ્યું હતું.

### સીઆઈએસએફ

પેજ-૨ પાનાનું ચાલુ

મહત્વપૂર્ણ એરપોર્ટ, બંદરો અને નેશનલ ઈમ્પોર્ટન્સ ધરાવતી ઈન્ડસ્ટ્રીઝની સુરક્ષામાં પાયાની ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત, સંસદ ભવનની સુરક્ષા અને SPG જેવી મહત્વની જવાબદારીઓમાં પણ આ ફોર્સનું યોગદાન અતુલ્ય છે.

CISFની શિસ્ત અને પ્રમાણિકતાની પ્રશંસા કરતા જણાવાયું હતું કે, એરપોર્ટ પર ફરજ બજાવતા જવાનો માટે સંબંધો કે મિત્રતા કરતા દેશની સુરક્ષા સર્વોપરી હોય છે. ભલે કોઈ સગા-સંબંધી હોય, પરંતુ ફરજ પરનો જવાન પૂરી તપાસ બાદ જ પ્રવેશ આપે છે, જે તેમની પ્રામાણિકતા દર્શાવે છે. પરિવારથી હજારો કિલોમીટર દૂર રહીને CISFના જવાનો હોળી, દિવાળી કે અન્ય તહેવારોમાં પણ રજા લીધા વગર મેટ્રો, એરપોર્ટ અને બંદરો પર ૨૪ કલાક ફરજ બજાવે છે. આ જવાનોની મહેનત અને ત્યાગને કારણે જ દેશના નાગરિકો સુરક્ષિત અનુભવે છે.

સાયકલ યાત્રા દરમિયાન જવાનો ગામડે-ગામડે જઈને સ્વચ્છતા અભિયાનમાં મદદ કરી રહ્યા છે અને લોકોના આશીર્વાદ મેળવી રહ્યા છે. આ યાત્રા દ્વારા યુવાનો અને દીકરીઓને સુરક્ષા દળોમાં જોડાઈને ઉજ્જવળ ભવિષ્ય બનાવવા માટેનો વિશ્વાસ અપાવવામાં આવી રહ્યો છે એમ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું હતું.

આ અભિયાનમાં ૧૩૦ સમર્પિત CISF જવાનો જોડાયા છે, જેમાં ૬૫ મહિલા જવાનોની સક્રિય ભાગીદારી નારી શક્તિ અને સશક્તિકરણનો મજબૂત સંદેશ આપી રહી છે. આ યાત્રા દ્વારા દરિયાકાંઠાના વિસ્તારોમાં ડ્રગ્સ, શસ્ત્રો અને વિસ્ફોટકોની દાણચોરી સામે જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

૧૧ રાજ્યોને આવરી લેતી ગુજરાતના કચ્છના લખપતથી પશ્ચિમ બંગાળના બકખલી બન્ને સ્થળોએથી શરૂ થયેલી ૨૫ દિવસીય 'વંદે માતરમ કોસ્ટલ સાયક્લોથોન-૨૦૨૬' દેશના ૬,૫૫૩ કિમી લાંબા દરિયાકાંઠાને આવરી લેશે, જેનો મુખ્ય હેતુ 'સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત' થીમ હેઠળ દરિયાકાંઠાની સુરક્ષા અંગે જાગૃતિ લાવવા અને માછીમારોને સુરક્ષા વ્યવસ્થામાં સામેલ કરવાનો છે. પશ્ચિમ-દક્ષિણની આ યાત્રા કચ્છના લખપતથી કુલ ૩૫૫૨ કિ.મી.નું અંતર કાપીને ૨૨મી ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ કેરળના કોચીન ખાતે સમાપ્ત થશે.

આ ઐતિહાસિક સાયક્લોથોનનો મુખ્ય હેતુ રાષ્ટ્રીય સુરક્ષામાં જાગૃતિ લાવવાનો છે, ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં ડ્રગ્સ, શસ્ત્રો અને વિસ્ફોટકોની દાણચોરી સામે જાગૃતિ ફેલાવવાનો છે. આ અભિયાન 'સલામત દરિયા કિનારા, સમૃદ્ધ ભારત' થીમ હેઠળ દરિયાઈ સુરક્ષા, પર્યાવરણ સંરક્ષણ અને સમુદાય જાગૃતિનો સંદેશો પ્રસારિત કરવાનો છે.

'વંદે માતરમ્ તટીય સાયકલોથોન'ના સહભાગીઓના સ્વાગતમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. હાજર સૌએ CISFની ડોક્યુમેન્ટરી ફિલ્મ નિહાળી હતી.

આ પ્રસંગે જિલ્લા કલેકટર ડો. સૌરભ પારધી, મ્યુ. કમિશનર એમ. નાગરાજન, જે.સી.પી. ક્રાઈમ રાઘવેન્દ્ર વત્સ, સુરત એરપોર્ટના CISF કમાન્ડન્ટ કુમાર અભિષેક, NTPC ક્વાસના ડે.કમાન્ટન્ટ સુરેન્દ્ર સોનકરિયા, ONGC હજીરા ડે. કમાન્ડન્ટ મનીષ કુમાર, ONGC હજીરા ડે. કમાન્ડન્ટ જ્ઞાનસિંગ, CISFના અધિકારીઓ સહિત શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

### અંકલેશ્વર શહેરને

પેજ-૨ પાનાનું ચાલુ

જે સ્થાનિક અર્થતંત્રને વેગ આપશે. આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો થાશે રિંગરોડની બંને બાજુએ સર્વિસ રોડ બનાવવામાં આવશે, જેથી સ્થાનિક લોકોના વાહનો અને ઔદ્યોગિક વાહનો અલગ-અલગ રીતે સુરક્ષિત ચાલી શકે.

મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, રાજ્ય સરકારના 'ગતિશક્તિ' અભિયાન હેઠળ આ પ્રોજેક્ટ અંકલેશ્વરને એક 'મોડલ સિટી' તરીકે સ્થાપિત કરશે. આ રિંગરોડ માત્ર રસ્તો નહીં, પણ અંકલેશ્વરના ભવિષ્યના વિકાસની લાઈફલાઈન સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

નગરપાલીકાના માજી પ્રમુખ અને નગર સેવક સંદીપ પટેલે જણાવ્યું કે અંકલેશ્વરને રિંગરોડ બનવાથી શહેરની ઘણીબધી સમસ્યાઓનો ઉકેલ આવશે અને સાથે વિકાસને વેગ મળશે.રીગરેડથી લોકો સરળતાથી અવરજવર કરશે અને સમયને બચાવ થશે.

### કોમિડીટી માર્કેટ

પેજ-૨ પાનાનું ચાલુ

મોંઘવારી અને જીઓ–પોલિટિકલ પરિસ્થિતિના પ્રભાવ અંગે ઊંડાણપૂર્વક વિશ્લેષણ રજૂ કર્યું હતું.

શ્રી ચોકસીએ જણાવ્યું હતું કે, કોમોડિટી માર્કેટમાં રોકાણ કરતી વખતે લાંબા ગાળાની દૃષ્ટિ, જોખમ વ્યવસ્થાપન અને યોગ્ય માહિતી આધારિત નિર્ણય અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે ઉદ્યોગકારો અને રોકાણકારોને માર્કેટના ભાવોમાં ઉતાર–ચડાવ વચ્ચે સંતુલિત વ્યૂહરચના અપનાવવાની સલાહ આપી હતી.

આ સેમિનારમાં ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, કમિટીના સભ્યો, રોકાણકારો અને ફાયનાન્સ પ્રોફેશનલ્સ ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના એડવાઈઝર શ્રી કેતન દલાલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સેશન દરમિયાન પ્રશ્નોત્તરી સત્રમાં ઉપસ્થિતોએ બજાર સંબંધિત વિવિધ પ્રશ્નો પુછયા હતા, જેના સંતોષકારક જવાબ શ્રી દેવેન ચોકસીએ આપ્યા હતા.

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હેલ્થ સિરિઝ

# મહિલાઓના આરોગ્ય અને હૃદય સ્વાસ્થ્ય અંગે અવેરનેસ સેશન યોજાયું

## ડો. રવિન્દ્ર કોરાટે હેલ્ધી હાર્ટ એન્ડ વુમન્સ વેલનેસ વિષય પર માહિતી આપી

સુરત, તા.૯

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા હેલ્થ સિરિઝ અંતર્ગત રવિવાર, તા. ૧લી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'હેલ્ધી હાર્ટ એન્ડ વુમન્સ વેલનેસ' વિષય પર અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં મુખ્ય વકતા તરીકે આઈવીએફ અને ઈન્ફર્ટિલિટી સ્પેશિયાલિસ્ટ ડો. રવિન્દ્ર કોરાટે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સંબોધનમાં જણાવ્યું હતું કે, આજના ઝડપી જીવનમાં મહિલાઓનું આરોગ્ય અને હૃદય સ્વાસ્થ્ય બંને અત્યંત મહત્વપૂર્ણ છે અને આવી પ્રવૃત્તિઓ સમાજ માટે સમયની જરૂરિયાત છે. તેમણે કહ્યું હતું કે, ઉદ્યોગકારો અને કામદારો માટે આરોગ્ય જાગૃતિ ખૂબ જ આવશ્યક છે અને ચેમ્બર દ્વારા હેલ્થ સિરિઝ અંતર્ગત આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરાઈ રહ્યું છે અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો કરવામાં આવશે. આઈવીએફ અને ઈન્ફર્ટિલિટી સ્પેશિયાલિસ્ટ ડો. રવિન્દ્ર કોરાટે (MS–ઓબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકોલોજી) મહિલાઓમાં ફર્ટિલિટી સંબંધિત સમસ્યાઓ, હોર્મોનલ અસંતુલન, માતૃત્વ સ્વાસ્થ્ય તેમજ જીવનશૈલીમાં સુધારાની આવશ્યકતા પર વિશેષ ભાર મુકયો હતો. તેમણે હૃદયરોગના પ્રારંભિક લક્ષણો, જોખમકારક પરિબળો, નિયમિત ચેકઅપ અને સમયસર સારવારના મહત્વ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નિયમિત આરોગ્ય તપાસ, સંતુલિત આહાર, યોગ અને વ્યાયામ તેમજ માનસિક સ્વસ્થતા જાળવવાથી ફર્ટિલિટી તથા સર્વાંગી મહિલાઓના આરોગ્યમાં સુધારો શકય છે. મહિલાઓએ કોઈપણ આરોગ્ય સમસ્યાને અવગણ્યા વિના સમયસર તબીબી સલાહ લેવી જોઈએ, જેથી યોગ્ય નિદાન અને સારવાર દ્વારા આરોગ્ય સંબંધિત જટિલતાઓથી બચી શકાય. ચેમ્બરની ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સ હેલ્થ કમિટીના ચેરમેન ડો. જગદીશ વઘાસિયાએ કાર્યક્રમની રૂપરેખા અને ઉદ્દેશ્ય વિષે માહિતી આપી હતી. ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સ હેલ્થ કમિટીના કો–ચેરમેન શ્રી નિખિલ વઘાસિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ અવેરનેસ સેશનમાં ચેમ્બરના સભ્યો, ઉદ્યોગ સાહસિકો, મહિલાઓ અને આરોગ્ય પ્રત્યે જાગૃત નાગરિકોએ હાજરી આપી હતી, આથી કાર્યક્રમને ખૂબ સકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો.

## બારડોલીથી સોનલ ખારવા ગુમ

સુરત, તા.૯

બારડોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૨/૦૮/૨૦૨૫ ના રોજ મકાન નં.બી-૬૨, બારડોલી, (મૂળ રહે. ગામ-લીમડી, સુરેન્દ્રનગર) ખાતે રહતા અશોકભાઇ ખારવાના ૧૭ વર્ષીય પુત્રી સોનલ ખારવા ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ગૌરવર્ણ અને ઊંચાઈ ૪.૫ ફૂટ છે. તેમણે પિંક કુર્તી અને ભૂરી લેંગીસ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા બારડોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## સારોલીથી રાજુ દાયમા ગુમ

સુરત, તા.૯

સરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૦૧/૦૨/૨૦૨૬ ના રોજ મંગલમ ગ્રેનાઈડ, વેડછા, પાટિયા (મૂળ રહે. ગામ-વડલિયાપા, તા-બાસવાડા, રાજસ્થાન) ખાતે રહતા ૩૮ વર્ષીય રાજૂભાઈ ભુરાલાલ દાયમા ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૧ ફૂટ છે. તેમણે કાળી શર્ટ અને કાળો પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા સરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## પલસાણાથી અંજુ મહતો ગુમ

સુરત, તા.૯

કડોદરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ સત્યનાગર, પલસાણા (મૂળ રહે. ગામ-કોઠીયારા, તા-રિંગા, જિ-સીતામઢી, બિહાર) ખાતે રહેતા શ્યામસુંદર મહતોના ૧૬ વર્ષીય પુત્રી અંજુ મહતો ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૪.૦ ફૂટ છે. તેમણે કાળી ટૉપ અને ભૂરી પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કડોદરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ઓલપાડથી હિરલ પટેલ ગુમ

સુરત, તા.૯

ઓલપાડ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૩/૦૮/૨૦૨૫ ના રોજ ઘર નં.૧૩૪, ઘનશેર ફળિયું, છીણીગામ, ઓલપાડ ખાતે રહતા પંકજભાઈ પટેલના ૧૬ વર્ષીય પુત્રી હિરલ પટેલ ગુમ થયા છે. તેઓ શરીરે પાતળો બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે સફેદ ટી-શર્ટ અને કાળી પ્લઝો પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ઓલપાડ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

### જયાબેન મોદી

પેજ-૨ પાનાનું ચાલુ

નહી, પરંતુ લાખો દર્દીઓ માટે આશા, વિશ્વાસ અને સંવેદનાનું પ્રતીક બની રહી છે. અત્યાધુનિક સાધનોથી સજ્જ કેન્સર સારવાર, ન્યુરો, ઓર્થોપેડિક, પ્લાસ્ટિક સર્જરી, ડર્મેટોલોજી તેમજ અન્ય વિશેષ સેવાઓ દ્વારા આ હોસ્પિટલે ભરૂચ અને નર્મદા જિલ્લાના જનજીવનમાં આરોગ્યની નવી રોશની પાથરી છે.

ભરૂચ અને નર્મદા જિલ્લાના અનેક કેન્સર દર્દીઓને લાંબી સારવાર માટે ક્યારેક ૨૦–૨૫ દિવસ ટ્રીટમેન્ટ માટે હોસ્પિટલમાં દરરોજ આવવું પડે છે. તેમની પીડા, તેમની મુશ્કેલી અને તેમની જરૂરિયાતને સમજતાં, કેન્સર દર્દીઓ માટે આરામદાયક સમીર કલ્યાણજી વિઠાની કેન્સર કેર અકોમોડેશન સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

### રાજકોટમાં ૧૨૦

છેલ્લા પાનાનું ચાલુ

અંગેની કબુલાત બાદ આ અંગે અમદાવાદ તેમજ રાજકોટ ક્રાઈમ બ્રાંચ દ્વારા ફરાર આરોપીને શોધવા માટે સુરત ક્રાઈમ બ્રાંચની પણ મદદ લીધી હોવાનું વિશ્વસનીય સુત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે. સુરતમાં છુપાયેલા આરોપી પાસે બાકીનું ૮૦ કિલો ચાંદી હોવાનું પણ અમદાવાદમાં પકડાયેલા આરોપીએ કબુલ્યું હતું.

### કોવિડની સારવારનો

ડોક્ટર જ લઈ શકે. ગ્રાહક કમિશને આ દલીલ ગ્રાહ્ય રાખી ઠેરવ્યું કે ડોક્ટરની સલાહ મુજબ સારવાર લીધી હોય ત્યારે ક્લેઈમ નકારવો તે સેવામાં ખામી છે. અદાલતે વીમા કંપનીને રૂ. ૧,૦૦,૧૧૩ વાર્ષિક ૯% વ્યાજ સાથે અને અરજી ખર્ચના રૂ. ૫,૦૦૦ ચૂકવવા હુકમ કર્યો છે.

### વરાછા એ ઝોન

ઝોન ના અલગ અલગ વોર્ડ ની ૧૦૦ થી વધુ મિલકતોને અત્રે ના વિભાગ દ્વારા સીલ કરવાની કાર્યવાહી હાથ ધરેલ, જે કાર્યવાહી દરમિયાન અંદાજીત ૮૦ થી ૯૦ જેટલા મિલકતદારો દ્વારા સ્થળ પર રૂ. ૩.૫૬ કરોડ જેટલી રકમ તથા એડવાન્સ ચેક ની પણ વસુલાત પણ થયેલ છે. વરાછા ઝોન-એ નાં આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સતત વસુલાત ઝુંબેશ કરી કડક કાર્યવાહી હાથ ધરતા વરાછા ઝોન-એ ખાતે ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન આજરોજ અંદાજીત રૂ.૫૬.૭૬ લાખ તથા આજદિન સુધી રૂ.૨૧૯.૮૭ કરોડ વસુલાત કરતા કુલ ૬૭.૫૯ ટકાની વસુલાત કરી વેરા વસુલાતમાં પ્રથમ ક્રમાંકે રહેલ છે. જે ગત નાણાકીય વર્ષની કુલ રૂ.૨૧૨.૩૧ કરોડની વસુલાત પાર કરી ગત નાણાકીય વર્ષની કુલ વસુલાત કરતા રૂ.૭.૫૬ કરોડ ની વધુ વસુલાત થયેલ છે. વધુમાં આગામી દિવસોમાં જે મિલકત વેરો/વ્યવસાય વેરો ભરપાઈ કરવાનો બાકી છે તેવી રેસીડેન્સ તેમજ કોમર્શિયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતાં કરદાતાની મિલકતોને ટાંચમાં લઇ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે તથા રેસીડન્સ વિસ્તારમાં બાકીદારોની મિલકતોમાં નળ કનેક્શન તેમજ ડ્રેનેજ કનેક્શન કાપવાની ઝુબેંશ પણ કરવામાં આવનાર છે.જેથી જે કરદાતાઓનો મિલકતવેરો બાકી છે તેમણે ઓનલાઈન માધ્યમથી તેમજ ઝોન ઓફીસ તથા સિવિક સેન્ટરનો સંપર્ક કરી તાકીદે વેરો ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૦૯ ફેબ્રુઆરી ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# કતારગામ ટીપી વિવાદમાં મુખ્યમંત્રીએ મેયર અને સ્થાયી સમિતિ ચેરમેનને તેડાવ્યાં

## કતારગામ ટીપી ૪૯,૫૦ અને ૫૧ના વિરોધમાં ચાલતા જનઆંદોલનનો ગાંધીનગરમાં પડઘો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

કતારગામ ઝોનમાં જૂની સોસાયટીના મકાનો, વાડી અને કોમન પ્લોટ પર રિઝર્વેશન મુકી દેવાતા ઉદભવેલો વિવાદ છેક ગાંધીનગર પહોંચ્યો છે. ૩ ટીપી સ્કીમ મુદ્દે મેયર, સ્થાયી સમિતિ અધ્યક્ષે ગાંધીનગરથી તેડૂ આપ્યું છે. કતારગામ ટીપી સ્કીમ વિવાદ હવે મુખ્યમંત્રીના દરબારમાં પહોંચ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ મુદ્દે સુરતના મેયર અને સ્થાયી સમિતિના અધ્યક્ષને તાકીદે ગાંધીનગર બોલાવવામાં આવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ કતારગામ વિસ્તારમાં આવેલી ત્રણ મુખ્ય ટીપી સ્કીમો (TP 49, ૫૦ અને ૫૧) માં રિઝર્વેશનને લઈને ચાલી રહેલો વિવાદ હવે મુખ્યમંત્રીના દરબારમાં પહોંચ્યો છે. આગામી મહાનગરપાલિકાની ચૂંટણીઓને ધ્યાને રાખીને સરકાર આ પેચીદા પ્રશ્નનો વહેલી તકે ઉકેલ લાવવા માંગતી હોય તેવું જણાઈ રહ્યું છે. આ અંગે સુરતના મેયર અને સ્થાયી સમિતિના અધ્યક્ષને તાકીદે ગાંધીનગર બોલાવવામાં આવ્યા છે.

કતારગામ ઝોનમાં મંજૂર થયેલી પ્રિલિમનરી ટીપી સ્કીમ નંબર ૪૯, ૫૦ અને ૫૧ માં અનેક વિસંગતતાઓ હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે. વર્ષો જૂની સોસાયટીઓના મકાનો, વાડીઓ અને સીઓપી (COP) પર રિઝર્વેશન મૂકી દેવામાં આવ્યું છે. રિઝર્વેશનના કારણે સ્થાનિક રહીશો પોતાની મહેનતની કમાણીથી બનાવેલા મકાનો ગુમાવે તેવી ભીતિ સર્જાઈ છે. છેલ્લા ઘણા સમયથી પ્રભાવિત લોકો રિઝર્વેશન ઉઠાવવાની માંગ સાથે વિવિધ સ્તરે રજૂઆતો કરી રહ્યા હતા, પરંતુ કોઈ ઠોસ કાર્યવાહી કરવામાં આવી ન હતી.બેઠક દરમિયાન હર્ષ સંઘવીએ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને પદાધિકારીઓ સામે લાલ આંખ કરી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કોઈ પણ મનપાની નાની-મોટી ફરિયાદ છેક ગાંધીનગર સુધી પહોંચવી જોઈએ નહીં, તેનો ઉકેલ સ્થાનિક સ્તરે જ આવવો જોઈએ.છતાં પણ કતારગામની ફરિયાદો સરકાર સુધી પહોંચતા તેમણે "શેઠની શીખામણ ઝાંપા સુધી" કહેવત ટાંકીને તંત્રની શિથિલતા પર પ્રહારો કર્યા હતા.તાજેતરમાં જ કતારગામ દરવાજાથી પાલિકાની મુખ્ય કચેરી સુધી વિશાળ પદયાત્રા કાઢીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ આંદોલનની તીવ્રતા એટલી હતી કે તેના પડઘા છેક દિલ્હી સુધી પહોંચ્યા હતા.

# અમરોલી ગણેશ વિસર્જન યાત્રામાં ડબલ મર્ડર કેસમાં ત્રણ આરોપીને દોષિત ઠરાવતી કોર્ટ

## વર્ષ ૨૦૨૬માં છોકરીની મશ્કરી કરવા બાબતે બે મિત્રોની કરપીણ હત્યા કરી દેવામાં આવી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

વર્ષ ૨૦૧૬માં અમરોલી ખાતે ગણેશ વિસર્જન યાત્રામાં છોકરીઓની મશ્કરી નહી કરવા બાબતે આપેલા ઠપકાની અદાવત રાખી બે મિત્રોને મોતને ઘાટ ઉતારવાના કેસમાં સુરત કોર્ટે ૩ આરોપીને કસુરવાર ઠેરવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. આ કેસમાં સરકાર તરફે એપીપી દિગંત તેવારે દલીલો કરી હતી. વર્ષ ૨૦૧૬માં અમરોલી પંચવટી સોસાયટીના રહીશોએ સોસાયટીમાં ગણપતિની સ્થાપના કરી હતી. ગણેશ વિસર્જનના દિવસે પંચવટી સોસાયટીના છોકરા-છોકરીઓ કોસાડ ફાયર સ્ટેશન પાસે કૃત્રિમ તળાવમાં ગણપતિ વિસર્જન કરવા નિકળ્યા હતા. તેમની ગણપતિ વિસર્જન યાત્રા ભગુનગર ટાંકી પાસે પહોંચી હતી. ત્યારે સોસાયટીના છોકરા છોકરીઓ ગરબા રમી રહ્યા હતા. તે સમયે પાછળ મધુવન સોસાયટીના બજરંગ ગૃપનું અન્ય એક ગણપતિનું મંડળ પણ નાચી રહ્યું હતું. આ બજરંગ ગૃપના છોકરાઓએ ગરબા રમી રહેલી છોકરીઓની મશ્કરી કરી હતી. જેથી પંચવટી સોસા.ના છોકરાઓ પ્રમોદ ઉર્ફે રવી, રાહુલ, કેવલ સોની અને ઉર્વેશ રાઠોડે મશ્કરી કરી રહેલા બજરંગ ગૃપના છોકરાઓને તેમનો ગણપતિ આગળ લેવા માટે કહ્યું હતું. જેથી બજરંગ ગૃપના છોકરાઓએ ઝગડો કર્યો હતો. જે-તે સમયે મામલો શાંત પડી ગયો હતો. દરમિયાન સાંજે પંચવટી સોસાયટીના છોકરા-છોકરીઓ ગણપતિ વિસર્જન કરી પોતપોતાના ઘરે જવા નિકળી ગયા હતા. ત્યારે મિતેશ ઉર્ફે સોની, તેનો નાનો ભાઈ રાહુલ, પ્રમોદ અને રવિ અગ્રવાલ ભગુનગર ચાર રસ્તા પાસે ઉભા હતા. તે સમયે આરોપી પ્રશાંત મિતેશ સોની, રાહુલ, પ્રમોદ અને રવિ પાસે આવીને દાદાગીરી કરી ઝગડો કર્યો હતો. ત્યારબાદ પ્રશાંતના અન્ય મિત્રો પ્રતાપ નાયક અને પ્રતાપ સ્વાંઈ પણ અહી દોડી આવ્યા હતા અને પ્રશાંત, પ્રતાપ નાયક અને પ્રતાપ સ્વાંઈએ એકબીજાની મદદગારીથી જીતેશ ઉર્ફે રાહુલ અને પ્રમોદ ઉર્ફે રવિ ઉપર ચપ્પુથી જીવલેણ હુમલો કરી બંનેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. અમરોલી પોલીસે પ્રશાંત, પ્રતાપ નાયક અને પ્રતાપ સ્વાંઈ વિરૂદ્ધ બેવડી હત્યા સહિતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી હતી. સરકાર તરફે સિનિયર સરકારી વકીલ દિગંત તેવારે કાયદાની જોગવાઈ મુજબ મહત્તમ સજા કરવા દલીલો કરી હતી. કોર્ટે આ કેસમાં ૩ આરોપીને કસુરવાર ઠેરવ્યા હતા.

# પરિણીતા સાથે દુષ્કૃત્ય કેસમાં આરોપીનો શંકાના લાભથી છૂટકારો

## ફરિયાદ પક્ષ આરોપ પુરવાર કરવામાં નિષ્ફળ જતા કોર્ટે યુવકને છોડી દીધો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

વેસુ ખાતે પડોશમાં રહેતી પરિણીતાએ લગાવેલા દુષ્કર્મના આરોપ કોર્ટમાં સાબિત કરવામાં નિષ્ફળ જતા યુવકને કોર્ટે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુક્યો હતો. બચાવ પક્ષે વકીલ રહીમ શેખે કરેલી દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી હતી.

વેસુ ખાતે રહેતા યુવક સામે પડોશમાં રહેતી પરિણીતાએ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપ લગાવ્યો હતો કે ગત. ૨૫,૫,૨૦૨૩ના રોજ વહેલી સવારે આરોપી યુવક ઘરે આવી પરિણીતા સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધ્યા હતા. ત્યારબાદ પણ ગત તા.૮.૬.૨૦૨૩ના રોજ ૫ વાગે સવારે આરોપી યુવકે પરિણીતાના ઘરે આવી તેણીની સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યા હતા. વેસુ પોલીસે પરીણીતાની ફરિયાદના આધારે આરોપી યુવક સામે બળાત્કારનો ગુનો નોંધ્યો હતો. આ કેસની ન્યાયિક કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી હતી. બચાવ પક્ષે વકીલ રહીમ શેખે દલીલો અને ઊલટતપાસ લીધી હતી. ફરિયાદ પક્ષ આરોપ સાબીત કરવામાં નિષ્ફળ ગયો હતો. કોર્ટે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કરતો હુકમ કર્યો હતો.

# ડીવાયએસપીના પુત્રની કાર અડફેટે મોતને ભેટેલા યુવકના પરિવારને રૂ.૧.૩૦ કરોડ વળતર ચુકવવા અદાલતનો હુકમ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

વર્ષ ૨૦૧૬માં ડુમસ રોડ પર ડીવાયએસપીના પુત્ર દ્વારા બેફામ રીતે રોંગ સાઈડમાં કાર હંકારી એક યુવકને અડફેટે લેતા યુવકનું મૃત્યુ થવાના માર્ગ અકસ્માત મોતના કેસમાં એમ.એ.સી.ટ્રીબ્યુનલના ચેરમેન રાહુલ અરૂણકુમાર ત્રિવેદી સાહેબે મૃતકના માતા-પિતાને રૂ.૧.૩૦ કરોડ વળતર ચુકવવા હુકમ કર્યો હતો.

આ કેસની વિગત અનુસાર મુંજાલ ગાંડાભાઈ દેસાઈ ગઈ તા.૨૯-૧-૨૦૧૬ના રોજ સાંજના સમયે મહીન્દ્રા કેયુવી-૧૦૦ કાર (ટેમ્પરરી રજીસ્ટ્રેશન નં.જીજે.૫.ટી.સી.૧૪૪) ઓવર સ્પીડમાં રોંગ સાઈડમાં હંકરી જતા હતા. દરમિયાન રાહુલ રાજ મોલ પાસેથી બાઈક પર જઈ રહેલા મોટર સાયકલ સવાર આશિષ શશીકાંત મિસ્ત્રીને પાછળથી ટક્કર મારી હતી. કારની અડફેટે રસ્તા પર ફંગોળાયેલા આશિષને માથામાં તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. તેને સારવાર માટે શહેરની સનસાઈન હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાંથી વધુ સારવાર માટે વડોદરા લઈ જવાતા જ્યાં સારવાર દરમિયાન ગઈ તા.૫-૬-૨૦૧૭ના રોજ આશિષનું મોત થયું હતું.

મૃતક મહીન્દ્રા હોલીડેઝમાં કન્સલ્ટન્ટ હતો. મૃતકના પિતા શશીકાંતભાઈ અને માતા પુષ્પાબેને માર્ગ અકસ્માત વળતરના કેસો લડતા એડવોકેટ ટ્વીંકલ પટેલ મારફતે મોટર એક્સીડન્ટ ક્લેઈમ ટ્રીબ્યુનલ (મેઈન) સુરતની કોર્ટમાં અકસ્માત વળતર મેળવવા કેસ કર્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતા કોર્ટે એડવોકેટ ટ્વીંકલ પટેલે રજુ કરેલા પુરાવા અને દલીલોને ગ્રાહ્ય રાખીને મૃતકના પરિવારને રૂ.૧.૩૦ કરોડ વળતર ચુકવવા વીમા કંપનીને આદેશ કર્યો હતો.

### પંચનામું કરવા માટે પોલીસે ત્રણ મહિના ધક્કા ખવડાવ્યાં

એડવોકેટ ટ્વીંકલ પટેલે જણાવ્યું હતું કે, આ કેસના મુળ ફરીયાદી તરફે તપાસ કરનાર પોલીસ અધિકારી સામે અરજીઓ તેમજ કોર્ટમાં ક્રિમીનલ એપ્લીકેશનો દાખલ કરાયા બાદ ઉમરા પોલીસે અકસ્માત સર્જનાર કારના ડ્રાઈવર મુંજાલ દેસાઈ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. જોકે પંચનામું કરવામાં ત્રણ મહિનાનો સમય કાઢી નાંખ્યો હતો. કોર્ટમાં ફરીયાદો થતાં પોલીસે પંચનામું કરવાની ફરજ પડી હતી. ત્રણ મહિના સુધી વકીલો તેમજ પરિવારજનોને પણ ધક્કા ખવડાવ્યા હતા.

### ચાર્જશીટમાં કારને બદલે અજાણ્યા વાહનનો ઉલ્લેખ

ચાર્જશીટમાં કારની બદલે અજાણ્યુ વાહન તેવો ઉલ્લેખ કરાતા ચીફ કોર્ટમાં અરજી કરાયા બાદ કાર કબ્જે લેવાઈ હતી ઉમરા પોલીસ દ્વારા ગુનો બન્યો તેના બીજા જ દિવસે ફરીયાદ તો નોંધી દીધી હતી. પરંતુ કારનો કોઈ ઉલ્લેખ કરાયો ન હતો. કાર કબ્જે લેવા અને પંચનામા બાબતે વકીલ સહિત પરિવારજનોએ ધક્કાખાવા પડ્યા હતા. છેક ત્રણ મહિને ચીફ કોર્ટમાં કરાયેલી અરજી બાદ કોર્ટના આદેશથી પોલીસે પંચનામું કરી કારને કબ્જે લીધી હતી.

# રાજકોટમાં ૧૨૦ કિલો ચાંદીની ચોરી અંગે આરોપીઓની સુરતમાં તપાસ

## પાંચ ચોર પૈકીનો એક અમદાવાદમાં ઝડપાયો : ચાર સુરતમાં છુપાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

રાજકોટનાં એક જ્વેલર્સને ત્યાં થયેલી ૧૨૦ કિલો ચાંદીના ઘરેણાની ચોરીના પ્રકરણમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ગીતા મંદિર બસ સ્ટેન્ડ પાસેથી એક આરોપીને ઝડપી પાડ્યો હોય તેની પાસેથી ૪૦ કિલો ચાંદી કબ્જે લેવાયું હતું. પકડાયેલા આરોપીએ આ પ્રકરણમાં કુલ ૪ જણાની સંડોવણી હોવાની કબુલાત કરવા ઉપરાંત એક આરોપી જેનું નામ કમલેશ પ્રજાપતિ છે તે સુરતમાં છુપાયો હોવાની અને તેની પાસે બાકીનું ૮૦ કિલો ચાંદી હોવાની કબુલાત કરતા રાજકોટ ક્રાઈમ બ્રાંચે સુરત ક્રાઈમ બ્રાંચનો પણ સંપર્ક કરી આ બાબતે તપાસ આગળ વધારી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

આ અંગે જાણવા મળતી વિગત અનુસાર રાજકોટમાંથી તાજેતરમાં જ એક જ્વેલર્સને ત્યાંથી ૧૨૦ કિલો ચાંદીના ઘરેણાની ચોરી થઈ હતી. આ મામલે રાજકોટ ક્રાઈમ બ્રાંચ તપાસમાં લાગી છે ત્યારે ગઈકાલે અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ગીતામંદિર બસ સ્ટેન્ડ પાસેથી ચોરીના ૪૦ કિલો ચાંદી સાથે એક આરોપીને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપીએ અમદાવાદ ક્રાઈમ બ્રાંચ સમક્ષ કબુલાત કરી હતી કે કુલ ૪ આરોપી આ ચોરીમાં સંડોવાયેલા છે. ચાર પૈકી એક આરોપી સુરતમાં છુપાયેલો છે. કમલેશ પ્રજાપતિ નામના આરોપી

અનુસંધાન પાના ૭ પર



‘સર’ પ્રક્રિયા અંતર્ગત મતદાર યાદીમાંથી નામો કમી કરાવી હોવાની ઢગલાબંધ વાંધા અરજીઓ ચૂંટણીપંચ સમક્ષ રજુ કરી હજારો મતદારોના નામ કાઢી દેવાના ષડયંત્રના આક્ષેપ સાથે સુરત શહેર કોંગ્રેસ દ્વારા આજે કલેક્ટર કચેરી સમક્ષ વિરોધ પ્રદર્શન કરી ખોટી વાંધા અરજીઓ રજુ કરનાર વિરૂદ્ધ કાયદેસરના પગલા ભરવા માગણી રજુ કરવામાં આવી હતી. (તસવીર : હનીફ મલેક)

# રૂપિયા ૨૫૦૦ કરોડના જીએસટી કૌભાંડમાં ધ્રુવ શાહને જામીન મળ્યાં

## આરોપી ધ્રુવ શાહના જામીન મંજૂર કરતી હાઈકોર્ટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

સુરત DGGI વિભાગ દ્વારા નોંધાયેલા અંદાજે ૨૫૦૦ કરોડથી વધુના બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ કૌભાંડમાં ધ્રુવ કૌશિક શાહને ગુજરાત હાઈકોર્ટે જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો.

આ કેસમાં DGGI એ ૧૦૦૦થી વધુ પેઢીઓ અને મોબાઈલ ડેટાના આધારે ધ્રુવ શાહની ધરપકડ કરી હતી. આરોપી તરફે વકીલ વિરલ એસ. ચલીઆવાલા, માયા એ. ખોખર અને યશ એન. નાણાવટીએ દલીલ કરી હતી કે, આરોપી માત્ર ઓનલાઈન પોર્ટલ પર રિટર્ન ફાઈલ કરવાનું કામ કરતા હતા અને તેઓને માત્ર તેનું મહેનતાણું મળતું હતું, કોઈ આર્થિક લાભ મેળવ્યો નથી. હાઈકોર્ટે આરોપીને જામીન મુક્ત કરતો હુકમ કર્યો હતો.

# કોવિડની સારવારનો ક્લેઈમ નકારનાર વીમા કંપનીને ગ્રાહક અદાલતની ફટકાર

## વીમાદારને વ્યાજ સહિત વીમા ક્લેઈમની રકમ ચૂકવી દેવા કોર્ટનો આદેશ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૯**

કોવિડ-૧૯ દરમિયાન સારવાર લેનાર દર્દીનો ક્લેઈમ માત્ર એ કારણસર નકારી શકાય નહી કે તેમનું ઓક્સિજન લેવલ (SPO2) સામાન્ય હતું. સુરત ગ્રાહક કોર્ટે સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્સ્યુરન્સ કંપનીને વ્યાજ સાથે ક્લેઈમ ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

શહેરના નિલેશ સુથાર એપ્રિલ-૨૦૨૧માં કોવિડ પોઝિટિવ થતા ડોક્ટરની સલાહ મુજબ હોસ્પિટલમાં ૬ દિવસ દાખલ થયા હતા. સારવારનો ખર્ચ રૂ. ૧,૦૦,૧૧૬ થયો હતો. જોકે વીમા કંપનીએ ક્લેઈમ નામંજૂર કરી કારણ જણાવ્યું કે કે દર્દીનું ઓક્સિજન લેવલ ૯૫% થી ૯૮% હોવાથી તેમને હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નહોતી. જેથી નિલેશ સુથારે વીમા કંપની વિરૂદ્ધ ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી.

ફરિયાદીના સિનિયર એડવોકેટ શ્રેયસ દેસાઈ, પ્રાચી દેસાઈ અને ઈશાન દેસાઈએ દલીલ કરી હતી કે દર્દીને દાખલ કરવા કે નહી તે નિર્ણય માત્ર ટ્રીટિંગ

અનુસંધાન પાના ૭ પર

# ‘સર’ની આડમાં દેશની જનતાને મતાધિકારથી વંચિત રાખવાનું ષડયંત્ર

## મતદારોના નામ કમી કરવા ફોર્મ ભરનાર કસુરવારોને જેલમાં મોકલવા કોંગ્રેસની માગ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૭**

સ્પેશિયલ ઈન્સેન્ટિવ રિવિઝન (SIR) હેઠળ ચાલી રહેલી પ્રક્રિયા દરમિયાન મતાધિકાર છિનવવાનું ષડયંત્ર રચનાર તત્વો સામે લોક પ્રતિનિધિત્વની ધારા હેઠળ કાર્યવાહી કરવા સુરત શહેર કોંગ્રેસ દ્વારા માગ કરવામાં આવી છે. આ મુદ્દે કોંગ્રેસના આગેવાનોએ હલ્લાબોલ કાર્યક્રમ આપીને ચૂંટણી શાખાને જગાડવાનો પ્રયત્ન કર્યો હતો.

ભારતની લોકશાહીને કમઝોર બનાવવાના ઉદ્દેશથી ભરવામાં આવેલા ફોર્મમાં મોટેભાગે જે-તે સ્થળે વસવાટ કરતાં તેમજ હયાત મતદાતાઓના નામ કમી કરવા પ્રયત્ન કરવામાં આવેલ છે જેનાથી મતદાર તેના મતાધિકારથી વંચિત રહી જાય અને એક ચોક્કસ રાજકીય પાર્ટીને લાભ મળી શકે.

તંદુરસ્ત લોકશાહી પ્રણાલીમાં મતદાતાને તેના મતાધિકારથી વંચિત રાખવાનો પ્રયત્ન કરનાર લોકશાહીના હિતશત્રુઓએ કોઈપણ પ્રકારના પુરાવા વિના ફોર્મ-૭નો દુરૂપયોગ કર્યો છે જેની કોંગ્રેસ પાર્ટી નિંદા કરે છે.

લોકશાહી પ્રણાલિકાને જીવંત રાખવાની આપણા સૌની ફરજ છે એટલે જાગૃત અને સક્ષમ વિરોધ પક્ષ તરીકે દરેક મતદાતા સાથે કોંગ્રેસ અડીખમ રીતે ઉભી છે. આવા ફોર્મ ભરનાર તમામ વિરૂદ્ધ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૦ની કલમ ૩૧ હેઠળ કાર્યવાહી કરવામાં આવે જેમાં ખોટું નિવેદન આપનારને ૧ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ છે. જેથી કોંગ્રેસ દ્વારા થયેલી માંગણીનો ત્વરિત અમલ કરીને યોગ્ય દાખલો બેસાડવામાં આવે જેનાથી ભવિષ્યમાં આ પ્રકારની ચેષ્ટા ન થઈ શકે અને ભારતની લોકશાહી સતત ધબકતી રહે.

### વાંધા પરત લેનારને પણ છોડવામાં ન આવે : કોંગ્રેસ

ડ્રાફ્ટ યાદી પ્રસિદ્ધ થયા બાદ ભારતીય જનતા પાર્ટીના આગેવાનો દ્વારા ફોર્મ-૭ રજૂ કરવામાં આવ્યા હતા પરંતુ જાગૃત મુખ્ય વિપક્ષ કોંગ્રેસ દ્વારા ભાજપની પોલ પકડી પાડવામાં આવ્યા બાદ કેટલાંક વરસાદી દેડકાંઓને ફરિયાદ પરત ખેંચવાની ફરજ પડી હતી. આવા તત્વોએ દંડાત્મક સજાના ડરથી વાંધા પરત ખેંચ્યા હતા પરંતુ જે-તે સમયે વાંધા રજુ કર્યા ત્યારે પણ તેમને જ્ઞાન હતો કે તે ખોટી ફરિયાદ કરી રહ્યાં છે એટલે ખોટી રીતે ફોર્મ-૭ ભરનાર એકપણ શખ્સને બખ્શવામાં ન આવે એવી માંગણી કોંગ્રેસ દ્વારા દોહરાવવામાં આવી હતી.

**પશ્ચિમ રેલવે**

**સરફેસ ડિફેક્ટ ડિટેકશનનું કામ**

ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ રીપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, એન.એમ.જોશી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩તરફથીઈ- ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડરનોટીસ નં. : WR-PL-ME-EST-702892 Date: 02.02.2026 કામનું નામ અને સ્થળ :ઈસીએ (એડી કરન્ટ આરે) પધ્ધતિથી એલએચબી વ્હીલ સેટનું સરફેસ ડિફેક્ટ ડિટેકશનનું કામ. જથ્થોઃ ૨૪૦૦૦ વ્હીલ સેટસ. કામની અંદાજિત કિંમત : રૂ.૧,૯૭,૪૬,૨૪૦/- ઈએમડી : રૂ.૨,૪૮,૭૦૦/- રજુકરવાની છેલ્લીતારીખ :૨૪.૦૨.૨૦૨૬ ના રોજ ૧૨.૦૦ કલાક સુધી ખોલવાની તારીખ અને સમય : ૨૪.૦૨.૨૦૨૬ના રોજ ૧૨.૩૦ કલાક. વધુ જાણકારી માટે જુઓ અમારી વેબ સાઈટ : www.ireps.gov.in 1089

અમને ફોલો કરો : X.com/WesternRly

# વરાછા એ ઝોન દ્વારા બાકી વેરો વસુલ કરવા ઝુંબેશ શરૂ

## નાણાકીય વર્ષ દરમિયાન ૨૧૯.૮૭ કરોડની ૬૭.૫૯ ટકા વસુલાત સાથે વરાછા એ ઝોન મોખરે

**સુરત, તા.૯**

સુરત મહાનગરપાલિકા વરાછા ઝોન-એ નાં આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ઝોનના સમાવિષ્ટ વોર્ડ ૧૮ડીના પટેલનગર, માંગીલાલની ચાલ, ભંડારી લેબ્રોન, માનસરોવર ઈન્ડ., સરદાર હીરા ઉદ્યોગ સહ.મંડળ, શિવાંજલી રો હાઉસ, સૌરાષ્ટ્ર ડાયમંડ સોસાયટી, રૂપા એપાર્ટમેન્ટ, અજંતા ડાયમંડ ઈન્ડ., હરી ઈચ્છા ઈન્ડ., ખાંડબઝાર, અભિષેક એપાં.,જેવા વિવિધ વિસ્તાર મા સઘન ઝુંબેશ હાથ ધરી વેરા ભરપાઈ

નહિ કરનારા કરદાતાઓની મિલકતોને સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ, જેમાં ફક્ત આજ રોજ વોર્ડ ૧૮ડીના સ્થળ પર રૂ. ૨૫ લાખ ની વસુલાત તેમજ ૩૦ લાખ થી વધુ રકમ નાં એડવાન્સ ચેક મળેલ છે. તા.૦૧-૦૨-૨૦૨૬ થી ૦૭-૦૨-૨૦૨૬ સુધી

અનુસંધાન પાના ૭ પર

**જાહેર ચેતવણી**



આથી અમો નીચે સહી કરનારાઓ **(૧) પટેલ સાદીક મોહમદ, .તથા (૨) પટેલ બીલ્કીશ સાદીક, રહે. ૩૧૮૫, શાહભાગલ, રાંદેર, સુરત**ના આથી જાહેર જનતાને જાહેર ચેતવણી આપી જણાવુ છું કે, મારા પુત્રી નામે **મુસ્કાન સાદીક પટેલ** કે જે પુખ્ત ઉમરની છે અને તેઓ હમારા કહ્યામાં નથી. અને પોતાની મનમાની કરતા આવેલ હોય તેમજ અમોને માનસીક ત્રાસ આપતા આવેલા હોય,અને પોતાની મરજીથી હમારી મરજી વિરુધ્ધ લગ્ન કરવા માટે ઘરેથી ચાલી ગયેલ છે. જેથી અમોએ તેમની સાથેના તમામ સામાજીક, આર્થીક તેમજ અન્ય તમામ પ્રકારના વ્યવહારો કાપી નાંખેલ છે. અને હમોએ તેઓને હમારી માલ-મીલકતોમાંથી પણ બેદખલ કરેલ છે.જેથી સદરહુ ફોટોમાં જણાતી અમોની પુત્રી સાથે કોઈપણ વ્યકિત, સંસ્થા કે ઈસમોએ કોઈપણ પ્રકારનો નાણાંકીય વ્યવહાર,કે ધંધાકીય વ્યવહાર અમો કે અમોના પરીવાર નામ જોગ કરવો નહીં. જો આવો-કોઈ વ્યવહારો થશે તો તેની અમોની કે અમારા કુટુંબની કોઈ જવાબદારી રહેશે નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**અમારી સૂચનાથી**

૧ સાદીક પટેલ

૨ બિલ્કીશ સાદીક પટેલ

મારી મારફત

**ઝાકીર.એમ.શેખ એડવોકેટ એન્ડ નોટરી**

ઓફિસ : ૧૫૦, રંગઅવધૂત સોસાયટી, વિ-૨, રામનગર, રાંદેર, સુરત, મો.૯૮૭૯૦૮૩૬૮૮

**પશ્ચિમ રેલવે ૧૦ જોડી ખાસ ટ્રેનોની ટ્રીપ લંબાવશે**

| ટ્રેન નં. | થી | સુધી | દોડના દિવસો | સુધી વિસ્તૃત |
|---|---|---|---|---|
| 09207 | બાંદ્રા ટર્મિનસ | ભાવનગર | શુક્ર | 27.03.2026 |
| 09208 | ભાવનગર | બાંદ્રા ટર્મિનસ | ગુરૂ | 26.03.2026 |
| 09415 | બાંદ્રા ટર્મિનસ | ગાંધીધામ | ગુરૂ | 26.03.2026 |
| 09416 | ગાંધીધામ | બાંદ્રા ટર્મિનસ | ગુરૂ | 26.03.2026 |
| 09055 | બાંદ્રા ટર્મિનસ | ઉધના | અઠવાડિયાના ૫ દિવસો સોમ, મંગળ,બુધ, ગુરૂ અને રવિ | 31.03.2026 |
| 09056 | ઉધના | બાંદ્રા ટર્મિનસ | અઠવાડિયાના ૫ દિવસો સોમ, મંગળ,બુધ, શનિ અને રવિ | 31.03.2026 |
| 09037 | બાંદ્રા ટર્મિનસ | ભૂજ | બે-અઠવાડિયે ગુરૂ અને શનિ | 28.03.2026 |
| 09038 | ભૂજ | બાંદ્રા ટર્મિનસ | બે-અઠવાડિયે શુક્ર અને રવિ | 29.03.2026 |
| 09009 | બાંદ્રા ટર્મિનસ | ભૂજ | રવિ | 29.03.2026 |
| 09010 | ભૂજ | બાંદ્રા ટર્મિનસ | સોમ | 30.03.2026 |
| 09011 | બાંદ્રા ટર્મિનસ | ભૂજ | મંગળ | 31.03.2026 |
| 09012 | ભૂજ | બાંદ્રા ટર્મિનસ | બુધ | 25.03.2026 |
| 09017 | બાંદ્રા ટર્મિનસ | વેરાવળ | રવિ | 29.03.2026 |
| 09018 | વેરાવળ | બાંદ્રા ટર્મિનસ | સોમ | 30.03.2026 |
| 09035 | બાંદ્રા ટર્મિનસ | ઉધના | બે અઠવાડિયે શુક્ર અને શનિ | 28.03.2026 |
| 09036 | ઉધના | બાંદ્રા ટર્મિનસ | બે અઠવાડિયે ગુરૂ અને શુક્ર | 27.03.2026 |
| 09561 | બાંદ્રા ટર્મિનસ | ઓખા | બુધ | 25.03.2026 |
| 09562 | ઓખા | બાંદ્રા ટર્મિનસ | મંગળ | 31.03.2026 |
| 09216 | ભાવનગર | ગાંધીધામ | રોજ (અનામત) | 31.03.2026 |
| 09215 | ગાંધીધામ | ભાવનગર | રોજ (અનામત) | 31.03.2026 |

સમય, હોલ્ટ્સ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો મહેરબાની કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકત લઈ શકે છે

ઉપરોક્ત રિઝર્વ્ડ ટ્રેનોની વિસ્તૃત ટ્રિપ્સનું બુકિંગ ૦૮-૦૨-૨૦૨૬થી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

**પશ્ચિમ રેલવે**

wr.indianrailways.gov.in

અમને લાઈક કરો અમને ફોલો કરોઃ facebook.com/WesternRly X.com/WesternRly Instagram.com/WesternRly https://www.youtube.com/@WesternRly https://bit.ly/WesternRailwayOfficial

મહેરબાની કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મુળ ઓળખપત્ર સાથે રાખો.